હવામાનશાસ્ત્રમાં નોબેલ પ્રાઇઝ ?

ફેસબુક, મેટાવર્સ અને ભવિષ્યનું ઇન્ટરનેટ

ભુજમાં કિન્નરોએ કર્યું કેટવોક

૨૭ નવેમ્બર, ૨૦૨૧ abhiyaanmagazine.com ₹ ૨૫-૦૦

અભિયાન

ગોવા ફિલ્મ ફેસ્ટિવલ

સંવત ૨૦૭૮માં અને ત્યાર પછીનાં વર્ષોમાં શું બનશે? વાસ્તવિક વરતારા

VISIT…

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

એન એફ એલ

ખેડૂતનો મિત્ર... દેશનું ગૌરવ



only books magazine

નેશનલ ફર્ટિલાઇઝર્સ લિમિટેડનું નેતૃત્વ સુખી ખેડૂતોના ચહેરા પર સ્મિત લાવવા માટે સતત પ્રયત્નશીલ છે. અમે ગુણવત્તાયુક્ત ખાતર નિયમિતપણે પૂરું પાડીને તેમની સેવા કરી રહ્યાં છીએ. અમારું વધતું જઈ રહેલું ટર્નઓવર (વ્યાપાર) અને વિસ્તરેલી ઉત્પાદન શ્રેણી અમારા આ દૃષ્ટિકોણથી પ્રેરિત છે કે, દરેક ખેડૂત સુખી હોવો જોઇએ. આખરે ખેડૂતોની પ્રગતિ એ જ દેશની સમૃદ્ધિની ચાવી છે.

યુરિયા । ડીએપી । એમઓપી । એનપીકેએસ । એપીએસ

બાયો-ફર્ટિલાઇઝર્સ । બન્ટોનાઇટ સલ્ફર । સીડ્સ

કમ્પોસ્ટ । એગ્રો કેમિકલ્સ । ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ

एन एफ एल
NFL

નેશનલ ફર્ટિલાઇઝર્સ લિમિટેડ

(ભારત સરકારનું સાહસ)

કૉર્પોરેટ ઑફિસ: એ-11, સેક્ટર-24, નોઇડા-201301 (ઉ.પ્ર.)

વેબસાઇટ: www.nationalfertilizers.com | CIN-L74899DL1974GOI007417

SINCE 1966

GULAB

OILS

YOUR TRUSTED

100% Natural Gulab Groundnut Oil

only books magazine

/gulaboilsindia

Available at: shopgulab.com +91 99251 25251

જબાનનો સેતુ



એક સુખી શ્રીમંત ગૃહસ્થ. એમણે વાતવાતમાં કહ્યું કે મેં મારા પુત્રને સ્પષ્ટ કહી દીધું છે. મેં કહી દીધું છે કે મને તું અગ્નિદાહ ના આપતો! તું મને અગ્નિદાહ આપીશ તો મારો જીવ જરૂર અવગતિએ જશે!

આપણે માની શકીએ કે પિતાના મનમાં એમના એકના એક પુત્ર સંબંધે કાંઇક પૂર્વગ્રહ કે કડવાશ હશે, પરંતુ એવી લાગણી પણ પોતાના મૃત્યુ પછીની શિક્ષા સંભળાવે તે તો ખોટું જ છે. એવા ઘણાબધા માનવીઓ આપણને મળે છે જે પિતાના મૃત્યુ પછી પસ્તાવાની સાચી લાગણી વ્યક્ત કરે છે. આવા એક પ્રૌઢ માનવીનાં માતા બીમાર હતાં. એક દિવસ મોડી રાત્રે માતાએ પુત્રને સાદ પાડ્યો અને કશુંક આપવાની વાત કરી. પુત્ર ભરઊંઘમાંથી જાગ્યો હતો એટલે એણે ગુસ્સે થઈને માતાને કહ્યું : 'બા, અત્યારે રાત્રિના ત્રણ વાગ્યા છે. તમે બીજા ત્રણ કલાક રાહ જોઈ શક્યાં ના હોત? હું આખો દહાડો મારા કામકાજમાં દોડધામ કરીને થાકી ગયો હોઉં છું. મારે પૂરતી ઊંઘ તો લેવી પડે કે નહીં? આવા કસમયે તમે મને ખાસ કોઈ વજૂદવાળા કારણ વિના જગાડ્યો! હવે મને ઊંઘ ક્યાંથી આવવાની?'

માતાએ દુભાઈને કહ્યું : 'ભાઈ, હવે ફરી કદી હું તારી ઊંઘમાં ખલેલ નહીં પાડું!'

વહેલી સવારે એ માતાનું અવસાન થયું અને પુત્રના અફસોસનો પાર ના રહ્યો. એને એમ જ થયું કે મારા વર્તનના કારણે મારી માતાને આઘાતની લાગણી થઈ અને એ આ સંસારમાંથી ચાલી ગઈ. હકીકતે એવું તો નહીં જ હોય કેમ કે મૃત્યુ તો કોઈ પણ વ્યક્તિનું નિશ્ચિત જ હોય છે અને એ એની નિયતિ હોય છે, પણ પુત્રને એ ખટકો રહી ગયો - વારંવાર પસ્તાવાની લાગણી હૃદયમાં ઊભરાયા કરતી.

પિતા-પુત્ર, માતા-પુત્ર, બે ભાઈઓ કે બહેનો, પતિ અને પત્ની કોઈ પણ સંબંધમાં કોઈ ને કોઈ પ્રસંગે કડવાશની કે પૂર્વગ્રહની એક લાગણી પેદા થઈ શકે છે, પણ એ લાગણી છેવટે તો સ્નેહના જળમાં ડુબાડી દેવી પડે છે. બીજું કાંઇ નહીં તો પણ એ અણગમા કે કડવાશનું ખાતું મૃત્યુ પછીના હિસાબમાં કદાપિ નાખી ના શકાય. જે પિતાએ પુત્રને મૃત્યુ પછી તેમને અગ્નિદાહ દેવાની મનાઈ ફરમાવી એ પિતાએ પોતાના વહાલા પુત્રને જીવતેજીવ ડામ દીધો.

only books magazine

કેટલાય લોકો આવેશમાં ગમે તેમ બોલીને પછી પોતાના બચાવમાં કહે છે કે ભાઈ, માણસની જીભમાં ભગવાને હાડકું નથી મૂક્યું! એટલે એ તો ગમે ત્યારે ગમે તે બોલી નાખે! એની ઉપર આપણો કાબૂ નથી હોતો! પણ આ તર્ક ખોટો જ છે. જીભને આપણે જેમ વાળીએ તેમ વળી શકે છે. જીભ સ્વાદને પારખે છે. ખાવાની ચીજોનો સ્વાદ પારખી શકનારી માણસની જીભે શબ્દોનો-વાણીનો સ્વાદ પારખવાની શક્તિ કેળવવી પડે છે. કેટલાક વળી કહેશે કે ભાઈ, માણસની જબાન તો અસવાર વગરના અશ્વની જેવી છે! જે જબાન પર તમે અસવારની ભૂમિકા ના નિભાવતા હો એ જબાન તોફાની અશ્વ જેમ તમને ગમે ત્યાં ઘસડી જવાની કે ક્યારેક તમને કાંટાળા ઝાડની વચ્ચે કે ઊંડા પાણીમાં પણ ઘસડી જાય. એક હકીકત તો સૌ કોઈ સ્વીકારશે કે આપણે આપણા હાથ કે પગ ગમે ત્યાં ઉછાળતા નથી અને એ જ રીતે આપણા આંખ અને કાનની પણ બરાબર રક્ષા કરીએ જ છીએ. આપણે આપણી જબાનને બે દાંત વચ્ચે ક્યારેક ચગદી બેસીએ છીએ ત્યારે ચિત્કાર કર્યા વિના રહી શકતા નથી. આપણે આપણી જબાનનું રક્ષણ વગર વિચાર્યે જબાન પર આવી ગયેલા શબ્દોથી પણ કરવું અનિવાર્ય છે. કશો વિચાર કર્યા વગર બોલેલા શબ્દોની ઘણી મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે.

સૌ જાણે છે કે ભારતના પ્રથમ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુએ લંડનની એક હોટેલના કર્મચારીને એવું કશું કહ્યું હતું કે મહંમદઅલી ઝીણા આજકાલમાં જ અહીં આવવા જોઈએ! અમે તેમને ભારતમાંથી બિસ્તરાપોટલાં બંધાવી દીધા છે. હોટેલના કર્મચારીએ ઝીણા આવ્યા ત્યારે નહેરુજીની એ વાત કરી. એની શું અસર પડી? મહંમદઅલી ઝીણાએ બિસ્તરાપોટલાં એ હોટેલમાં છોડ્યા પણ નહીં અને તરત ભારત પાછા ફર્યા અને અલગ પાકિસ્તાનની માગણી ઝનૂનપૂર્વક આગળ કરી. એ વાત સાચી છે કે બ્રિટિશ સત્તાવાળાઓ ભારતમાં પોતાનું શાસન ટકાવી રાખી હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે સતત ગેરસમજ અને પૂર્વગ્રહો વધે તેવી કોશિશ કરતા જ રહેતા હતા, છતાં જે ઘટનાનો અહીં ઉલ્લેખ કર્યો છે તે તેમાં ચિનગારીરૂપ બની.

આપણે આપણી જબાન માણસ-માણસ વચ્ચે સંવાદ વધે અને સેતુરૂપ બને તે રીતે ઉપયોગમાં લેવી જોઈએ. તે બંધાયેલા જૂના સેતુને તોડી પાડનારી સુરંગ નહીં બનવી જોઈએ. આપણા શબ્દો કોઈ વાર મીઠા અને ઘણી વાર કડવા પણ હોઈ શકે, પણ તે સામી વ્યક્તિ માટે ગુણકારી પુરવાર થાય તેવા બની રહેવા જોઈએ.

(લેખકના પુસ્તકમાંથી)

તમારા માટે, તમારી સાથે, સતત...

અભિયાન

૨૭ નવેમ્બર **૨૦૨૧**
વર્ષ: ૩૭ અંક: ૨૪ સળંગ અંક: ૧૮૫૯

પથદર્શક: સ્વ. ભૂપત વડોદરિયા

તંત્રી : તરુણ દત્તાણી
(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

કોપી એડિટર : હેતલ ભટ્ટ
મુંબઈ : લતિકા સુમન
અમદાવાદ : હેતલ રાવ
ભુજ : સુચિતા બોધાણી કનર

ક્રિએટિવ ડાયરેક્ટર : મૌનક ચાવડા

રજિસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ,
ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭
ફેક્સ : ૨૬૮૭ ૩૯૨૨

મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ,
૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે,
ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

વાચકોના પ્રતિભાવ :
abhiyaan@sambhaav.com

વેબસાઈટ :
www.abhiyaanmagazine.com

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

સર્ક્યુલેશન :
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૬૬૯
circulation@sambhaav.com

Marketing
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

અનુક્રમ

૧૭ સંવત ૨૦૭૮માં અને ત્યાર પછીનાં વર્ષોમાં શું બનશે? વાસ્તવિક વરતારા

કોરોના સંકટ ખરેખર નાસીપાસ કરનારું સંકટ રહ્યું. લોકોને ટેક્નોલોજીના આવિષ્કારો શિખવાની અને સ્વીકારવાની ફરજ પડી અને તે બાબત આશીર્વાદ રૂપ બની. છતાં તમામની ઉંમર અને માનસિક ક્ષમતા નવું કૌશલ્ય પ્રાપ્ત કરી શકે તેવાં હોતાં નથી, પરંતુ આ પ્રકારની ડિજિટલ સ્કિલ વર્તમાન અને ભવિષ્ય માટે મદદરૂપ નીવડશે. માનવી આ કૌશલ્ય મેળવવાનો હતો તેના કરતાં સાત વરસ અગાઉ મેળવી ચૂક્યો. કોરોના સંકટે તેને ફરજ પાડી. તેનાં શુભ પરિણામો ૨૦૭૮માં જોવા મળશે.

૧૫ કેરળ-ચેન્નઇમાં પૂરની વિનાશકતા

૨૬ 'ફિશિંગ કેટ' SOS

૨૮ 'એસઓયુ'માં સંસ્કૃત ભાષામાં મળે છે માહિતી

૩૦ ભુજમાં કિન્નરોએ કર્યું કેટવોક

૩૨ દુનિયાના સર્ટિફિકેટનો મોહ નહીં રાખવાનો

કેમેરા ઝૂમ

૩૭ કામ અને સન્માન ઉંમરના મોહતાજ નથી હોતા

નિયમિત કોલમ

૦૪ પંચામૃત
૪૧ વિઝા
૪૨ ભાવી
૪૩ લઘુ-નવલ

only books magazine

ચીનને મર્યાદામાં રાખવાના ઉપાયો કોણ કરશે?

ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીની તાજેતરમાં યોજાઈ ગયેલી બેઠકમાં ચીનના રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ આજીવન આ હોદ્દા પર રહેશે તેવો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી ચીનમાં કોઈ પણ રાષ્ટ્રપતિ ત્રણ વર્ષની વધુમાં વધુ બે મુદત સુધી રાષ્ટ્રપતિ રહી શકે તેવો નિયમ હતો. ઝિનપિંગે આ મર્યાદા દૂર કરાવીને પોતે ધારે ત્યાં સુધી આ સર્વોચ્ચ પદ પર રહી શકે તેવો સુધારો કરાવ્યો છે. ઝિનપિંગ વધુ શક્તિશાળી થતાં વિશ્વના દેશોએ સાવધ બનવાનો સમય છે. ચીનની વિસ્તારવાદી નીતિથી કોઈ અપરિચિત નથી. એક અહેવાલ પ્રમાણે અને ૨૦૨૫ સુધીમાં તાઈવાન કબજે કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે અને ૨૦૪૦ સુધીમાં અરુણાચલ પ્રદેશ કબજે કરવાનું લક્ષ્ય છે. એટલે ભારતે પણ ચીનના પડકારને પહોંચી વળવા અત્યારથી તૈયારી કરવી જોઈએ. અરુણાચલ પ્રદેશની સરહદે ચીને નવા ગામ નિર્માણ કર્યા છે. એ ચીનની ભાવિ વ્યૂહરચનાના ભાગ રૂપ હોવાનું માની શકાય. જે સ્થળ પર આ ગામ વસાવવામાં આવ્યું છે એ જમીન એક સમયે ભારતની હતી. ૧૯૫૦ના દાયકાનાં આખરી વર્ષોમાં ચીને તેના પર કબજો જમાવી દીધો.

અમેરિકાએ તાજેતરમાં ગુપ્તચર માહિતીના આધારે જાહેર કર્યું છે કે ૨૦૩૦ સુધીમાં ચીન પાસે લગભગ ચારસો અણુશસ્ત્રોનો જથ્થો હશે. મતલબ ચીન છાની રીતે અણુશસ્ત્રોનો સંગ્રહ કરી રહ્યું છે. ચીનને તેના તમામ પાડોશી દેશો સાથે સરહદી વિવાદ ચાલે છે. આ વિવાદોનો અંત આવે તેમાં ચીનને કોઈ રસ નથી. ચીન આ વિવાદોનો ઉપયોગ રાજકીય તોલ-મોલ માટે કરતું રહે છે. ચીન ગમે ત્યારે ભારત સાથેની સરહદે માહોલને ઉગ્ર બનાવે છે. તાઈવાનને તો ચીન પોતાનું જ માને છે. તાજેતરમાં જ ચીને અમેરિકાને એવી ચેતવણી આપી છે કે તાઈવાનના યુદ્ધમાં દખલ દેશો તો 'મહાયુદ્ધ' થશે. ચીન વિશ્વ સમગ્ર માટે એક પડકાર બની રહ્યું છે. ચીનને તેની મર્યાદામાં રાખવાના ઉપાયો સંયુક્તપણે જ વિચારવા પડશે. ■

only books magazine

૫૦ વર્ષમાં ભારતીય અર્થતંત્ર ગ્રીન ઇકોનોમીમાં પરિવર્તિત થશે

સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે યોજાયેલ ક્લાયમેન્ટ ચેન્જ સમીટ યાને જલવાયુ પરિવર્તન શિખર સંમેલનનું સમાપન થઈ ગયું છે. વિકસિત દેશો પોતાની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવાની બાબતમાં ક્યારેય ગંભીર રહ્યા નથી અને છતાં વિકાસશીલ દેશો પર જમાદારી કરવા કાયમ તત્પર રહે છે. વિશ્વના બદલાઈ રહેલા પર્યાવરણની અસર હવે અમેરિકા - યુરોપના દેશોમાં ખતરનાક રીતે વર્તાઈ રહી છે એટલે વિશ્વના દેશોને કાર્બન ઉત્સર્જન ૨૦૫૦ની સાલ સુધીમાં નેટ ઝીરો સ્તરે લઈ જવાનું ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યું હતું. ૨૦૧૫માં યોજાયેલ પેરિસ શિખર સંમેલનના ઘોષણાપત્રને ગંભીરતાથી નહીં લેનારા યુરોપ - અમેરિકાને હવે કાર્બન ઉત્સર્જનને ઝડપભેર રોકવાની ઉતાવળ આવી છે ત્યારે ભારત સહિતના વિકાસશીલ દેશોએ વાસ્તવિકતાનો પરિચય કરાવતાં સ્પષ્ટ કર્યું કે નેટ ઝીરોનું લક્ષ્યાંક અમે ૨૦૭૦માં સિદ્ધ કરીશું. વિકસિત દેશો દુનિયા પર અવાસ્તવિક લક્ષ્યાંક લાદવાનો પ્રયાસ કરે ત્યારે સાચું કહેવાનું સાહસ તો કરવું જ પડે. ભારતે જે ૨૦૭૦ની સાલનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે એ પેરિસ ઘોષણાને અનુરૂપ છે. જોકે ભારત માટે તો આ લક્ષ્યાંક સિદ્ધ કરવાનું પણ કપરું બની રહેવાનું છે. ગ્લાસગોમાં ભારતની વાત સ્વીકારવામાં આવી છે. ભારતે આ લક્ષ્યાંક પાર પાડવા માટેની પંચામૃત યોજના પણ જાહેર કરી છે, પરંતુ ભારતે વિકસિત દેશોને યાદ અપાવ્યું છે કે તમે તમારા કમિટમેન્ટ પુરા કરવા વિચારો. વિકાસશીલ દેશો ઊર્જાના વૈકલ્પિક સ્રોતો વિકસાવે અને નવી ટૅક્નોલોજી મેળવી શકે તે માટે વિકસિત દેશોએ ૨૦૨૦થી દર વર્ષે એકસો અબજ ડૉલરની આર્થિક સહાય આપવાનું કબૂલ કર્યું હતું. તેના પાલનમાં ગલ્લાંતલ્લાં કરીને હવે ૨૦૨૩થી શરૂ કરવાની વાત કહેવાઈ છે. ૨૦૭૦ના નેટ ઝીરો લક્ષ્ય માટે ભારતે અબજો ડૉલરનું રોકાણ કરવું પડશે. આગામી પચાસ વર્ષમાં ભારતે તેના અર્થતંત્રને ગ્રીન ઇકોનોમીમાં પરિવર્તિત કરવું પડશે. ■

દિલ્હીનું વાયુ પ્રદૂષણ : અન્ય શહેરોએ સાવચેત થવું જોઈએ

દિલ્હીમાં વાયુ પ્રદૂષણની ખતરનાક સ્થિતિ અને સરકારોની નિષ્ક્રિયતાને કારણે સર્વોચ્ચ અદાલતને દખલ દેવી પડી છે. દિલ્હીમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી શિયાળાની મોસમમાં પરિસ્થિતિ ભયાવહ બને છે. અત્યાર સુધી દિવાળીના ફટાકડા અને ખેતરોમાં પરાલી બાળવાનાં કૃત્યોને મુખ્ય કારણ દર્શાવીને આતશબાજી પર નિયંત્રણ અને પડોશનાં રાજ્યો પર દોષારોપણ કરવાની પ્રવૃત્તિ ચાલતી હતી. હવે એ સ્પષ્ટ થયું છે કે આ તો માત્ર બહાનાબાજી છે. આતશબાજી તો પ્રાસંગિક હોય છે અને પરાલી બાળવાનો હિસ્સો પ્રદૂષણના ફેલાવમાં માત્ર દસ ટકાનો છે. અસલી કારણ શહેરના રસ્તાઓ પર દોડતાં વાહનોમાંથી નીકળતો ધુમાડો છે. આ ઉપરાંત બાંધકામ પ્રોજેક્ટમાં ઊડતી ધૂળ, ખરાબ રસ્તાઓ પર વાહનોને કારણે ઊડતી ધૂળ તેમ જ ઉદ્યોગો દ્વારા ફેલાવાતા પ્રદૂષણનું છે. લોકોના સ્વાસ્થ્યને વિપરીત અસર કરે એટલી ખતરનાક હદે વ્યાપેલા પ્રદૂષણને નિયંત્રણમાં લેવા માટેનાં સાર્થક પગલાં અને ઉપાયો વિચારવાને બદલે રાજનીતિના ખેલ ચાલે ત્યારે સર્વોચ્ચ અદાલતને શાસકોને ફટકાર લગાવવાની અનિવાર્યતા સર્જાય છે. દિલ્હીની કેજરીવાલ સરકાર તો વિજ્ઞાપનો દ્વારા પ્રદૂષણ દૂર થવાનું હોય એવા ઉધામા કરતી રહે છે. છઠ પૂજાના સમયે પણ યમુનાના પ્રદૂષિત જળનો મામલો ઉગ્ર બન્યો હતો ત્યારે પણ કેજરીવાલ સરકાર વાહિયાત પ્રચારમાં વ્યસ્ત જોવા મળી હતી. વાયુ પ્રદૂષણથી બાળકોને બચાવવા દિલ્હીમાં સ્કૂલો બંધ કરાઈ છે. વર્ક ફ્રોમ હોમના આદેશ થયા છે. છતાં સ્થિતિમાં કોઈ મોટો તફાવત જોવા મળતો નથી. હવે થોડા દિવસના લૉકડાઉનની નોબત આવી છે ત્યારે શ્રમજીવીઓનો પ્રશ્ન પણ વિચારવો પડે તેમ છે. રસ્તા પર દોડતાં વાહનોની સંખ્યામાં નિયંત્રણ માટે કોઈ વિચારતું નથી. સામૂહિક પરિવહનને પ્રોત્સાહન આપવાની જરૂર છે. દિલ્હી જેવી સમસ્યા અન્ય શહેરોમાં પણ સર્જાઈ શકે છે. એટલે આ સમસ્યાને વ્યાપક સંદર્ભમાં લેવી જોઈએ. ■

આર્યન ખાનના જામીન પછી ડ્રગ્સ કેસ કેવો વળાંક લેશે?

onlybooks magazine

ફિલ્મ અભિનેતા શાહરુખ ખાનના ચિરંજીવી આર્યન ખાનને ડ્રગ્સ કેસમાં જામીન મળી ગયા એ પછી આ કેસ અંગે જનસામાન્યની ઉત્સુક્તા લગભગ ખતમ થઈ ગઈ હોય એવી સ્થિતિ છે. એક હાઈ પ્રોફાઈલ કેસ જાણે હવે લો-પ્રોફાઈલ પણ રહ્યો નથી. મહારાષ્ટ્રના એક પ્રધાન નવાબ મલિકે જોકે આ કેસના અનુસંધાનમાં જ એનસીબીના તપાસકર્તા અધિકારી વાનખેડે સામે આક્ષેપબાજીનો જે મોરચો ખોલ્યો હતો એ હજુ ચાલુ છે અને તેમની આક્ષેપબાજીમાં નવાં-નવાં પાત્રો આવતાં રહે છે. એમના ટાર્ગેટ બદલાતા રહે છે. એમનું આખરી લક્ષ્ય વિસરાઈ ગયું ન હોય તો પણ તેઓ બીજા રસ્તે ફંટાઈ ગયા છે. એમને માટે આવી આક્ષેપબાજી રોજિંદો કર્મકાંડ બની ગયો હોય એવી સ્થિતિ છે.

મહત્ત્વની વાત એ છે કે આર્યન ખાનના જામીન પછી આ કેસ કેવો વળાંક લેશે તેને વિશે કોઈ અનુમાન થઈ શકતું નથી. કેસની તપાસ વાનખેડેને બદલે અન્ય અધિકારીને સોંપાઈ છે. આર્યન ખાનને પૂછપરછ માટે એનસીબી ઑફિસે બોલાવવામાં આવે છે, એ સાચું. આર્યન ખાનના જામીન માટે વરિષ્ઠ ધારાશાસ્ત્રી મુકુલ રોહતગીએ અદાલતમાં જે દલીલો કરી હતી એ સમજવા જેવી છે. તેમણે કહ્યું કે આ કેસમાં ષડ્યંત્રનો આરોપ એનસીબી દ્વારા પાછળથી ઉમેરાયેલો છે. એ ધરપકડના મેમોનો હિસ્સો નથી. આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવશે તો તે ફરી ડ્રગ્સનું સેવન કરવા લાગશે એ ધારણા અંતર્ગત નાર્કોટિક ડ્રગ્સ અને સાઇકોટ્રોફિક સબ્સટન્સીસ એક્ટ વ્યક્તિને અટકાયતમાં રાખવાની છૂટ આપતો નથી. વૉટ્સઍપની વાતચીતનું પુરાવાની રીતે કોઈ મૂલ્ય નથી. તેમ આર્યન ખાન પાસેથી એનસીબીને કોઈ ડ્રગ્સ મળ્યું નથી. અદાલતે આ દલીલો સ્વીકારી જામીન આપ્યા છે, પરંતુ એ દરમિયાન વાનખેડે સામે નવાબ મલિકની આક્ષેપબાજીએ કેસ અને તેની તપાસની પ્રક્રિયા પર અસર તો કરી જ છે. વાનખેડેને બદલે અન્ય અધિકારીને તપાસ સોંપવામાં નિર્ણયમાં તપાસની પારદર્શિતા જાળવવાનો ખાતાનો નિર્ણય હોય તો પણ આવા નિર્ણયની ફરજ પાડવા માટેનો માહોલ સર્જવામાં નવાબ મલિક સફળ થયા એ સ્વીકારવું જોઈએ.

પાર્ટીમાં ડ્રગ્સ અને અન્ય માદક પદાર્થોનું સેવન થવાનું હતું તો એજન્સીને પાર્ટી શરૂ થયા પછી વધુ મજબૂત પુરાવા અને ડ્રગ્સનો વધુ જથ્થો મળી શક્યો હોત

નવા તથ્યો ઉજાગર થવાની સાથે કેસ થોડો ગૂંચવાયો હોવાનું પણ જણાય છે. વાનખેડે અને એજન્સીએ અપનાવેલી તપાસની શૈલીએ પણ પ્રશ્નો ખડા કર્યા છે. એનસીબીની વિશ્વસનીયતા સામે પ્રશ્નાર્થ ચિહ્ન મુકાય એવી સ્થિતિ સર્જાઈ. આવી પરિસ્થિતિ વચ્ચે પણ તપાસ ચાલુ રહેવાની છે અને આગળ પણ વધશે, પરંતુ એનસીબીએ વધુ સાવચેતીપૂર્વક આગળ વધવું પડશે. વાનખેડે પર અંગત આક્ષેપબાજી કરવા પાછળનો આશય સફળ થયો હોવાનું માનીને નવા અધિકારી પ્રચ્છન્ન દહેશત સાથે કામ કરે એવું બનવું ન જોઈએ. આર્યન ખાનની ઓથે ડ્રગ્સનું વ્યાપક નેક્સસ જે ઉજાગર થયું છે અથવા થવા જઈ રહ્યું છે, તેની જડ સુધી પહોંચવામાં કોઈ કચાશ રહેવી જોઈએ નહીં. આ પ્રકરણ માત્ર આર્યન ખાન સુધી સીમિત રહ્યું નથી.

આર્યન ખાનની ધરપકડ સમયે વાનખેડેની પ્રામાણિકતા, નિષ્ઠા અને ચમરબંધીઓને પણ નહીં છોડવાની તેમની દૃઢતાના ગુણગાન સોશિયલ મીડિયામાં ખૂબ થયા. એ પછી તેમની સામેની અંગત આક્ષેપબાજી સમયે તેમના સમર્થકોમાં તેમના પ્રત્યે ભારે સહાનુભૂતિ પણ જાગી, પરંતુ વાનખેડે જેવા અધિકારી પણ ક્યારેક કેવી ભૂલ કરી બેસતા હોય છે એનો સંકેત એનસીબીના પૂર્વ વડા બી. વી. કુમારે આપ્યો છે. તેમના કહેવા પ્રમાણે સમસ્યાની શરૂઆત તો ત્યાંથી જ થઈ ગઈ હતી જ્યારે એજન્સીએ 'મળેલી બાતમી'ના આધારે ક્રૂઝ પર રેવ પાર્ટી શરૂ થયા પહેલાં જ આરોપીને અટકાયતમાં લીધો. એનસીબીની ટીમે પાર્ટી શરૂ થાય ત્યાં સુધી ધીરજ રાખવાની જરૂર હતી. પાર્ટીમાં ડ્રગ્સ અને અન્ય માદક પદાર્થોનું સેવન થવાનું હતું તો એજન્સીને પાર્ટી શરૂ થયા પછી વધુ મજબૂત પુરાવા અને ડ્રગ્સનો વધુ જથ્થો મળી શક્યો હોત. એજન્સી માટે નબળી કડી એ જ છે કે આર્યન ખાન પાસેથી કોઈ ડ્રગ્સ મળ્યું નથી અને તેના મિત્ર અરબાઝ મર્ચન્ટ પાસેથી થોડી માત્રામાં ડ્રગ્સ મળ્યું હતું. ષડ્યંત્રનો આરોપ પુરવાર થવાનો બાકી છે. એ સ્થિતિમાં બોમ્બે હાઈકોર્ટ સમક્ષ જામીન મંજૂર કરવા સિવાય કોઈ વિકલ્પ ન હતો. કોર્ડેલિયા ક્રૂઝ કેસમાં એજન્સી માટે આશાનું કિરણ તેમણે એકત્ર કરેલ જડબેસલાક ડિજિટલ અને ફોરેન્સિક પુરાવાઓ છે, જે એજન્સીની અત્યાધુનિક લેબ દ્વારા તપાસને તાર્કિક અંજામ સુધી પહોંચાડી શકે છે. ■

પેટા ચૂંટણીનાં પરિણામો
પાંચ રાજ્યોને પ્રભાવિત કરશે?

દેશનાં વિવિધ રાજ્યોમાં દિવાળી પૂર્વે યોજાયેલી પેટા ચૂંટણીના ધનતેરસને દિવસે આવેલાં પરિણામો કોંગ્રેસને માટે શુભ સંકેત લઈને આવ્યા. ખાસ કરીને ભાજપ શાસિત હિમાચલ પ્રદેશમાં ત્રણ વિધાનસભાની બેઠકો અને એક લોકસભાની બેઠક - ચારે ય બેઠકો પર કોંગ્રેસનો વિજય ભાજપને માટે આઘાત અને આંચકા સમાન બની રહ્યો. હિમાચલ પ્રદેશનાં આ પરિમાણો એટલા માટે પણ મહત્ત્વના છે કે ૨૦૨૨ની સાલમાં રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. એટલે સામાન્ય ચૂંટણી પૂર્વેનાં આ પરિણામો ભાજપ માટે ચેતવણી સમાન છે. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ માટે રાજ્યમાં સત્તા ટકાવી રાખવાનું મુશ્કેલ બનવાનું છે. લોકસભાની મંડી બેઠક ભાજપ માટે પ્રતિષ્ઠાની બેઠક હતી. આ બેઠક પર ભાજપના ઉમેદવારનો કારમો પરાજય આશ્ચર્યજનક છે. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાન દિવંગત વીરભદ્રસિંહના પત્ની પ્રતિભાસિંઘ હતાં. વીરભદ્રસિંહનું ગત જુલાઈ માસમાં અવસાન થયું હતું. આ બેઠક ૨૦૧૯માં ભાજપે ચાર લાખ મતોની સરસાઈથી જીતી હતી. એટલે ૨૦૨૧નો પરાજય ભાજપને હજમ થવો મુશ્કેલ બને એ સ્વાભાવિક છે. આ મત વિસ્તાર રાજ્યના મુખ્યપ્રધાન જયરામ ઠાકુરનો ગઢ ગણાતો હતો. તેમણે પેટા ચૂંટણીમાં નાલેશીભર્યા પરાજય માટે પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાને જવાબદાર ગણાવીને પરોક્ષ રીતે કેન્દ્ર સરકારને જવાબદાર ઠરાવવાનો પ્રયાસ કર્યો એ પણ ભાજપના મોવડીમંડળને ગમ્યું તો નહીં હોય, પરંતુ ગત દિવસોમાં ભાજપ શાસિત રાજ્યોના મુખ્યપ્રધાનો બદલવામાં આવ્યા ત્યારે હિમાચલ પ્રદેશના મુખ્યપ્રધાન બચી ગયા હતા. શક્ય છે કે હવે હિમાચલમાં નેતૃત્વ પરિવર્તન કરવામાં આવે.

દેશભરમાં કુલ ૨૯ વિધાનસભા બેઠકોની અને ત્રણ લોકસભાની બેઠકોની પેટા ચૂંટણી થઈ હતી. આ તમામનાં પરિણામો પર નજર નાખતાં એકંદર બંને રાષ્ટ્રીય પક્ષો - ભાજપ અને કોંગ્રેસ માટે મિશ્ર પ્રકારનાં પરિણામ રહ્યાં છે. કોંગ્રેસે વિધાનસભાની આઠ અને લોકસભાની એક બેઠક જીતી હતી, જ્યારે ભાજપે સાત વિધાનસભાની અને એક લોકસભાની બેઠક જીતી હતી. હિમાચલ પ્રદેશનાં પરિણામોએ કોંગ્રેસને સંજીવની પૂરી પાડી છે. કોંગ્રેસ અહીં આગામી ચૂંટણીમાં સત્તા કબજે કરવાની આશા રાખે છે. જોકે કોંગ્રેસમાં પણ આંતરિક જૂથબંધી અવરોધ રૂપ છે. તો બીજી બાજુ ભાજપના પેટા ચૂંટણીના પરાજય માટે ભાજપના જ બળવાખોર ઉમેદવારોને જવાબદાર ગણાવાય છે. હિમાચલની એક બેઠક પર તો ભાજપના બળવાખોર ઉમેદવારને ચાલીસ ટકાથી વધુ મત મળ્યા હતા જ્યારે ભાજપના સત્તાવાર ઉમેદવારને માત્ર પાંચ ટકા મત મળ્યા હતા. સામાન્ય ચૂંટણીમાં ભાજપે આ ફેક્ટરને પણ ધ્યાનમાં લેવું પડશે.

કોંગ્રેસ માટે રાજસ્થાનમાં પણ પેટા ચૂંટણીનાં પરિણામ ઉત્સાહ વર્ધક રહ્યા. કોંગ્રેસે વલ્લભનગરની તેની બેઠક જાળવી રાખી અને ધારીવાડની બેઠક ભાજપ પાસેથી આંચકી લીધી. આ પરિણામોએ મુખ્યપ્રધાન અશોક ગેહલોતની સ્થિતિ મજબૂત બનાવી છે.

ભાજપ માટે સંતોષજનક પરિણામ આસામના રહ્યા. મુખ્યપ્રધાન હેમંત બિશ્વા શર્મા તેમના કિલ્લાને અક્ષુણ્ણ રાખવામાં સફળ રહ્યા. રાજ્યમાં યોજાયેલી પાંચ બેઠકોની પેટા ચૂંટણીમાં ભાજપે તેના સહયોગી યુનાઈટેડ પિપલ્સ પાર્ટી (લિબરલ) સાથે મળીને તમામ બેઠકો પર વિજય મેળવ્યો. હરિયાણામાં વિધાનસભાની એક બેઠકની પેટા ચૂંટણી થઈ. આ બેઠક લોકદળે જીતી. હરિયાણામાં કિસાન આંદોલનનો મુદ્દો મહત્ત્વનો હતો. આમ છતાં ભાજપ અને લોકદળ વચ્ચે બરાબર જંગ ખેલાયો અને ભાજપે બહુ ઓછી સરસાઈથી બેઠક ગુમાવી. તેલંગણામાં ભાજપે વિધાનસભાની એક બેઠક આશ્ચર્યજનક રીતે મેળવી. તેલંગણાના શાસક પક્ષ તેલંગણા રાષ્ટ્ર સમિતિના ઉમેદવારનો પરાજય થયો.

આ પેટા ચૂંટણીનાં પરિણામોની પાંચ રાજ્યોની વિધાનસભાની આવી રહેલી ચૂંટણી પર ખાસ કોઈ અસર પડવાની શક્યતા નથી. જોકે તમામ રાજકીય પક્ષો પોતપોતાની રીતે આ પરિણામોના વિશ્લેષણ કરે છે, પરંતુ મહત્ત્વની વાત એ છે કે પેટા ચૂંટણીમાં દરેક રાજ્યોમાં સ્થાનિક મુદ્દા અને પ્રશ્નો પ્રભાવી રહે છે. પાંચ રાજ્યોની ચૂંટણીમાં પણ દરેક રાજ્યોમાં ચૂંટણીના મુદ્દા અલગ-અલગ રહેવાની સંભાવના છે. જેમ કે પંજાબમાં કિસાન આંદોલન અને કૃષિ કાનૂન મહત્ત્વનો મુદ્દો બનશે, પરંતુ ઉત્તર પ્રદેશમાં એકાદ ક્ષેત્રને બાદ કરતાં મુખ્ય મુદ્દો કિસાન આંદોલન નહીં હોય. વિપક્ષો ત્યાં ભાવવધારો અને મોંઘવારીને મુદ્દો બનાવવા પ્રયાસ કરે છે, પરંતુ ઉત્તર પ્રદેશમાં તો જાતિવાદી સમીકરણો પણ મોટો ભાગ ભજવે છે. ચૂંટણી જાહેર થયા પછી અને વાસ્તવિક ચૂંટણી પ્રચાર શરૂ થયા પછી રાજ્યમાં કયા મુદ્દા પ્રમુખતાથી ઊભરી આવે છે એ જોવાનું રહેશે. સાથોસાથ લોકો કયા મુદ્દાને મહત્ત્વ આપે છે એ પણ જોવાનું રહેશે. અત્યારે આ રાજ્યોમાં તમામ પક્ષો રાજકીય એજન્ડા સેટ કરવા ભારે પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ લોકોના પ્રતિભાવને અત્યારથી જાણી શકાય તેમ નથી. ■

હવામાનશાસ્ત્રમાં નોબેલ પ્રાઇઝ?

only books magazine

મલ્ટિનેશનલ કંપનીઓએ બગાડ્યું
એ સારા નાગરિકો સુધારે
અર્થશાસ્ત્રના બંધાણીઓએ બગાડ્યું
એ સાચા વૈજ્ઞાનિકો સુધારે

વાતાવરણ સાફ થયું એટલે છેક જલંધરથી હિમાલય દેખાય છે. આપણા શહેરમાં વહેતા પાણીમાં ડોલ્ફિન દેખાય છે. આવું કોરોના કાળમાં ઘણુ સાંભળ્યું કે અનુભવ્યું. હવાનું પ્રદૂષણ ઘટવાની અસર સ્પષ્ટ દેખાઈ. એ અસર આપણે હકીકતમાં લાભ ગણીએ છીએ કે નહીં એ ચર્ચાનો વિષય છે. ગ્લોબલ વોર્મિંગ 'ને ક્લાયમેટ ચેન્જ અંગેના ન્યૂઝ છેલ્લા બે કે ત્રણ દશકથી ક્યારેક મન પર સોનીની હથોડી તો ક્યારેક મગજ પર લુહારનો હથોડો મારી રહ્યા છે. એક એન્ગલથી કોઈને કોન્સ્પિરસી લાગે છે તો બીજા એન્ગલથી કોઈને સૌથી મહત્ત્વનો મુદ્દો લાગે છે. ક્લાયમેટ સાયન્સને બરાબર શાસ્ત્રોક્ત કરવા પચાસ વર્ષ ગયા. સિએફસી 'ને ઓઝોનની વાતો પરથી હવે કાર્બન ફૂટપ્રિન્ટ પર આવ્યા. ઘણી રિસર્ચ થઈ, ઘણી બાકી હશે. કોવિડ ૧૯ પ્રદૂષિત વાતાવરણમાં લાંબો સમય રહેનારને જલ્દી થાય કે નહીં એવું કશું હજુ પ્રકાશમાં નથી આવ્યું. હા, ઑક્ટોબર ૨૦૨૧ની શરૂઆતમાં ત્રણ વિજ્ઞાનીને ભૌતિકશાસ્ત્રનું નોબલ પ્રાઇઝ મળ્યું, કારણ કે એમણે ક્લાયમેટ ચેન્જ પર ખાસ કામ કરેલું છે.

ભૌતિકશાસ્ત્રની કેટેગરીમાં ક્લાયમેટ ચેન્જ માટે પ્રથમ વાર ઇનામ જીતનાર વિજ્ઞાનીઓ છે પ્રિન્સટન યુનિવર્સિટીના સ્યુકુરો માનાબે, જર્મનીની મેક્સ પ્લાન્ક ઇન્સ્ટિટ્યૂટ ફોર મિટિઅરોલોજીના ક્લાઉઝ હેઝલમેન 'ને રોમની સેપિએન્ઝા યુનિવર્સિટીના જ્યોર્જિયો પેરિસી. ૨૦૦૭માં અમેરિકાના ભૂતપૂર્વ વાઇસ પ્રેસિડન્ટ અલ ગોરને ક્લાયમેટના સારા ભવિષ્ય માટે કામ કરવા માટે નોબેલ પીસ પ્રાઇઝ મળ્યું હતું. મુખ્ય વિજેતા માનાબેએ ૧૯૬૭માં એવી કોમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમ વિકસાવેલી કે જેનાથી કાર્બન ડાયોક્સાઇડ 'ને ગ્રીન હાઉસ ઇફેક્ટ વચ્ચેનો સીધો સંબંધ પ્રસ્થાપિત થાય. મૂળે જાપાનના ગામડામાં નાની ઉંમરથી એ આકાશ 'ને વાદળોની રમત જોતાં રહ્યા 'ને કરોડો લોકોને જે વિચાર સુદ્ધાં નહોતો આવ્યો એ વિચાર પર ચિંતન કરતાં થયેલા કે વાતાવરણ બદલાઈ રહ્યું છે, વાતાવરણ બગડી રહ્યું છે. વાતાવરણના પ્રેમમાં જીવન પસાર કરનાર માનાબે બાળક જેવી પારદર્શકતાથી કહે છે કે તમે રોજ વાદળ જુઓ તો દેખાય છે કે ક્યારેય વાદળો એક સરખા નથી હોતાં.

કદાચ તમે તમારી કહી શકો એ બારીની બહાર જોશો તો આકાશ

નોબેલ સન્માન મેળવનાર વિજ્ઞાનીઓ-હેઝલમેન, માનાબે અને પેરિસી

ના પણ દેખાય. શું કોઈ વૃક્ષ કે છોડ દેખાય છે? કલ્પનામાં કરો કે પીપળાના એક ગંજાવર વૃક્ષમાંથી કોઈ શક્તિનો એક મોટો શેરડો ઊભો થઈને આકાશમાં જ્યાં દૂરબીનની નજર ના પહોંચે તેને પાર આગળ વધી રહ્યો છે. પક્ષી કે પ્લેન કે પતંગ કશું પણ માર્ગમાં આવે તો તેની આરપાર થઈને. ના, એ પીપળા નીચે બુદ્ધ ધ્યાન કરે છે એવું નથી. હવે જોવાની કોશિશ કરો કે આ અંતહીન દેખાતા થાંભલાની ગતિ દરમિયાન ગરમી પેદા થાય છે 'ને તે આપણને દેખાય છે. ના, આ શિવપુરાણમાં કહેલી ઘટના નથી. હરિયાળીમાંથી આવા શેરડા વાતાવરણમાં થઈને ક્યાં જાય છે એ કોને ખબર? માણસ એવમ વૈજ્ઞાનિક પોતાના બનાવેલા કોમ્પ્યુટરની મદદથી આવી કે તેવી ઘણી ઘટનાઓ પર સંશોધન કરી રહ્યા છે. કમ સે કમ એક સો વર્ષથી તો આજના યુગના માણસ કોઈની કોઈ રીતે આવા વાતાવરણ તેમ જ પ્રકૃતિના રહસ્ય ઉકેલવા મથામણ કરી રહ્યા છે.

બિગ બેન્ગ થયો 'ને આ સૂર્ય મંડળ સર્જાયું. ત્યારે તાપમાન અત્યંત ઊંચું હતું. એક વેળાએ આઇસ એજ આવી 'ને બધું બરફ જ બરફ. તાપમાન માનવ જીવનમાં વિશિષ્ટ પ્રકારનું બૅકગ્રાઉન્ડ મ્યુઝિક વગાડે છે એમાં ક્યારેક માણસ વાગી જાય છે. ઠંડીમાં હિટર 'ને ગરમીમાં એસી. ઉત્ક્રાંતિ એવી કોઈ ચમત્કારિક ચીજ નથી કે પોતાના આયુષ્ય દરમિયાન સરેરાશ માનવીનું શરીર ઠંડી-ગરમીના આત્યંતિક તરંગો સહન કરી શકે. શરીર ૩૬.૧થી ૩૭.૨ સેન્ટિગ્રેડ તાપમાન વચ્ચે રમી શકે. ૩૮ કે તેથી વધુ થાય એ તાવ કહેવાય. સૌ જાણે છે કે મર્યાદિત તાપમાનથી વધુ ઘટવાથી શરીર લાકડા જેવું થઈ જાય 'ને હાયપોથર્મિયા વગેરે થાય 'ને અંતે મોસ્ટલી મૃત્યુ. આઇસમેન તરીકે ઓળખાતા વિમ હોફ કે યોગીઓ અપવાદ કહેવાય. ટૂંકમાં, તાપમાન પડકાર છે. એમાંય વધતું તાપમાન ઇસ્યૂ છે. તાપમાન વધે કે ઠંડી હવાના લેયર પર પહેલી અસર થાય. પછી ગરમ. એમ એમ એક સ્ટેજ પર સ્ટ્રેટોસ્ફિયરના ફીઝર સમાન હવામાન પર.

તાપમાનના બદલાવ સાથે હવામાં રહેલું પાણીનું પ્રમાણ યાને કે ભેજ બદલાય. ગરમી વધે એમ દરિયાના પાણીનું બાષ્પીભવન વધે એટલે હવામાં ભેજ વધે. એ એક રીતે આપણા પરસેવાની સિસ્ટમ જેવી સમતોલનની પ્રક્રિયા કહેવાય. ફરક એટલો કે પરસેવો શરીરની ઉપર એક લેયર બનાવે 'ને પરસેવાનું પાણી ગરમ થાય એટલે ઊડીને શરીરથી દૂર જાય. જ્યારે હવામાં જે પાણીનાં ટીપાં હોય એ ગરમ થઈને બાષ્પ બને 'ને હવામાં જ રહે. વળી, બાષ્પ વધુ ગરમી સંઘરે એટલે વાતાવરણનું તાપમાન વધે. ઓફ કોર્સ, અંતે વરસાદ પડે કે બરફ વર્ષા, પણ ગ્રીન હાઉસ ઇફેક્ટને કારણે એ અંતનું ટાઇમ-ટેબલ ખોરવાઈ જાય છે. ગ્રીન હાઉસ ઇફેક્ટને કારણે એટલે પૃથ્વીના વાતાવરણમાં જે અમુક ગેસ જમા થયા છે જેમાં કાર્બન ડાયોક્સાઇડ મુખ્ય છે, એ વાતાવરણનું તાપમાન ઊંચું જ રાખે છે એટલે બાષ્પીભવન, ઘનીભવન 'ને અંતે વરસાદની જે સાઇકલ છે એ ઓછી કે વધારે સ્પીડમાં ફર્યા કરે છે.

તમામ પ્રકારની તાપમાન પર પડતી અસર 'ને ગ્રીન હાઉસ ઇફેક્ટ અંગેની મોટા ભાગની ગાંઠ નેવું વરસના વડીલ વૈજ્ઞાનિક માનાબે ઉર્ફે સુકિએ ઉકેલી કાઢી છે. સુકિને જ્યારે ફોન પર માહિતી આપવામાં આવેલી કે તમે આ વર્ષનું ભૌતિકશાસ્ત્રનું નોબલ પ્રાઇઝ જીતો છો તો એમણે જવાબમાં તરત આશ્ચર્ય સાથે કહેલું કે હું તો એક સામાન્ય હવામાનશાસ્ત્રી છું. આ નોબેલ પ્રાઇઝથી લોકમાનસમાં એક પરિવર્તન આવશે કે વાતાવરણની વક્રતા અંગે જે કોઈ ઊહાપોહ મચી રહ્યો છે એ ખોટો નથી, જે કશું પણ છે તેની પાછળ વૈજ્ઞાનિક કારણો છે તથા સમસ્યાઓના ઉકેલ માટે વૈજ્ઞાનિકો મહેનત કરી રહ્યા છે. બેશક ગ્લોબલ વૉર્મિંગના નામે બકવાસ રાજનીતિ રમાય જ છે 'ને બોગસ ધંધા થતાં જ હોય છે. જરૂરી નથી કે ભવિષ્યમાં કોઈ દેશ, રાજ્ય કે શહેરમાં લોકોની માનસિકતા બાનમાં લેવા વાતાવરણમાં પ્રદૂષણ હદ વટાવી ગયું છે એ અંગેનો ભૂલભરેલો ભય નહીં જ પ્રસરાવવામાં આવે.

ઓલરેડી અવનવા ટેક્સ વાતાવરણના સુધારાના નામે ઉઘરાવવાનું શરૂ થઈ ચૂક્યું છે. ન્યૂઝીલેન્ડમાં વર્ષો પહેલાં પાલતુ પશુઓ પર વિશેષ કર નાખવામાં આવ્યો છે. પશુની વાછૂટ 'ને તેમાંથી નીકળતા વાયુને કારણે વાતાવરણની અસરનું ટેબલ બનાવી અમુક પ્રકારના એક પશુ દીઠ વર્ષનો આટલો ટેક્સ ભરવો એવું ઠરાવવામાં આવ્યું છે. જી, ગજબ કહેવાય. પીયુસી સર્ટિફિકેટ આવે વર્ષો થયાં.

ભવિષ્યમાં પેટ્રોલ 'ને ડીઝલ કેરોસીનની જેમ રેરલી વપરાતી કોમોડિટી બની જાય તો નવાઈ નહીં, પરંતુ ત્યાં પહોંચવાના રસ્તામાં આજના વાહન ચાલકોએ ઘણુ ભોગવવું પડે એવું બને

only books magazine

હવે ભારત ઈલેક્ટ્રિક યાને બેટરી વડે ચાલતાં વાહનોને પુરજોશમાં પ્રમોટ કરી રહ્યું છે. ભવિષ્યમાં પેટ્રોલ 'ને ડીઝલ કેરોસીનની જેમ રેરલી વપરાતી કોમોડિટી બની જાય તો નવાઈ નહીં, પરંતુ ત્યાં પહોંચવાના રસ્તામાં આજના વાહન ચાલકોએ ઘણુ ભોગવવું પડે એવું બને. વાહન 'ને ફ્યૂઅલમાં ભાવ વધારો 'ને ઉપરથી સ્પેશિયલ ટેક્સીસ. કેમ કે જે બિગ કોર્પોરેશન્સના ભૂંગળામાંથી વિવિધ પ્રકારના ઝેરનાં અબજો વાદળો વાતાવરણમાં ભોંકાયેલા છે એમને કોણ કશું કરી શકવાનું? ભોપાલ ગેસ કાંડ અંગે કોને શું સજા થઈ? ગૂગલ પર એક સર્ચ કરવાથી વાતાવરણને કેટલું નુકસાન જાય છે તે ગૂગલ પર સર્ચ કરીને જુઓ.

વર્ષો સુધી વિજ્ઞાનના ખાંસાહેબો એવું માનતા કે બેચાર સમીકરણથી વાતાવરણ સમજી શકાય છે. ૧૯૫૦માં અમુક વૈજ્ઞાનિકોએ એવું શોધ્યું જે આજનો થોડી બુદ્ધિ 'ને ભણતર પામેલો માનવી જાણીને વિસ્મય પામે કે આ તે કોઈ શોધ કહેવાય? એમણે શોધ્યું કે વાતાવરણ બેચાર કે પાંચદસ નહીં, ઘણાં બધાં પરિબળ 'ને તેને સંલગ્ન ગણતરી વડે સમજી શકાય છે. એ પછી પહેલું ઢંગનું મૉડર્ન વેધર ફોરકાસ્ટ જન્મેલું. અમેરિકા કમ સે કમ ૬ બિલ્યન ડૉલર્સ દર વર્ષે વાતાવરણનું ભવિષ્ય ભાખવા ખર્ચે છે. ૧૯૫૮માં માનાબે 'ને બીજા જાપાની સંશોધકોને અમેરિકાએ વેધર ફોરકાસ્ટ ઉપર કામ કરવા બોલાવ્યા. બેરોમીટર ભણવામાં આવતું ત્યારે પણ આપણા ભારતમાં જેને બોલતા કે લખતા નહોતું આવડતું એ દેશી વાવાડિયાના વરતારા પર હસતાં હોય છે. સામે પાછા ડાબા હાથે ગાયનું માંસ ખાનારા લાલિયાઓ એવા પણ હોય છે જે ગામડાના ભાભાઓની વેધર ફોરકાસ્ટની માસ્ટરી પર હસતાં હોય.

અમેરિકા 'ને અન્ય વિકસિત દેશોમાં વેધર ફોરકાસ્ટ કરનારા સાથે અધિકારીઓ, પત્રકાર તેમ જ નેતાઓ ઘણી વાર બાખડતા હોય છે કે કેમ સમયસર સાચું ફોરકાસ્ટ ના કર્યું. કરોડો ડૉલર્સના નુકસાન સાથે જાનહાનિ ઘણી વાર નિવારી શકાય તેવું દેખાતું હોય છે. પૃથ્વી પર કરોડો ભણેલા વિદેશીઓ એવા છે જે એમના દેશમાં વેધર ફોરકાસ્ટ ઘણી વાર ખોટું પડે છે એવું માને છે. આપણે ત્યાં તો સામાન્ય સંજોગોમાં વેધર રિપોર્ટ જાણવાની એટલી જરૂર જ નથી હોતી. સાયન્સના મૅગેઝિનોમાં લેખ આવે છે કે કેમ વેધર ફોરકાસ્ટ ઘણી વાર ખોટું પડે છે. એક સામાન્ય કારણ એ આપવામાં આવે છે કે કોમ્પ્યુટરમાં ભૂતકાળના અનુભવને આધારે ડેટા નાખવામાં આવે છે 'ને એ મુજબ ભવિષ્યમાં શું થશે એ ગણતરી કરવામાં આવે છે, ભવિષ્યનો ડેટા કોમ્પ્યુટર પાસે નથી હોતો એટલે ખોટું પડી જ શકે. વૈજ્ઞાનિકો માણસ છે 'ને માણસની એક નહીં, અનેક મર્યાદા હોય એ બહુમતી

લોકડાઉન દરમિયાન હવા શુદ્ધ થતાં જાલંધરથી હિમાલય જોવા મળ્યો હતો

માનાબેએ ગણતરી મૂકેલી કે જો પૃથ્વી પરનો કાર્બન ડાયોક્સાઇડ વધીને ડબલ થઈ જાય તો પૃથ્વીનું તાપમાન ૨.૩ ડિગ્રી સેલ્સિયસ જેટલું સરેરાશ વધશે

શરીરના તાપમાનને સંતુલિત રાખનારા આઇસમેન વિમ હોફ

સ્વીકારશે. કોમ્પ્યુટર કોઈ જાદુઈ ચીજ નથી.

માનાબેએ ૧૯૬૦માં ગણતરી મૂકેલી કે જો પૃથ્વી પરનો કાર્બન ડાયોક્સાઇડ વધીને ડબલ થઈ જાય તો પૃથ્વીનું તાપમાન ૨.૩ ડિગ્રી સેલ્સિયસ જેટલું સરેરાશ વધશે. ૧૯૬૦માં એ માણસ એટલું બધું વિચારતો હતો એ આજે ઘણાએ વિચારવા જેવું છે. કેલિફોર્નિયા સૂકાઈ રહ્યું છે એટલે કે ગરમી વધી રહી છે એવું વર્ષો પહેલાં પહેલી વાર કહેનાર માનાબે હતા. ભવિષ્યનું વાતાવરણ કેવું હશે એ કોમ્પ્યુટર બતાવે એ માટેનું મૉડેલ તૈયાર કરવામાં માનાબે સાથે કામ કરનાર જેમ્સ હેન્સને નાસાના એક વિભાગના વડા તરીકે ૧૯૮૮ ગ્લોબલ વોર્મિંગ શરૂ થઈ ચૂક્યું છે એ જાહેરાત કરેલી ત્યારે માનાબે સાથે હતા. ગ્લોબલ વોર્મિંગ ડ્રાયનેસનું મૂળ છે એવું એમણે કહેલું. માનાબે સાથે નોબલ જીતનાર ક્લાઉઝ હેઝલમેન 'ને જ્યોર્જિયો પેરિસી માનાબે દ્વારા વિકસાવવામાં આવેલા મૉડેલ પર જ કામ કરીને સંશોધન કરતાં રહ્યા હતા.

હાલમાં જ યુનાઈટેડ નેશન્સના ક્લાયમેટ ચેન્જ પર કામ કરતાં વિભાગ ઇન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાયમેટ ચેન્જ જેમાં વૈજ્ઞાનિકો કામ કરે છે તેના દ્વારા એક રિપોર્ટ બહાર પાડવામાં આવેલો. રિપોર્ટ કહે છે કે હવે દુનિયાના કોઈ દેશની તાકાત નથી કે ગ્લોબલ વોર્મિંગ રોકી શકે. આ સદીના અંત સુધીમાં પૃથ્વીનું તાપમાન ૨.૭ ડિગ્રી સેલ્સિયસ જેટલું સરેરાશ વધી જશે. પેરિસમાં બધા દેશ પર્યાવરણના સુધારા માટે જે પગલાં લેવા માટે કટિબદ્ધ થયેલાં એ તમામ પગલાં બરાબર લે તો પણ. દાવાનળ, દુકાળ 'ને પૂર આવશે 'ને વધશે. આ રિપોર્ટમાં આજે ગણતરીઓ મૂકવામાં આવેલી છે એ માનાબે દ્વારા વિકસિત મૉડેલ પર આધારિત છે. આપણા ભારતીયો પણ એ રિપોર્ટ વાંચી શકે છે. ભારતની સરકાર 'ને ભારતના વૈજ્ઞાનિકો વેધર ફોરકાસ્ટ અંગે વધુ સક્ષમ થઈ શકે છે. જાયન્ટ કંપનીઓએ પણ સમજવું જોઈએ કે આવનારું હવામાન તો દેશની ફેવરમાં નહીં રહે તો એમનો બિઝનેસ પણ નકારાત્મક અસર પામશે જ.

ઘરમાં એક નોર્મલ પ્લાન્ટ હોય તો એ ઘરના કાર્બન ડાયોક્સાઇડમાં નોંધપાત્ર ઘટાડો કરે છે. કલ્પના કરો કે દરેક ઘર નવો એક પ્લાન્ટ ઘરના સભ્ય તરીકે સ્વીકારે તો વાતાવરણ પર શું અસર થાય? સરકાર તો એક કે વધુ નવા કાયદા બનાવે 'ને આડકતરી યા પ્રત્યક્ષ રીતે નવા કર લે એવું બનશે, પરંતુ આપણે ભારતની પ્રજા કે વૈશ્વિક કુટુંબીજન તરીકે શું કરીશું? માનાબેએ જે શોધ્યું છે 'ને તેના પર જે કામ થયું છે તેમ જ થશે તેના અંતે હવામાન સારું થઈ જશે એવું નથી. હવામાન સુધારવા સતત પ્રયત્ન કરવા પડશે. નિ:સંદેહ ઘણા માણસો પ્રયત્ન કરે જ છે. જોકે વારુ, આમાં એવું વધારે થઈ રહ્યું છે કે મુઠ્ઠીભર માણસો મહેનત કરી રહ્યા છે 'ને ટોળાંના ટોળાં વાહવાહી કરતાં તાળીઓ પાડી રહ્યા છે. વળી પર્યાવરણના દુશ્મનો તો એમના દુષ્કૃત્ય આચરતા જ રહ્યા છે. અકબર-બિરબલની પેલી વાત યાદ આવે છે જેમાં એક બે કૂવા બનાવ્યા હોય છે જેના પર ચાદર ઢાંકી હોય છે. એકમાં દૂધ 'ને બીજામાં પાણી નાખવા. પરિણામ સ્વરૂપ બંને કૂવામાં લોકો પાણી જ નાખે છે.

ભૌતિક જીવન પાછળ દોડીએ ત્યારે ભાન રાખવું જોઈએ કે પર્યાવરણ પણ ભૌતિકતાનો ભાગ છે 'ને પાયાનો ભાગ છે. બિનજરૂરી ચીજ ખરીદો ત્યારે વેપાર વધે છે એ ખરું, પણ શું ખરીદવાથી પર્યાવરણને કેટલું નુકસાન જાય એ જાણવું જોઈએ. પેટ્રોલ કે ડીઝલ ઓછું બાળવું, વિદ્યુતનો વપરાશ ઘટાડવો 'ને વાતાવરણમાં કોઈક રીતે ઓક્સિજન ઉમેરવો એ બહુમતીની જીવન જીવવાની રીત બનવી જોઈએ. માનાબે પૂરતું સારું કામ કરીને પૃથ્વી છોડી જશે. બહુ લાંબું નથી જીવવાનું એવું માનીને એમણે પર્યાવરણની ચિંતા કરવાની બંધ નથી કરી. માનાબેએ સક્ષમ પાયો નાખ્યો છે એવું કહેવાને બદલે આપણે યાદ રાખીશું કે માનાબેએ વાવેલું દાતણ ઊગી નીકળ્યું છે. બધાં નહીં તો બહુમતી માણસો પોતપોતાની રીતે મચેલા રહે 'ને સહન ના થાય એવું ક્લાયમેટ ચેન્જ થાય તેના ઘણા સમય પહેલાં આપણે ક્લાયમેટ રિચેન્જ કરીએ તો આપણે કેવળ આપણી ફરજ જ નિભાવીશું.

બુઝારો

ભવિષ્યની પેઢીઓ ઘણી વાર પૂછશે કે આપણા માબાપ શું વિચારતાં હતાં? એ લોકો પાસે જ્યારે મોકો હતો ત્યારે કેમ ના જાગ્યા?

– પર્યાવરણની ચિંતા કરતાં અમેરિકાના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ 'ને નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા અલ ગોર ■

ઘરમાં એક નોર્મલ પ્લાન્ટ ઘરના કાર્બન ડાયોક્સાઇડમાં નોંધપાત્ર ઘટાડો કરે છે. કલ્પના કરો કે દરેક ઘર નવો એક પ્લાન્ટ ઘરના સભ્ય તરીકે સ્વીકારે તો વાતાવરણ પર શું અસર થાય?

ફેસબુક, મેટાવર્સ અને ભવિષ્યનું ઇન્ટરનેટ

કોઈ ખાનગી માધ્યમ જ્યારે એ હદે વિશાળ અને પ્રભુત્વશાળી થઈ જાય કે એને આપણા અંગત કે સમાજ જીવનથી અલગ જ ન પાડી શકાય, ત્યારે એ ખાનગી હોવાના મોટા ભાગના લાભ જતા કરે અને જનહિતમાં જ કાર્ય કરે એવી અપેક્ષા આદર્શ સમાજ કે રાજ્ય વ્યવસ્થામાં રાખી શકાય, પરંતુ આપણુ આ વિશ્વ કોઈ રીતે આદર્શ નથી. ઉપક્રમ છે એ ફેસબુક અંગે ચર્ચા કરવાનો, જેના જન્મ અને વિકાસ પાછળ લોકોને એકબીજા સાથે જોડવાનો શુભ હેતુ માર્કેટિંગ વડે કરોડો મનુષ્યોને સમજાવી દેવાયો. અલબત્ત, એણે એ કામ કર્યું જ છે એમાં બેમત નહીં, પણ ફેસબુકનું કામ ફક્ત એ જ નથી રહ્યું. કોઈ એને વાસ્તવમાં એક જાયન્ટ એડવર્ટાઈઝમેન્ટ કંપની કહે છે, તો કોઈ એને વિશ્વનું સૌથી મોટું ખાનગી જાસૂસીતંત્ર. બંને વાત એકસરખી જ સાચી છે. આનો પ્રભાવ મૉડર્ન એજના મનુષ્યજીવન પર એટલો ગાઢ છે કે એની સામે ઘણી ફરિયાદો હોવા છતાં લોકો એને એક કે બીજા કારણસર ત્યાગી નથી શકતાં. જોકે, યુવાવર્ગને ફેસબુક ઓછું અને એની જ છત્રછાયામાં પાંગરેલું ઈન્સ્ટાગ્રામ વધારે પ્રિય છે.

વપરાશકર્તાઓનો ડેટા લિક થવાની ગંભીર બાબતથી ફેસબુક પ્રત્યે જાગેલો રોષ સેંકડો 'ડિલિટ ફેસબુક'હેશટેગ પછી શમી ગયો, પણ ફરી કોઈ મુદ્દે એનો અલ્પજીવી વિરોધ જાગશે એમાં કોઈ શંકા નથી. હમણા જ ફેસબુકના સર્વેસર્વા ઝુકરબર્ગ જાહેર કરે છે કે તે આ પ્લેટફોર્મને, એ અત્યારે છે એનાથી પણ કંઈક વિશેષ બનાવવા ઇચ્છે છે. એ માટે તેણે વાપરેલો શબ્દ છે - મેટાવર્સ. તાજા ખબર એ છે કે ફેસબુક હવે પોતાને નવું નામ - 'મેટા' ધારણ કરીને નવા અવતારરૂપે બ્રાન્ડિંગ કરવાનું છે.

એકબીજા સાથે જોડાયેલા આભાસી પ્લેટફોર્મનું એક વિશાળ જાળું રચીને યુઝરને એની માયામાં બાંધવાનું આ સપનું તેણે ફેસબુકને સોશિયલ મીડિયા પ્લેટફોર્મની ઓળખમાંથી બહાર કાઢવા માટે જોયું છે. જે રીતે ગૂગલ કે એમેઝોને પ્રારંભમાં પોતે બાંધેલી ભૂમિકાઓ વિસ્તારીને કદ, પ્રભાવ અને સત્તા વધાર્યા એ રીતે. ફેસબુકના મેટાવર્સ સામે ટેક-જગતના જિજ્ઞાસુઓ અત્યારથી જ મીટ માંડીને બેઠા છે. ઝુકરબર્ગ તેને એવી ઓનલાઈન દુનિયા ગણાવે છે જેની અંદર તમે પ્રવેશી શકો, એકબીજાને જાણે રૂબરૂ મળતા હોય એમ મળીને સંવાદ કરી શકો, રમતો રમી શકો વગેરે.

આજે પણ, ખાસ તો જૂની પેઢીનો એવો એક વિશાળ જનસમુદાય હયાત છે, જેણે સાદા કિપૅડ ફોન પર ચલાવવા મુશ્કેલ લાગે છે. ત્યાર બાદ એવો વયસ્ક સમુદાય આવે છે જે આધુનિક ટૅક્નોલોજીનો પ્રમાણમાં સારો ઉપયોગ કરી જાણે છે અને છેલ્લે પચ્ચીસથી નીચી વયનો, જનરેશન ઝેડ કહેવાતો અત્યંત યુવા વર્ગ આવે છે, જેમને જાણે ગળથૂથીમાં જ ઈન્ટરનેટ અને ડિજિટલ કલ્ચરના સંસ્કાર મળ્યા છે. આ પેઢી નવી નવી ટૅક્નોલોજી અને ફિચરને વાપરવામાં આગળ પડતી છે. મેટાવર્સ આ અને આવનારી આનાથી પણ ઍડવાન્સ્ડ પેઢીને કેન્દ્રમાં રાખીને તૈયાર થશે, જે ડિજિટલ વિશ્વનું ચક્ર ગતિમાન રાખવા જેટલી ઊર્જાવાન હશે. ખેર, વિકાસ અને પરિવર્તનની ક્રિયામાં કાયમ ભાવિને જ લક્ષ્યમાં લેવાતું હોવાથી ફરિયાદ કરવી અસ્થાને છે.

ક્લાસિક ગણાતી 'મેટ્રિક્સ' સિરીઝની ફિલ્મો કે ૨૦૧૧ની 'રેડી પ્લેયર વન' જેવી ફિલ્મોમાં મેટાવર્સ દેખાડવામાં આવ્યું છે. સાયન્સ ફિક્શન લેખકોમાં એક ધરખમ નામ, નીલ સ્ટિવન્સને ૧૯૯૨ની 'સ્નૉ ક્રેશ' નવલકથામાં મેટાવર્સ શબ્દ પ્રથમવાર પ્રયોજેલો એવી નોંધ મળે છે. કથામાં ભવિષ્યના આર્થિક અને રાજકીય રીતે પડી ભાંગેલા અમેરિકાની વાત છે. સરકારે લોસ એન્જલસ ખાનગી કંપનીઓ અને ધનાઢ્યોને ધરી દીધું છે. લોકો ટેક્સથી છૂટવા માટે આર્થિક વ્યવહારો ડિજિટલ કરન્સીમાં કરે છે. આજનું ઈન્ટરનેટ ભવિષ્યમાં જે જટિલ અને તાકતવર સ્વરૂપ ધારણ કરશે, એને લેખકે 'મેટાવર્સ' નામ આપેલું. ઓનલાઈન આભાસી દુનિયામાં યુઝર જે કાલ્પનિક ગ્રાફિક સ્વરૂપનું શરીર ધારણ કરે, એ માટે એમાં સંસ્કૃત શબ્દ 'અવતાર' વપરાયેલો, જે આજે ઘણો પ્રચલિત થયો છે.

૨૦૧૪માં ફેસબુકે, કાલ્પનિક ડિજિટલ દુનિયાના પ્રવેશદ્વાર જેવા, આંખો પર પહેરવાના વી.આર. હેડસેટ બનાવતી 'ઓક્યુલસ' કંપની ખરીદી લીધી હતી. ફેસબુકે આ જ વર્ષે 'હોરાઈઝોન' નામક પ્રોગ્રામ લોન્ચ કર્યો છે, જેમાં ઓક્યુલસ હેડસેટ પહેરીને એમના દૂર-દૂર રહેતા કર્મચારીઓ પણ આભાસી વર્કપ્લેસમાં



એકબીજા સાથે કામ કરી શકે છે. સ્માર્ટ ચશ્માથી લઈને દિમાગને ડિજિટલ પ્રણાલી સાથે જોડતી ટૅક્નોલોજી જેવું ઘણુબધું ફેસબુકની મુઠ્ઠીમાંથી ધીમે ધીમે ખૂલી રહ્યું છે. તેમ છતાં સાયન્સ ફિક્શનમાં કલ્પવામાં આવેલા જાદુઈ વિશ્વ સમાન મેટાવર્સ સર્જવામાં દોઢેક દાયકા કે વધારે લાગી જશે એવો ફેસબુકનો અંદાજ છે. એ ફક્ત પોતાના જ દમ પર આ કરી શકે એવું પણ નથી. ગેમ ડિઝાઈન કરતી કંપનીઓનું આમાં ધરખમ યોગદાન રહેશે. કેમ કે વિશાળ સ્તરે કાલ્પનિક વિશ્વ સર્જવાનો એમને ઘણો અનુભવ છે. જો બનશે તો, મેટાવર્સ આજના ઈન્ટરનેટના જ અત્યંત વિકસિત સ્વરૂપે વિસ્તરવાનું હોવાથી એના પર માલિકીહક કોઈનો નહીં રહે. એ રીતે એમ પણ કહી શકાય કે મેટાવર્સના સર્જનના મહાયજ્ઞમાં આ ક્ષેત્રની વ્યક્તિઓ, કંપનીઓ, સૌ કોઈ પોતપોતાની રીતે પ્રદાન કરીને સહિયારા પરિશ્રમથી એમાં ભોગ આપશે.

અવિ બાર-ઝીવ નામક ટૅક-જિનિયસનું નામ ભલે અજાણ્યું હોય, પણ એની સિદ્ધિઓ નોંધપાત્ર છે. તેણે કી-હૉલ નામક પ્રોગ્રામ બનાવેલો, જે ગૂગલે ખરીદીને એને 'ગૂગલ અર્થ' તરીકે વિકસાવ્યો. તેણે માઇક્રોસૉફ્ટને હોલોલેન્સ નામક હેડસેટ બનાવવામાં અને સારી એવી નામના મેળવનાર ઓનલાઇન કાલ્પનિક જગત 'સેકન્ડ લાઇફ'ના નિર્માણમાં પણ સહાય કરેલી. એ ઉપરાંત ડિઝની અને એપલે પણ આ ક્ષેત્રમાં એના જ્ઞાનની મદદ લીધી છે. મેટાવર્સ કેવું હશે એ સમજાવવા માટે જ્યારે નીલ સ્ટિવન્સની 'સ્નૉ ક્રેશ'નો ઉલ્લેખ થાય છે, ત્યારે અવિ બાર-ઝીવ અકળાઈ જાય છે. તે કહે છે કે 'સ્નૉ ક્રેશ'માં દર્શાવેલું મેટાવર્સ એક વિકરાળ દુઃસ્વપ્ન જેવું છે. ભવિષ્યનું ઈન્ટરનેટ બીજું ઘણુ બધું બની શકે, પણ એ 'સ્નૉ ક્રેશ'ના મેટાવર્સ જેવું તો ના જ થવું જોઈએ. તેમ છતાં, આ કંઈ તેના એકલાના હાથની વાત નથી એટલે મેટાવર્સનું નિર્માણ એ પ્રકારે જ થશે કે જેથી વપરાશકર્તા પાસેથી જે-તે કંપનીઓ મહત્તમ આર્થિક ફાયદો મેળવી શકે.

પોતાની પ્રાયવસી માટે યુઝરે ડરવાની કે ચિંતા કરવાની વાત એ રહેશે કે આવું મેટાવર્સ તૈયાર થયા પછી એના પ્રભાવ તળે સૌએ એના વપરાશકર્તા બનવું પડશે, તો પછી કઈ હદે એમનો અંગત ડેટા અસલામત રહેશે! ફક્ત સ્ક્રીન પર ટેરવું દબાવતા કે સ્ક્રીન બહાર રહીને ફોટો અને વીડિયો સર્જતા યુઝરની ઘણી બધી માહિતી, એની પસંદ-નાપસંદની સૂક્ષ્મ વિગતો અને બીજું ઘણુ બધું આનો ફાયદો મેળવવા તત્પર ટૅક-કંપનીઓ સામે જાહેર થઈ જાય છે. તો જ્યારે એ પોતાના આભાસી શરીર અને મન સાથે એક એવી માયાજાળમાં હશે, જે તેને વાસ્તવિક દુનિયાથી જરાય ભિન્ન નહીં લાગે, ત્યારે તો એના વર્તન અને મનની અત્યંત ગહન વાતો અનાવૃત થવાનું જોખમ વધી જશે.

આજની આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સિસ્ટમ એટલી શક્તિશાળી છે કે એ બિહેવિયર સ્ટડી વડે જ વ્યક્તિ વિશે ઘણુ જાણી લે છે. આવનારાં વર્ષોમાં એની શક્તિ વધશે ત્યારે આ જાણવાની ક્ષમતા પણ મજબૂત થશે. શિકારી જ ક્યારેક શિકાર થઈ જાય એવી વાતોનો ઉલ્લેખ આપણે ક્યારેક ને ક્યારેક વાંચ્યો જ હશે. ડિજિટલ વિશ્વમાં જે-તે પ્રૉડક્ટનો ઉપભોગ કરવા માણસ પ્રવેશે છે ત્યારે પણ આવું જ થાય છે. ઉપભોક્તા પોતે જ જાણેઅજાણે બીજાના ઉપયોગ માટેની પ્રૉડક્ટ બની જાય છે. સતત અને ઝડપથી બદલાતા આજના ડિજિટલ સિસ્ટમ પર ભારોભાર નભતા વિશ્વમાં એક કે અમુક વ્યક્તિઓ ધારે એમ જોખમની સંભાવના સાથેના પરિવર્તનો આવતાં અટકશે નહીં. ધનાઢ્ય લોકોના સમુદાય પાસે જમા થઈ રહેલો ચિક્કાર પૈસો ધીમે ધીમે રોકાણ પામીને વધતો રહે એ હેતુથી એવી કંપનીઓમાં કે ટૅક્નોલોજી પાછળ લાગે છે, જે ભવિષ્યને આગળ લઈ જવાની અપાર શક્યતાઓ દેખાડે. સામાન્ય માણસ એની સાથે આવનારી બદીઓ સામે એક હદથી વધારે નહીં લડી શકે, પણ એ આ વિષયનું જ્ઞાન મેળવી અને એની પ્રાયવસીનું શક્ય એટલું વધારે રક્ષણ થાય એ ઇચ્છનીય છે.

મેટાવર્સ હાલની અને આવનારી આનાથી પણ એડવાન્સ્ડ્ પેઢીને કેન્દ્રમાં રાખીને તૈયાર થશે, જે ડિજિટલ વિશ્વનું ચક્ર ગતિમાન રાખવા જેટલી ઊર્જાવાન હશે

કૉફી-સ્કિપ્ટ :

ઘણા બધા ભાષાશાસ્ત્રીઓએ સમજવાનો પ્રયાસ કર્યો છે કે શા માટે જુદી-જુદી ભાષાઓ એકબીજામાં ભળવાને બદલે ખંડિત થઈને અલગ-અલગ બોલીઓમાં વિભાજિત થતી જાય છે. ભાષામાં એવી જન્મજાતશક્તિ છે, જેનાથી એ વિવિધ રીતે ફંટાઈને અગ્રહણશીલ બનતી જાય. જાણે ભાષા મગજના મધ્યભાગ આસપાસ સાપ જેમ કુંડળી મારીને વીંટળાતી હોય છે. કમ્પ્યૂટર વાયરસના કિસ્સામાં પણ આવું બને છે. માણસમાં ભાષા પ્રસરે એમ વાઇરસ એકથી બીજા કમ્પ્યૂટરમાં પ્રસરે છે. ('સ્નૉ ક્રેશ' નવલકથાના એક સંવાદ પરથી.)

કેરળ-ચેન્નઇમાં પૂરની વિનાશકતા પર્યાવરણીય પરિવર્તનનું પ્રમાણ છે

ગુજરાત બાદ કેરળ અને ચેન્નઇમાં પૂરની સ્થિતિએ સામાન્ય જનજીવન ખોરવી નાખ્યું છે. ચેન્નઇ થોડાં વર્ષો પહેલાં પાણીની તંગીથી પીડાતું હતું તે આજે વરસાદી આપદા પ્રબંધન મુદ્દે કમર કસી રહ્યું છે તો ઋતુચક્રમાં આવેલા પરિવર્તને ગોડ્સ ઓન કન્ટ્રી મનાતા કેરળમાં ભારે વિનાશ સર્જ્યો છે.

ચેન્નઈમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી ઉનાળામાં પાણીની તંગી વરતાતી હતી. વચ્ચે તો એવી પરિસ્થિતિ નિષ્પન્ન થઈ કે ચેન્નઈને પાણી પહોંચાડવા માટે રેલવેનો ઉપયોગ કરવો પડ્યો. હવે આ વર્ષે ચેન્નઈમાં વરસાદે હાહાકાર મચાવી દીધો છે. ભારે વરસાદના પગલે પરિસ્થિતિ એ હદે વણસી કે કોર્ટે તંત્રને આડે હાથે લેવું પડ્યું. ચેન્નઇ પહેલાં કેરળ અને ઉત્તરાખંડે વરસાદને કારણે તબાહીનો સામનો કરવો પડ્યો. આ વર્ષે આપણે ત્યાં ગુજરાતમાં પણ વરસાદે માઝા મૂકી હતી. જોકે, એ તો સ્વાભાવિક છે કે ઋતુચક્રનું પરિણામ હતું. કમોસમી કે ચક્રવાતને કારણે ભારે વરસાદ નહોતો. ચોમાસાની ઋતુમાં જે વરસાદ વરસે તેના કારણે ભારે વરસાદ પડ્યો અને વિનાશક પૂર આવ્યું, પણ કેરળ અને ચેન્નઈમાં પરિસ્થિતિ થોડી અલગ છે. કેરળમાં ત્રણ જુદા જુદા સમયે વરસાદની મોસમ આકાર લેતી હોય છે. આપણે વિજ્ઞાન અને પર્યાવરણમાં ભણ્યા છીએ કે નૈઋત્યના મોસમી પવનો વરસાદ લાવવાનું કામ કરે છે. ભારતમાં જૂનના મધ્ય ગાળાથી શરૂ થઈ થઈને ઑક્ટોબરની શરૂઆત સુધી ચોમાસું રહેતું હોય છે. એ પછી દરિયામાં હવાનું દબાણ સર્જાય અને ચક્રવાત આકાર લે તો વરસાદ અને વિનાશક તોફાનનો સામનો કરવો પડતો હોય છે.

કેરળ, ઓડિશા, પ.બંગાળ, ગુજરાત જેવા તટવર્તીય વિસ્તારોમાં આ પ્રકારની સ્થિતિ ઉદ્ભવતી હોય છે. હવે કેરળમાં વરસાદની ઋતુ અને ચક્રવાત ઉપરાંત પણ સમગ્ર વર્ષ દરમિયાન જુદા જુદા સમયે વરસાદ વરસતો હોય છે. ત્યાંની આબોહવા અને પર્યાવરણીય પેટર્ન તેના માટે જવાબદાર છે. ચેન્નઈ અને કેરળમાં વરસેલો મુશળધાર વરસાદ અને વિનાશકતા સામે સામાન્ય વ્યક્તિ, તંત્ર, વિજ્ઞાનીઓ સૌ કોઈ લાચાર બની ગયા હતા. એ વાત અલગ છે કે હવે કેરળ અને ચેન્નઈમાં હવે સ્થિતિ થાળે પડી રહી છે. ધ્યાન ખેંચે એવી અને નોંધવાલાયક વાત એ છે કે આવું શા માટે બની રહ્યું છે. જવાબ બધા જાણે જ છે કે પૃથ્વીના પર્યાવરણમાં આવી રહેલો બદલાવ તેના માટે જવાબદાર છે, પણ શું બદલાવ આવ્યો છે. તો જવાબ છે – એ બદલાવ છે દરિયાના તાપમાનમાં થઈ રહેલા ફેરફારનો. સામાન્ય રીતે દરિયાનું તાપમાન ૨૭ ડિગ્રી સેલ્સિયસની નીચે જોવા મળતું હતું, પણ છેલ્લા કેટલાક સમયથી આ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. હવે દરિયાનું તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે. કેરળ દેશભરના પ્રવાસીઓ માટેનું હોટફેવરિટ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન છે, પણ હવે કેરળ પર્યાવરણીય પરિવર્તનનો સામનો કરી રહ્યું છે. તેની આડકતરી અસર એ જોવા મળી રહી છે કે પ્રવાસીઓ કેરળ પ્રવાસનું આયોજન કરવામાં થોડી મૂંઝવણ અનુભવે છે. કેરળમાં ઑક્ટોબર મહિનામાં સામાન્ય વરસાદ કરતાં

ચેન્નઇમાં પણ પૂરે ભારે વિનાશકતા વેરી હતી

૧૧૭ ટકા વધુ વરસાદ નોંધાયો. કેરળમાં વર્ષ ૨૦૧૮માં વિનાશક પૂર આવ્યું હતું. કહેવાઈ રહ્યું છે કે ત્યાર પછી આ સતત ચોથું વર્ષ છે જ્યાં કેરળવાસીઓ મુશળધાર વરસાદ અને વિનાશક પૂરનો સામનો કરી રહ્યા છે. પરેશાનીની વાત એ છે કે પૂરના પાણી તો ઓસરી જાય છે, પણ પૂરને કારણે જે નુકસાન થયું હોય તેમાંથી લોકો બેઠા થવા મથી રહ્યા હોય ત્યાં વળી પાછું પૂર આવે અને જનજીવન થાળે પાળવામાં જે પણ મહેનત કરી હોય તે ફરીથી પાણીમાં ધોવાઈ જાય.

વારંવાર આવતા પૂર, મોસમની પેટર્નમાં જોવા મળી રહેલા વ્યાપક બદલાવે જળવાયુ વિશેષજ્ઞોને સતર્ક કરી દીધા છે. જો કેરળની વાત કરીએ તો જળવાયુ વિશેષજ્ઞોનું માનવું છે કે કેરળની ભૂગોળ અને અસમતલ વિસ્તારે સ્થિતિને બગાડવામાં ખૂબ મોટો ભાગ ભજવ્યો છે. વધી રહેલા સમુદ્રી તાપમાનને કારણે વાદળો બનવાની પ્રક્રિયા ચાલતી રહે છે અને પશ્ચિમી ઘાટ પાસેથી પસાર થવાને કારણે વાદળ ફાટવાની ઘટના વધી રહી છે. સામાન્ય રીતે કેરળમાં એપ્રિલ-મે, જૂન-સપ્ટેમ્બર, ઑક્ટોબર-ડિસેમ્બર મહિનામાં વરસાદ વરસતો હોય છે. વર્ષ ૨૦૧૬ સુધી વરસેલા સરસ વરસાદ અને પેટર્નને કારણે કેરળમાં વીજળીના ઉત્પાદનમાં પણ જોરદાર વધારો નોંધાયો. વર્ષ ૨૦૧૭થી જળવાયુ કેલેન્ડરમાં પરિવર્તન આવી ગયું. તેનો પહેલો સંકેત હતો ઓખી વાવાઝોડું. આ વાવાઝોડામાં ૧૪૩ માછીમારોએ જાન ગુમાવ્યા હતા. એ ઉપરાંત પણ જાનમાલનું નુકસાન થયું હતું. વર્ષ ૨૦૧૭ બાદ ૨૯ જેટલાં વાવાઝોડાં ભારતના સાગરતટીય વિસ્તારોમાં ટકરાયાં. આ ૨૯ વાવાઝોડાંમાંથી ૧૧ વાવાઝોડાંએ અરબ સાગરમાંથી આકાર લીધો હતો. છેલ્લે તાઉતે વાવાઝોડાએ ગુજરાતને ધમરોળ્યું. વિજ્ઞાનીઓ અને પર્યાવરણવિદોનું માનવું છે કે લોકોએ અનિયમિત વરસાદ, પૂર અને ચક્રવાતની સાથે રહેતા શીખવું પડશે. ગ્લોબલ વોર્મિંગ તેના માટે જવાબદાર છે. જે બગડ્યું છે તેને સુધરતા સમય ચોક્કસ લાગશે. ભલે શરૂઆત થઈ ગઈ હોય કે થઈ રહી હોય, પણ આવનારાં કેટલાંક વર્ષો ભારતીયો માટે જ નહીં પણ સમગ્ર વિશ્વ માટે આકરી કસોટી સમાન સાબિત થવાના છે. માત્ર કેરળ જ નહીં, સમગ્ર ભારતમાં માઇક્રોપ્લાનિંગની જરૂર છે.

નદીકિનારાઓ પર અતિક્રમણ, નિરંકુશ ખોદકામ, વધુ પ્રમાણમાં વસતીનું ઘનત્વ અને વેટલેન્ડનું ગાયબ થવું વગેરે કારણો જળવાયુ પરિવર્તનની સ્થિતિમાં આવેલી ઝડપ માટે જવાબદાર છે. પહેલાં વરસાદ પડતો પણ ભૂસ્ખલનની ઘટનાઓ હાલમાં બને છે તેના કરતાં ઓછી બનતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી કેરળ હોય કે ઉત્તરાખંડ, ભૂસ્ખલનની ઘટનાઓના દરમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. તેની પાછળ વરસાદની સાથે જ્યાં ત્યાં નિરંકુશ રીતે થઈ રહેલું ખોદકામ પણ જવાબદાર છે. પર્યાવરણના નિષ્ણાતોના મતે પશ્ચિમી ઘાટ વિસ્તારમાં લગભગ ૬,૫૦૦ જગ્યાએ ખોદકામ ચાલી રહ્યું છે. તેમાંથી માત્ર ૭૫૦ પાસે ખોદકામનું લાઇસન્સ છે. બાકી જે ખોદકામ કરવામાં આવી રહ્યું છે તે ગેરકાનૂની છે. ખોદકામને કારણે પાણીનો પ્રવાહમાં અવરોધ આવે છે અને આ અવરોધ ધીરે ધીરે વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે. ગ્લોબલ વોર્મિંગની સાથે સ્થાનિક સ્તરે વરસાદ જેવી કુદરતી આપદાને પહોંચી વળવા માટે માઇક્રોપ્લાનિંગ કરવું પડશે અને તેના પર સત્વરે અમલ પણ કરવો જ પડશે.

સિવિલ એન્જિનિયરમાંથી હાઇડ્રોલોજિસ્ટ બનેલા અને હાલમાં મુલ્લાપેરિયાર બંધ વિવાદ નિરાકરણ સમિતિમાં કાર્યરત જેમ્સ વિલિયમ્સના મતે કેરળમાં ફ્લડ સ્ટોરેજ કુશન બનાવવું વ્યાવહારિક ઉકેલ નથી. તેનો હવે કોઈ અર્થ પણ નથી. કેરળમાં કુલ ૫૩ બંધ છે 'ને આ બધાય બંધની જળ સંચયની કુલ ક્ષમતા ૫૮૦.૬ કરોડ ક્યુબિક મીટર છે. હવે કેરળ પાસે પૂર દરમિયાન પાણી છોડવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ઉપલબ્ધ નથી. અગાઉ સરકાર પર જળ સંચય નહીં હોવાનો, પૂરતી માત્રામાં પાણી નહીં હોવાનો આક્ષેપ થતો હતો, પણ હવે કેરળમાં પરિસ્થિતિએ વળાંક લીધો છે. જે રાજ્યો ભારે વરસાદને પહોંચી વળવા માટે ફ્લડ સ્ટોરેજ કુશન તૈયાર કરી શકે છે તેમણે તેના પર અમલ કરવો જોઈએ, પણ કેરળ માટે હવે એ વિકલ્પ અયોગ્ય બની ગયો છે. બીજી બાજુ પૂર અને તેના કારણે વેરાયેલી વિનાશકતાની વચ્ચે રાજ્યોની સરકારો પોતપોતાની રીતે રાજકારણ શરૂ કરી દેતી હોય છે. ગુજરાત હોય કે તમિલનાડુ કે પછી કેરળ દરેક જગ્યાએ આ જ સ્થિતિ છે. જોકે પ્રજાને રસ છે સમાધાનમાં. રાજકારણીઓ તેમની રીતે રાજકારણ રમ્યા કરે પણ સામાન્ય જનતાને ધ્યાનમાં રાખીને ઊભી થયેલી પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે કામ પણ કરે એવું લોકો ઇચ્છે છે.■

દરિયાનું તાપમાન ૨૭ ડિગ્રી સેલ્સિયસની નીચે જોવા મળતું હતું, પણ છેલ્લા કેટલાક સમયથી આ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. હવે દરિયાનું તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે

સંવત ૨૦૭૮માં અને ત્યાર પછીનાં વર્ષોમાં શું બનશે? વાસ્તવિક વરતારા

કોરોના સંકટ ખરેખર નાસીપાસ કરનારું સંકટ રહ્યું. લોકોને ટેક્નોલોજીના આવિષ્કારો શિખવાની અને સ્વીકારવાની ફરજ પડી અને તે બાબત આશીર્વાદ રૂપ બની. છતાં તમામની ઉંમર અને માનસિક ક્ષમતા નવું કૌશલ્ય પ્રાપ્ત કરી શકે તેવાં હોતાં નથી, પરંતુ આ પ્રકારની ડિજિટલ સ્કિલ વર્તમાન અને ભવિષ્ય માટે મદદરૂપ નીવડશે. માનવી આ કૌશલ્ય મેળવવાનો હતો તેના કરતાં સાત વરસ અગાઉ મેળવી ચૂક્યો. કોરોના સંકટે તેને ફરજ પાડી. તેનાં શુભ પરિણામો ૨૦૭૮માં જોવા મળશે.

વીજળીથી ચાલતાં વાહનોનો મહત્ત્વનો તબક્કો હવેથી શરૂ થઈ રહ્યો છે

વરસ ૨૦૭૭નો પૂર્વાર્ધ દેશ અને દુનિયા માટે ખરાબ રહ્યો, ઉત્તરાર્ધ પ્રમાણમાં સારો રહ્યો. કોવિડ-૧૯ માટેની વેક્સિનને સફળતા મળી, જોખમ હળવું થયું છતાં હજી ઝળૂંબે છે, પણ લાગે છે કે સૌ સારાં વાનાં થઈ રહેશે. બાળકો અને અલ્પવયસ્કો માટેની વેક્સિન પણ આવી રહી છે. આ સિવાય તમામ ક્ષેત્રે ઘણી આશાસ્પદ બાબતો આકાર લઈ રહી છે, જે જીવનને વધુ સાનુકૂળ બનાવશે. કેટલીક વાતોની શરૂઆત થશે, કેટલીક અમલમાં અર્થાત્ વ્યવહારમાં મૂકાશે, પણ જરૂરી નથી કે બધું શુભમંગલ જ બને. સારું અને નરસું બધું એક સાથે ઘટતું રહેતું હોય છે. માણસ પૃથ્વી પરની પોતાની વ્યવસ્થા અને જાતને ડેન્જર ઝોનમાં લઈ ગયો છે. કોવિડનું જોખમ ટળે અને બીજું કોઈ પણ જોખમ આવી ચડે તેવું બને. માનવીએ પોતાનાં કરતૂતો વડે નવાં અને વિકરાળ જોખમો તૈયાર કરી રાખ્યાં છે.

વૈશ્વિક કટોકટી, ઈમરજન્સી પેદા કરે તેવી ચાર નવી શક્યતાઓ છે. એમાંની કોઈ ૨૦૭૮માં ત્રાટકે કે ન ત્રાટકે, પણ માનવીનાં માથાં પર મંડરાઈ રહી છે. કદાચ આવતાં, કે તે પછીના વરસમાં આવી ચડે. માનવજાતે તે નિવારવા હવેનાં અનેક વરસો સુધી સતત સાવધ રહેવું પડશે. ચાર નવાં જોખમોમાં પર્યાવરણને લગતી કટોકટી વકરે, રોગપ્રતિરોધક દવાઓ અસર ગુમાવી દે, રોગ સામે રક્ષણ આપતી બંધ થઈ જાય. અન્ય પ્રાણીઓનાં શરીરમાંથી માનવીનાં શરીરમાં કોઈ નવા રોગનું સંક્રમણ થાય અને જગતની મહત્ત્વની માળખાકીય (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) વ્યવસ્થાઓને પાંગળી બનાવી દે તેવો સાયબર એટેક આવે. ચીન, રશિયા કે અમુક ત્રાસવાદી સંગઠનો દ્વારા આ પ્રકારના હુમલા આવે તેવી શક્યતા વધારે છે. ઈષ્ટ અને અનિષ્ટ વચ્ચેનાં યુદ્ધો આદિકાળથી ચાલતાં રહ્યાં છે. ઘણા આપણી જાણ વગર લડાતાં હોય છે. જેમ કે ગયા જુલાઈમાં વિજ્ઞાની ડૉ. એડવર્ડ ચાંગે એક 'સ્પીચ ન્યુરોપ્રોસ્થેસિસ' નામનું સાધન વિકસાવ્યું છે. મગજ અને શરીરના અવયવો વચ્ચેનું આ એક કોમ્પ્યુટર ઈન્ટરફેસ અથવા જોડાણ છે. સખત પક્ષાઘાતથી પીડાતી વ્યક્તિ, માત્ર પોતાના વિચારો વડે, નજીક કે દૂરની વ્યક્તિ સાથે પોતાની ભાવના, ઇચ્છા જણાવી શકે છે. એ જે વિચારે અથવા કહેવા માગે તે કોમ્પ્યુટર સ્ક્રીન પર જોઈ શકાય છે.

ગયા જુલાઈમાં જ ડીપમાઈન્ડ નામક કંપનીએ વિકસાવેલા અલ્ફાફોલ્ડ નામના મશીન લર્નિંગ અલગોરિધમ દ્વારા પ્રોટીનનાં નવાં સાડા ત્રણ લાખ સ્ટ્રક્ચરોની પૂર્વભૂમિકા બાંધી આપી છે. આ ડેટા વડે કૅન્સર અને અલ્ઝાઇમર રોગો સામે લડવામાં મહત્ત્વની સફળતા પ્રાપ્ત થશે. ગયા વરસે જ દુનિયાની અનેક કંપનીઓએ કોરોના સામેની રસી પ્રમાણમાં ઝડપથી તૈયાર કરી આપી. આ પણ ગયા વરસે થયેલાં નવાં સંશોધનો (એમઆરએનએ - વેક્સિન)ને કારણે શક્ય બન્યું છે. હવે કોવિડ-૧૯ને મા'ત આપવા શોધાયેલી આ પ્રોસેસને કારણે મેલેરિયા સામેની રસી સફળતાપૂર્વક તૈયાર કરી શકાશે. મેલિરિયા વિરુદ્ધની રસી આ વરસના અંત સુધીમાં વ્યવહારમાં આવી જશે.

વીજળીથી ચાલતાં વાહનોનો મહત્ત્વનો તબક્કો હવેથી શરૂ થઈ રહ્યો છે. અભૂતપૂર્વ સંખ્યામાં વિદ્યુત ઊર્જા આધારિત વાહનો બજારમાં આવી રહ્યાં છે. આ વરસમાં તેનો ધમધમાટ વધુ માત્રામાં જોવા મળશે, પરંતુ વિદ્યુત ઊર્જાનો સંગ્રહ એક મોટી સમસ્યા છે. પવનચક્કી, સૂર્ય ઊર્જા, સમુદ્રી મોજાંની ઊર્જા એકત્ર કરી કોઈ એક સ્થળે સ્ટોર કરવાનું એટલું આસાન નથી, જેટલું આજકાલના પાવરગ્રીડ માટે આસાન છે. તેનું મોટા પાયે વહન કરવું તે પણ એક પડકાર છે, પરંતુ બોસ્ટન, યુ.એસ. ખાતેની 'ફોર્મ એનર્જી' નામક એક નવી કંપનીએ 'આયર્ન-એર' બેટરીઓ વિકસાવી છે, જેના થકી ગ્રીડ જેવડા સ્કેલમાં વીજળીનો સંગ્રહ કરવાનું શક્ય બનશે. ગયા ઑગસ્ટમાં કેમ્બ્રિજ, યુ.કે. ખાતે સૌથી ઝડપી સુપર કોમ્પ્યુટર તૈયાર કરવામાં આવ્યું છે, જે મગજની સિન્થેટિક ઇમેજીસ અથવા પ્રતિકૃતિઓ તૈયાર કરી આપે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિજ્ઞાન વડે તૈયાર થતાં આ સિન્થેટિક મૉડેલ્સ સાચા મગજને સમજવામાં અને વિકસાવવામાં ખૂબ મહત્ત્વની શોધ પુરવાર થશે.

બિઝનેસ કરવાની નવી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) દ્વારા તૈયાર કરાયેલી પૅટર્ન્સ અમલમાં આવશે. કામદારો અને માલિકો બંને માટે ફાયદાકારક નિવડે એવાં કોમ્પ્યુટર આધારિત ઉપાયો, સોલ્યુશન્સ ઉપલબ્ધ બનશે જે ધંધાકીય જોખમોને સારી માત્રામાં ઘટાડશે. એમેઝોન (વિક્રેતા કંપની)ના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (આર એન્ડ ડી) વિભાગ દ્વારા વરસ ૨૦૨૦માં ૩૮ (આડત્રીસ) અબજ ડૉલર ખર્ચવામાં આવ્યા હતા. આર એન્ડ ડી દ્વારા તદ્દન નવાં સંશોધનોથી માંડીને સોલ્યુશન્સ શોધવા માટે આ રકમ વપરાતી હોય છે અને તેમાં ઘણી વખત સફળતા ન મળે તો પણ આટલી ગંજાવર રકમો ઘણી સફળ કંપનીઓ દ્વારા ખર્ચ થતી હોય છે. અમુક અપવાદ સિવાય એકંદરે તેનો ફાયદો મળતો હોય છે, પરંતુ આડત્રીસ અબજ ડૉલરના, અમુક દેશોના કુલ બજેટ પણ હોતાં નથી. બ્રિટનનું રાષ્ટ્રનું આર એન્ડ ડી બજેટ ગયા વરસે ૪૭ (સુડતાલીસ) અબજ ડૉલરનું હતું. એમેઝોન માને છે કે સફળતા પ્રાપ્ત કરવા અને જાળવી રાખવા માટે એવી ટૅક્નોલોજીઓ વિકસાવવા પાછળ ખર્ચ કરવો જરૂરી છે જે ટૅક્નોલોજી આજથી દસ વરસ બાદ ગ્રાહકોને મદદરૂપ નિવડે. જોકે લોકશાહી સરકારો દસ પંદર વરસના ભવિષ્યને અમુક અનિવાર્ય પ્રોજેક્ટ્સમાં જ ગણિતમાં લે છે.

મોટા ભાગે સરકારી રોકાણ એવું હોય છે જેનો બીજી ચૂંટણીમાં જે-તે શાસક પક્ષને ફાયદો મળે.

છેલ્લાં દસ વરસમાં સોશિયલ મીડિયા ખૂબ ફેલાયું છે. એ સિવાય ઇન્ટરનેટ આધારિત સાચી કે ખોટી ચર્ચાઓ અને સમાચારોની ભરમાર ફેલાયેલી છે. તેનાથી નજીકનાં સગાં, મિત્રો સાથે સતત સંપર્કમાં રહેવાનો લાભ મળે છે અને તકરારો, દલીલો, માનભંગ અને દુશ્મનાવટ પણ સર્જાય છે. સોશિયલ મીડિયાનો દુરુપયોગ ટાળવા માટે ફેસબુક, ટ્વિટર જેવી સંસ્થાઓ અને જગતની સરકારો ચિંતાગ્રસ્ત છે, પરંતુ તેનો કોઈ અસરકારક સ્પષ્ટ ઉકેલ મળતો નથી. સોશિયલ મીડિયાના અમુક ગેરફાયદાઓ પણ છે. જેમ કે અમુક સંજોગોમાં અમુક દબાયેલા, કચડાયેલા, કુંઠિત વર્ગના લોકોનું અપમાન થાય છે. તેઓને સતત બોધ અપાય છે કે તેઓ મુખ્ય ધારાના લોકો નથી. આમ છતાં પણ જેમને નિરક્ષીરનો વિવેક હોય તેઓ સોશિયલ મીડિયાના માધ્યમથી જ્ઞાન અને જાણકારી પ્રાપ્ત કરી શકે છે. વિવેક એટલા માટે જરૂરી છે કે ખોટી માહિતીઓ પણ ભરચક હોય છે. બીજો ફાયદો એ છે કે કોઈ પણ અલ્પમત લોકો પોતાની સાથે થઈ રહેલા અન્યાયને જાહેર કરી શકે છે. સમાજ અને સરકારને તે અન્યાય દૂર કરવાની ફરજ પડે છે. આમ એ અવઢવ હંમેશાં રહે છે કે અમુક અનિચ્છનીય માહિતીનું દૂષણ ટાળવા માટે તેને પ્રસિદ્ધ કરવા પર સદંતર પ્રતિબંધ મૂકવો કે કેમ? જો એમ કરાય તો ઘણી વખત વાણી સ્વાતંત્ર્યનો ભંગ થવાની શક્યતા રહે છે. વળી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ જગતભરમાં ફેલાયેલા હોવાથી તેમાં મૂકવામાં આવતી સામગ્રીઓ પર કોઈ એક રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધ મૂકાય તો પણ તે અસરકારક ન નિવડે. સિવાય કે જે-તે આપખુદ રાષ્ટ્રો એ પ્લેટફોર્મ પર સાવ જ પ્રતિબંધ મૂકી દે. ચીનની માફક. પણ સરમુખત્યાર શાસકો જ આવું કરી શકે.

આ બધી સમસ્યાઓ હોવા છતાં સરકારો આ ખેંચતાણમાંથી કોઈક ઉકેલો લાવવા મથી રહી છે. હમણા તો ફેસબુક, યુ-ટ્યૂબ, ટ્વિટર જેવી સંસ્થાઓને અમુક અનિચ્છનીય સાહિત્ય ઉતારી લેવાનું જણાવાય છે. જોકે આ વ્યવસ્થા કોઈ અસરકારક ઉપાય નથી. જ્યાં સુધી સાહિત્ય અશ્લીલ ન હોય ત્યાં સુધી જેને જે કંઈ બોલવું, કહેવું હોય તે કહેવા દેવું જોઈએ. ગામના મોં પર ગળણુ બાંધી શકાતું નથી તેમ સોશિયલ મીડિયાને પણ કાબૂમાં રાખી શકાય તેમ નથી. જોકે સોશિયલ મીડિયાના વર્તનમાં જ્યાં-જ્યાં અસમાનતા અને અસમતુલા જોવા મળે તેને દૂર કરવા આ વરસથી ટેક ઇન્ડસ્ટ્રી નક્કર પગલાં ભરવા તૈયાર થઈ છે. 'ધી ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ' દ્વારા અમુક અલ્પસંખ્યક જૂથો, જેમ કે એલજીબીટીક્યુ પ્લસ (લેસ્બિયન, ગે વગેરે) મહિલાઓ વગેરેને જે અપમાનોનો સામનો કરવો પડે છે તે વિશે અભ્યાસ હાથ ધરાયો હતો. તે મુજબ જગતની ૮૫ ટકા સ્ત્રીઓએ ઇન્ટરનેટ પર એક સ્ત્રી દ્વારા બીજી સ્ત્રી પર ઇન્ટરનેટ પર જે માનસિક હિંસા આચરવામાં આવે છે તે પોતાની નજરે જોઈ છે. એલજીબીટીક્યુ જેવા જૂથોનું અપમાન અને પ્રતાડના ઘણા ગંભીર પ્રકારની હોય છે. એવા જૂથના લોકો આ પ્રતાડના પ્રતાપે માનસિક બીમારીનો ભોગ બને છે. કેટલાક લોકોને બોલતા બંધ કરી દેવાય છે. જો યોગ્ય અનુશાસનાત્મક કાનૂનો નથી તેથી આ દુર્વ્યવહાર વધતો જાય છે, પરંતુ આ વરસમાં આપણે જોઈશું કે અમુક અલ્પમતના લોકો, જૂથો માટે ખાસ પ્લેટફોર્મ અસ્તિત્વમાં આવશે. જે પ્લેટફોર્મ્સ અમુક વરસોથી ચાલી રહ્યાં છે તે પણ અમુક નિયમનો દાખલ કરશે. અમુક એવી સપોર્ટ સિસ્ટમોની મદદ લેવાશે જ્યાં પોતાની વ્યથાઓ, અનુભવો અને ભાવનાઓ વ્યક્ત કરવાનું મેમ્બરને સલામત લાગશે. તેઓ વચ્ચે અંદરોઅંદર એખલાસભર્યા સંબંધો વિકસે તેવી કાળજી લેવાશે. જોકે વિચારોને વ્યવહારમાં મૂકવાનું આસાન નહીં હોય. લગભગ અશક્ય જેવું જ છે. માત્ર મહિલાઓ માટે જ એક 'પીનટ' (સિંગદાણા) નામનું નેટવર્ક પ્લેટફોર્મ તૈયાર કરાયું છે, તેમાં સ્ત્રીઓને ઓનલાઇન સલામતી લાગે તેવું વાતાવરણ રચવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ (પીનટ) પ્રમાણિક છે, સ્ત્રીઓ તેમની જિંદગીના અનુભવોનું આદાન-પ્રદાન કરશે અને સ્ત્રીઓ વચ્ચે મિત્રતા કેળવાશે. તેમાં સ્ત્રીઓના આત્મ સમ્માનની રક્ષા થશે. કોઈ પ્રત્યે નફરતની, તોડી પાડવાની, ટ્રોલિંગની વાત નહીં હોય તેવો પીનટના રચનાકારોનો દાવો છે. પીનટના સર્જકોને આશા છે કે પીનટ જેવા બીજા પ્લેટફોર્મ પણ અસ્તિત્વમાં આવશે. જોકે આ પ્લેટફોર્મ્સમાંથી નીંદામણ, કચરો દૂર કરવા માટે કંપનીઓ ટેક્નોલોજીનો આશરો લેશે કે પછી મેમ્બરોને શિક્ષણ દ્વારા તૈયાર કરશે તે પીનટે સ્પષ્ટ કર્યું નથી. કદાચ મેમ્બર બનાવતા પૂર્વે કેટલીક શરતો બાધ્ય બનાવાશે. ઉપરાંત મેમ્બરની સોશિયલ કેપિટલ અર્થાત્

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નિયંત્રણો લાદવા વિવિધ દેશોની સરકારો કાર્યરત છે

સોશિયલ મીડિયાના વર્તનમાં જ્યાં-જ્યાં અસમાનતા અને અસમતુલા જોવા મળે તેને દૂર કરવા આ વરસથી ટેક ઇન્ડસ્ટ્રી નક્કર પગલાં ભરવા તૈયાર થઈ છે



મહિલાઓ માટે વિશેષ રીતે તૈયાર કરવામાં આવ્યું છે પિનટ પ્લેટફોર્મ

સામાજિક મૂડી પણ ગણાતી રહેશે. નમ્રતા, કરુણા, સમૂહ જીવન વગેરે સદ્‌ગુણોનું વધુ મૂલ્યાંકન થશે. કોઈ પ્રકારની ચર્ચામાં તમે મૂલ્યવાન વિચારો અને વિગતો કેટલા પ્રમાણમાં ઉમેરી શકો છો તેને પણ સોશિયલ કરન્સીની ગણનામાં લેવાશે. અન્ય મેમ્બરો મુશ્કેલીમાં હોય, ભાંગી પડ્યા હોય ત્યારે તમે તેઓને કેવી રીતે ઉપયોગી નિવડો છો તે પણ મહત્ત્વનું ગણાશે. આ પ્લેટફોર્મ પણ જાહેરખબરો અને ડેટા કલેક્શન થકી રૂપિયા કમાવાને બદલે સદ્‌ગુણોના વિકાસને વધુ મહત્ત્વ આપશે, પણ અહીં સોશિયલ કરન્સી વધુ માત્રામાં પ્રાપ્ત કરવા માટે સદાચારનો દંભ આચરવાના પ્રયત્નો થશે. હંમેશાં સારું બની રહેવાનું છે તે બોજ મગજમાં ઘૂસેલો હશે તેથી વાતચીતમાં, ચર્ચામાં મૌલિકતાને બદલે બનાવટ વધુ પેદા થઈ શકે છે. ટિન્ડર નામનું એક વૉટ્સઍપ જેવું પ્લેટફોર્મ ભારતમાં લોકપ્રિય નથી, પણ અમેરિકામાં છે. ટિન્ડરે આ નવા પ્રકારના પ્લેટફોર્મના વિકાસને ઘણુ મહત્ત્વ આપ્યું છે. સોશિયલ મીડિયાનો જલ્દીથી શિકાર બની શકે તેવા લોકોને ઓનલાઈન પર વધુ અસલામતી જણાતી હોય છે. આ દિશામાં ટૅક્નોલોજી કંપનીઓ નવા ઉપાયો વિચારી રહી છે.

હવે પછી જે નવા એક અબજ લોકો ઈન્ટરનેટની દુનિયા સાથે જોડાશે તેઓ વિકસી રહેલા દેશોના લોકો હશે. ઈન્ટરનેટ પ્લેટફોર્મ પર તેઓના વર્તનની અને તેઓના વર્તન પર ઈન્ટરનેટની અસર પડશે. જગતમાં ફેલાયેલી સેવાઓ, પ્રોડક્ટ્સ અને તેની બ્રાન્ડો તેમ જ વેપારવાણિજ્ય પર પણ તેની અસર દેખાશે. કોવિડ-૧૯ના સંકટ વખતે પણ સોશિયલ મીડિયાની સારી અને ખરાબ પરંતુ નવા પ્રકારની અસર આપણે જોઈ. સાચી ખોટી માહિતી ખૂબ ફેલાઈ, પણ સાથે-સાથે શું કરવું જરૂરી છે? કઈ દવા લેવાની હોય છે? કોરોનાની સ્થિતિ કયાં શહેરમાં કેટલા પ્રમાણમાં છે? ઓક્સિજન અને દવાઓ ક્યાં ઉપલબ્ધ છે વગેરે જરૂરી માહિતી પણ હાથવગી હતી. લોકોએ વૉટ્સઍપ, ફેસબુક અને ટ્વિટરના માધ્યમથી ઓક્સિજન જેવી આવશ્યક ચીજોનો પ્રબંધ કર્યો હતો. સરકારની અને સત્તાધીશોની ટીકા કરી હતી તેનાથી સરકાર વધુ ગંભીર બની હતી. જેમ-જેમ વધુ લોકો આ પ્રકારના પ્લેટફોર્મ સાથે જોડાશે તેમ સરકારી વહીવટ પર પણ તેની વધુ અસર જણાશે. કોવિડ-૧૯ના પડકારોએ લોકોને કેટલીક નવી, માનવીય સ્વભાવની વાતો શિખવાડી. તેમ નવાં પ્લેટફોર્મ શિક્ષણ અને જ્ઞાનના ફેલાવા માટે ઉપકારક નિવડશે. કોવિડ સંક્રમણ વખતે આપણા ભારતમાં જ ઘણા બુદ્ધિશાળી લોકોએ ખાસ ઍપ્સ ડેવલપ કરી અને તેના વડે લોકો આસાનીથી ઓક્સિજન, દવાઓ, હૉસ્પિટલોમાં પથારીઓની સ્થિતિ, ખોરાક વગેરેની વ્યવસ્થા અને સ્થિતિ જાણી શક્યા હતા. અહીં જે મહત્ત્વની વાત એ છે કે જેમને માટે જરૂરી હતી એવી ઍપ્લિકેશન માત્ર થોડા દિવસોમાં ડેવલપ કરી વ્યવહારમાં મૂકી દેવી. કટોકટીના સમયમાં દેશના લોકોને એક સૂત્રમાં બાંધી શકાય તેવી ટૅક્નોલોજી ઉપલબ્ધ હોય તે એક મહત્ત્વની અને નૂતન ઘટના છે. હવે પછીના કોઈ પણ વરસમાં કોઈ પણ જાતની હોનારત આવશે ત્યારે સામાન્ય બની ગયેલી ટૅક્નોલોજી જનતાની મદદે આવશે તે લોકો શિખી ગયા છે. એ પ્રકારના અલગોરિધમ તૈયાર થઈ રહ્યા છે, જે પરપ્રાંતીય કે પરદેશીય ભાષા વચ્ચેની મર્યાદા દૂર કરશે. અત્યારે તે થઈ રહ્યું છે, પણ જોઈએ એટલું પૂર્ણ બન્યું નથી. આ વરસે તેમાં પ્રગતિ થશે. હાલમાં નવી ટૅક્નોલોજીના વિકાસ માટે વૈશ્વિક મૂડી રોકાણ નોંધપાત્ર હદે વધ્યું છે. ઈસવીસન ૨૦૨૧ના જુલાઈથી સપ્ટેમ્બરના ત્રણ મહિનામાં જ ૧૫૬ (એકસો છપ્પન) અબજ ડૉલરથી વધુ વેન્ચર કેપિટલમાં રોકાણ થયું છે. વરસ ૨૦૨૦ના આ ત્રણ મહિના દરમિયાન જે રોકાણ થયું હતું તેની તુલનામાં ૨૦૨૧ના આ ત્રણ મહિનામાં ૧૫૭ ટકા વધુ રોકાણ થયું છે, જે એક વિક્રમ છે. નવી ટૅક્નોલોજી માટે રોકાયેલા નાણા હવે પછીનાં તેમ જ આ વરસમાં તેનો રંગ બતાવશે. તાજેતરમાં બેંગ્લોર ખાતે ડેઈલીહન્ટ (સમાચાર ઍપ્લિકેશન) અને ટૂંકા વીડિયો પીરસતી જોશ ઍપ્લિકેશનની કંપનીઓમાં દુનિયાની કેટલીક મોટી કંપનીઓ દ્વારા ૪૫ કરોડ ડૉલરનું મૂડી રોકાણ કરવામાં આવ્યું તે જ બતાવે છે કે સમાચાર અને મનોરંજનોમાં વધુ વિસ્તાર થશે. આવાં અનેક ઉદાહરણો છે જેમાં બેસુમાર નાણા રોકવામાં આવ્યા હોય. આ ઘટના એ હકીકત દર્શાવે છે કે નવી ટૅક્નોલોજીઓની શોધખોળ અને વિકાસ માત્ર સિલિકોન વેલી પૂરતો મર્યાદિત રહ્યો નથી, પરંતુ વિકેન્દ્રિત બન્યો છે. યુરોપના દેશોમાં કંઈક ડેવલપ થઈ રહ્યું છે. સિંગાપુર, હોન્ગકોન્ગ, ચીન, જાપાન, ભારત, દ. કોરિયા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દ. આફ્રિકા વગેરે અનેક સ્થળોએ અનેક ટૅક્નોલોજી ડેવલપ થઈ રહી છે.

કટોકટીના સમયમાં દેશના લોકોને એક સૂત્રમાં બાંધી શકાય તેવી ટેક્નોલોજી ઉપલબ્ધ હોય તે એક નૂતન ઘટના છે. હવે પછી ટેક્નોલોજી જનતાની મદદે આવશે તે લોકો શિખી ગયા છે

અગાઉનાં વરસોમાં અમેરિકા, જર્મની, બ્રિટન અને ફ્રાન્સમાં ટૅક્નોલોજી વિકસતી હતી અને ત્યાં જ પ્રોડક્શન થતું હતું તેવું આજની નવી ઇન્ડસ્ટ્રીઓમાં રહ્યું નથી. આજે જગતમાં લોકોને એમને અનુરૂપ ચીજવસ્તુઓ જોઈએ ત્યારે મળી રહે છે. સિત્તેરના દાયકામાં ભાવનગરમાં એક કસ્ટમ્સ પ્રમાણિત ઘડિયાળો મળવાની છે તેની અફવા ફેલાઈ તેના કારણે લોકોએ દુકાન બહાર લાંબી લાઈન લગાવી હતી. અરધો દિવસ ઊભા રહ્યા પછી ખબર પડી કે આ તો અફવા હતી. કસ્ટમ્સનો પકડાયેલો સામાન પણ વગદાર અધિકારીઓના હાથમાં જ આવતો. જાપાનનું કેટી, એઇટી ટ્વેન્ટી કાપડ, રિકો અને સિકોના ઘડિયાળ, પેન્ટ માટે સ્ટ્રેચેબલ કાપડ વગેરે ૧૦૦થી ૩૦૦ રૂપિયામાં મળતા, પણ લક્ઝરી આઇટમ ગણાતાં. આજે ઘણા એંસી હજારનો સેલફોન એક વરસમાં બદલી નાખે છે. આ ઉદાહરણ ટૅક્નોલોજીનું વિસ્તરણ સમજાવે છે. આજકાલ ઘણા નિષ્ણાતો અને વિદ્યાર્થીઓ ઘરે બેસીને કોઈક નવી ઍપ્લિકેશન ડેવલપ કરે છે અથવા કોઈક યાંત્રિક રચના શોધી કાઢે છે.

ટેક સર્કલમાં આ લોકો સિટીઝન ડેવલપર તરીકે ઓળખાય છે. નિષ્ણાતો કહે છે કે, આ વરસમાં આ પ્રકારના કેટલાક નોન-ટૅક્નિકલ ડેવલપરો વધુ માત્રામાં જોવા મળશે, જે પોતાની રીતે મહત્ત્વના ડેવલપમેન્ટ કરશે. કોરોના પ્રતાપે આ પ્રકારના વિકાસને ખૂબ ઝડપ મળી. પ્રસિદ્ધ મેકિન્સી એન્ડ કંપની દ્વારા ૨૦૨૦ના અંતે એક અભ્યાસ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તે મુજબ લોકો ઘરે બેસીને કામ કરતાં થયાં, બાળકો ભણતાં થયાં તેથી ડિજિટલ પરિવર્તન એટલું ઝડપી બન્યું કે જો કોરોના વગરની શાંત સ્થિતિ હોત તો, આજે મળ્યું છે એટલું પરિવર્તન આણવામાં સાત વરસ લાગી ગયા હોત. સરળ શબ્દોમાં કહીએ તો આજથી સાત વરસ પછી લોકો જે માત્રામાં ડિજિટલ ટૅક્નોલોજી જાણતા હોત અને તે માટેનાં સાધનો (સ્માર્ટફોન, લેપટોપ વગેરે) ધરાવતાં હોત તે આજે ધરાવતાં થઈ ગયાં છે. હવે શાળાઓ ચાલુ હશે તો પણ

મહામારીના કારણે ટેક્નોલોજી ખૂબ ઝડપથી વિકસી અને વિસ્તરી રહી છે

ઘરેથી ભણવાનો અને ઘરેથી કામ કરવાનો ટ્રેન્ડ ચાલુ રહેશે. ઓનલાઈન ટ્યૂશનો આપતી ટૅક કંપનીઓ આજે અબજો રૂપિયાનું મૂલ્ય ધરાવતી થઈ છે. ડિજિટલ પેમેન્ટમાં ગતિ આવી છે તે બધું ચાલુ નવા વરસમાં પણ ખીલતું રહેશે. ટૅક્નોલોજીઓમાં પણ સતત નવીનતા દાખલ થતી રહેશે. ઝૂમ કોન્ફરન્સો અન્યથા આજકાલ યોજાતી ન હોત. તેને સ્વીકૃત બનવામાં અનેક વરસો લાગી ગયા હોત. તેને બદલે સર્વસામાન્ય બની ગઈ. તેનો એક વધુ સારો ફાયદો એ જોવા મળશે કે વિદ્યાર્થી ઘરે બેસીને દુનિયાની નામાંકિત યુનિવર્સિટીનો અભ્યાસક્રમ જોઈન કરી શકશે. જેમાં જાતે હાજર રહીને પ્રયોગો ન કરવાના હોય તેવા વિષયો ઘરે બેસીને પણ ભણી શકાશે.

ગયા વરસમાં જગતની ચાલીસ ટકા નોકરીદાતા કંપનીઓએ ઑટોમેશન અથવા યાંત્રિકીકરણમાં, સ્વચાલિત યંત્રો માટે નાણાનું રોકાણ કર્યું છે. હમણા સુધી તે રોકાણમાં પ્રમુખ હિસ્સો નિષ્ણાતો અને તજજ્ઞોની બનેલી કંપનીઓનો રહ્યો છે, પરંતુ ચાલુ, નવા વરસમાં સિટીઝન ડેવલપરો પણ તેમાં આગળ પડતો ભાગ લેતા હશે. આ પ્રકારના નોન-ટૅક્નિકલ લોકો કોઈ ટેક કંપનીના જૂના કે ચાલુ કર્મચારીઓ જ હોય છે. તેઓ જેમાં કોડની જરૂર ન પડે અથવા અલ્પ માત્રામાં જરૂર પડે તેવા પ્લેટફોર્મ ડેવલપ કરતાં હોય છે. ઘણી વખત તેઓને પોતાને, પોતાની ટીમને કામમાં મદદરૂપ નિવડે એટલા માત્ર હેતુથી તેઓ કોઈ સરળ ઑટોમેશન ડેવલપ કરતા હોય છે. કંપની માટે તેનું ખાસ મૂલ્ય કદાચ ન હોય, પણ આંતરિક કામો માટે, વ્યક્તિગત જરૂરિયાતની ઊંડી સમજણ માટે આ ઍપ્લિકેશનો મહત્ત્વની હોય છે. આ કારણથી ૪૪ ટકા નોકરીદાતાઓ એમના કર્મચારીઓને તે માટેની તાલીમ પણ અપાવે છે. તાલીમ લેનારાઓમાંના ૯૧ ટકા કર્મચારીઓ માને છે કે તેનાથી ખૂબ ફરક પડે છે. ૭૧ ટકા કર્મચારીઓ ઇચ્છે છે કે જે કંપની નવી કે વધુ કુશળતા અપાવે તેવી કંપનીમાં કામ કરવાનું પસંદ કરશે. કેટલાંક એકમો કર્મચારીને પોતાના કામમાં મદદરૂપ થાય તેવા રૉબોટ વિકસાવવા માટેની પ્રેરણા અને સાધનો પૂરાં પાડતાં હોય છે. આ પ્રવૃત્તિઓ એટલી આગળ વધી કે એક કંપનીના એક કર્મચારીએ પોતાના માટે રૉબોટ તૈયાર કર્યો હોય તેવા જ રૉબોટની ડિમાન્ડ બીજી કંપનીઓ પાસેથી આવવા લાગી. આ રીતે એક નવા પ્રકારનો ધંધો શરૂ કર્યો. આ રીતે પ્રોત્સાહનો દ્વારા રૉબોટના ક્ષેત્રમાં જે ક્રાંતિ આવશે તે અનેક કામો આસાન બનાવશે. ઉત્પાદકતા વધશે જે ચીજોને પ્રમાણમાં સસ્તી અને વ્યાપક બનાવશે. આપમેળે ચાલતાં યંત્રો દ્વારા પ્રોડક્શન અને વિતરણનું ચાલીસ ટકા જેટલું કામ પતાવવામાં આવશે. આજકાલ જે ઓનલાઈન ઈ-કોમર્સ કંપનીઓ વેચાણ કરે છે તેના સોર્ટિંગ અને

આજથી સાત વરસ પછી લોકો જે માત્રામાં ડિજિટલ ટેક્નોલોજી જાણતા હોત અને તે માટેનાં સાધનો (સ્માર્ટફોન, લેપટોપ વગેરે) ધરાવતાં હોત તે આજે ધરાવતાં થઈ ગયાં છે



ઓનલાઇન મીટિંગ એપ્લિકેશનોએ લોકોની રોજિંદી જિંદગીમાં પરિવર્તન આણ્યું છે

ડિલિવરી વિભાગની ફેસિલિટીઓ અનેક ચોરસ કિલોમીટરમાં ફેલાયેલી હોય છે અને તેમાં હજારો રોબોટ, એકમેકને ધક્કો માર્યા વગર, ભાઈચારાથી ચીજવસ્તુઓ ગોઠવવાનું કામ કરે છે. હકીકતમાં એમેઝોન, ફ્લેક્સ, યુનાઇટેડ પાર્સલ વગેરેની આ ફેસિલિટીઓ આધુનિક અજાયબીઓ સમાન છે અને આ વરસમાં તેની સંખ્યા વધશે.

આ પ્રવૃત્તિઓના વિકાસ, શિક્ષણ, જાળવણી માટેની હવે નવી પ્રવૃત્તિઓ જોવા મળશે. વિજ્ઞાન આધારિત પ્રગતિમાં મજાની વાત એ છે કે જૂના આયામો અને તેમાંથી મળતાં આર્થિક અને અન્ય લાભો મળતાં બંધ થાય તો નવી ટૅક્નોલોજીમાંથી મળતાં થાય છે. ટેલિગ્રામ ગયા, ફોન આવ્યા, લેન્ડલાઈન બંધ થઈ તો સેલફોન આવ્યા. તેમાં પણ સ્માર્ટફોન આવ્યા. એક પ્રચંડ ઉદ્યોગ જગતભરમાં ફેલાઈ ગયો. દરમિયાન તાર ગયા તો ફેક્સ આવ્યા. ફેક્સ ગયા તો ઇન્ટરનેટ આવ્યું. આ રીતે હવે મશીનીકરણ વધશે. અમેરિકામાં ડિશવૉશરો દાયકાઓથી સામાન્ય છે, પરંતુ આ દિવાળીમાં ભારતનાં બજારોમાં તેની વધુ બોલકી હાજરી જોવા મળી. તેમાં વીજળી, પાણી અને કેમિકલ્સનો અસહ્ય વેડફાટ થાય છે. પર્યાવરણ માટે બિલકુલ સાનુકૂળ નથી. ત્રણેય વસ્તુ પર્યાવરણને જોખમાવે છે. સારી વાત એ છે કે આવાં સાધનોનું પ્રમાણ ઓછું છે તેથી અસહાય સ્ત્રીઓને ઘરનાં કામો મળી રહે છે, પરંતુ વિજ્ઞાન પર્યાવરણને નુકસાનકારક સમસ્યાઓનો ઉકેલ કાઢશે. આ પ્રવૃત્તિઓ સમાંતર ચાલતી રહેશે અને સાથે વિવાદ પણ ચાલતો રહેશે. એક બે દાયકામાં કોઈક પાકા નિર્ણય પર સમાજોએ અને સરકારોએ આવવું પડશે, પરંતુ ૨૦૨૨માં ડિશવૉશરોનું આગમન વધશે, કારણ કે તેની નેગેટિવ અસરોની ચર્ચા હાલમાં ખાસ થતી નથી. એટલું ખરું કે તેમાં રાખેલાં વાસણો સરસ રીતે સાફ થાય. એ પણ ખરું કે ઘરમાં વૉશિંગ મશીન, ડિશવૉશર વગેરે ન હોય તો આરોગ્ય સુધરે, નાણાની બચત થાય. આમ વિચારોની બે છાવણીઓ વચ્ચે ડિબેટો શરૂ થશે, કારણ કે પર્યાવરણ હવે ઇમરજન્સી બની ગયું છે.

આઇટી ઇન્ડસ્ટ્રીઝના ચુંમાળીસ ટકા કર્મચારીઓએ ઑટોમેશન (રોબોટિક્સ વગેરે)ની તાલીમ ગયા વરસે લીધી હતી. જે કર્મચારીઓ પોતાને અપડેટ રાખશે એ જ કામકાજમાં ટકી જશે. બાકીના નદીના ઓવાળની જેમ કાંઠા પર ફેંકાઈ જશે. જોકે આ ઘટના ઘણા સમયથી શરૂ થઈ ગઈ છે, પરંતુ હવે ખૂબ ઝડપી બની છે, તેથી નજરે ચડી છે. હવે જેઓ અઘરા કામો કરે છે તેમણે સતત વિદ્યાર્થી પણ બની રહેવું પડશે. એક વખત બેન્કિંગની પરીક્ષા પાસ કર્યા બાદ નિવૃત્તિ સુધી એક જ તરાહનું કામ કરતા રહો એવું હવે નહીં ચાલે. ગયા વરસે જેઓએ પોતાને અપડેટ રાખવા તાલીમ લીધી તેમાંના ૯૧ ટકા લોકો કહે છે કે નવી તાલીમથી તેઓના પરફોર્મન્સમાં ખૂબ સુધારો થયો છે. ૭૩ ટકા કર્મચારીઓ એવી જ કંપનીઓમાં કામ કરવા માગે છે જે નવી સ્કિલ્સ શિખવાની તકો આપે છે. એવા લોકો અર્થાત્ કર્મચારીઓ ડિમાન્ડમાં રહેશે જેઓ નવી સ્કિલ્સ પ્રાપ્ત કરી રોબોટ સોફ્ટવેર અને હાર્ડવેર તૈયાર કરતા રહેશે. બીજા શબ્દોમાં કહીએ તો 'સિટીઝન ડેવલપરો' ડિમાન્ડમાં હશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, કૃત્રિમ બુદ્ધિનો ઝડપભેર વિકાસ થઈ રહ્યો છે તે મુજબ આપમેળે ચાલતાં યંત્રોની કામગીરીમાં ગજબનાક વિકાસ થશે. આજે દુનિયાની તમામ અગ્રણી કંપનીઓ ટૅક્નોલોજીની કંપનીઓ છે. તેલ, કૂડનાં વળતાં પાણી શરૂ થયા છે. જૂની ઇકોનોમીના ઉદ્યોગો જેવા કે પરંપરાગત ઢબનું પાવરજનરેશન, ટ્રાન્સપોર્ટ, કૃષિ, વેપાર વગેરેમાં ખાસ રળતર નથી. આજે ભારત અને દુનિયામાં ટૅક્નોલોજી આધારિત હજારો નવી, સ્ટાર્ટ-અપ કંપનીઓ આગળ આવી રહી છે. અજાણ્યા ગામનાં યુવાન-યુવતીઓ માત્ર થોડાં વરસોમાં અબજોપતિ બની રહ્યાં છે. લક્ષ્મી પ્રાપ્ત કરવાનો માર્ગ સરસ્વતીના મંદિરમાંથી પસાર થવાનો છે. જે મા-બાપ, બીજી કોઈ લપ્પનછપ્પનમાં પડ્યા વગર એકાગ્રચિત્તે બાળકોના શિક્ષણ માટે સમય આપશે તેઓની એ મહેનત ઊગી નીકળશે. જ્ઞાનની તરાહો અને તેના પ્રકારો સતત બદલાતાં રહે છે. તેનો ફાયદો એ છે કે નવા લોકોને પણ તકો મળતી રહે છે. હાલમાં પૃથ્વી અને તેનાં લોકો, પ્રકૃતિની દિશા જોઈને લાગે છે કે કુદરતનો આ કાર્યક્રમ હજી ખૂબ લાંબા યુગ માટે ચાલવાનો છે. બારમી સદીમાં જે બળદગાડાથી ખેતી, પ્રવાસ કરતા હતા એ જ રીતે પંદરમી, સત્તરમી અને વીસમી સદીમાં કરતા હતા તે યુગ હવે પૂરો થયો. સતત વિસ્મયકારી નવાં નવાં સાચાં દ્રશ્યો સામે આવતાં રહેશે અને ભવિષ્યમાં તેની કોઈ અચરજ નહીં હોય.

આજે આપણે, ભાષા, ધર્મ, પરંપરા માટે લડી રહ્યા છીએ. શક્ય છે કે અમુક સદીઓ બાદ માનવી એના પૂર્વજોની માન્યતાઓ

એવા લોકો અર્થાત્ કર્મચારીઓ ડિમાન્ડમાં રહેશે જેઓ નવી સ્કિલ્સ પ્રાપ્ત કરી રોબોટ સોફ્ટવેર અને હાર્ડવેર તૈયાર કરતા રહેશે

બાબતે હસતો હશે. આજની અગડમ બગડમ વાતો કોઈ માનશે નહીં. જે થોડા ઘણા માનતા હશે તે અટૂલા પડી જશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વડે જે વાતો તાર્કિક હશે તે સમજાવવાનું ખૂબ સરળ અને અસરકારક બનશે. તમામ ધર્મો ઉટપટાંગ અને પરસ્પર વિરોધી વાતોથી ભરેલાં છે. લોજિક જગતની સૌથી મોટી મહત્ત્વની ચીજ છે. ભવિષ્યની પેઢી લોજિકનો મહત્તમ ઉપયોગ કરશે. કોઈ પણ અકળાવનારા સવાલના જવાબો હાથવગા હશે. આજે છે પણ ખોટા વિચારોનો મારો લોજિકને આગળ વધવા કે ટકવા દેતો નથી. ભવિષ્યમાં લોજિકના આધારે વાત કરનારાઓ વધારે હશે તેથી ખોટા લોકોનો ખોટો માર દૂર થશે. આમ તો આ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને તેથી સ્થાપિત હિતો નવા શિક્ષણનો વિરોધ કરી રહ્યા છે, પરંતુ તેઓ પરિવર્તનને અટકાવી શકવાના નથી, કારણ કે કુદરત પરિવર્તન ઇચ્છે છે. એક સમયે જે વાતો, બાબતો, રૂઢિ સંસ્કાર અને સંસ્કૃતિનો અતૂટ હિસ્સો ગણાતી હતી તે આજે હાસ્યાપદ લાગે. અમુક જાતિમાં વિધવાઓએ મુંડન કરાવીને આજીવન, સમાજમાં એની હાજરી ન દેખાય એ રીતે જીવવું પડતું હતું. અમુક કોમની સ્ત્રીઓ, ભદ્ર વર્ગની સ્ત્રીઓએ પણ, બ્લાઉઝ પહેરવાનું ન હતું. છાતી પર માત્ર સાડી વીંટાળવાની હતી. આવી પ્રથા સામે વિરોધ થયો ત્યારે તેનો બચાવ કરનારા પણ ઘણા હતા. હજી વીસ-ત્રીસ વરસ અગાઉ લિવ-ઇન રિલેશનશિપ ઘૃણાસ્પદ જણાતા હતા. વિદેશોમાં આ પ્રથા શરૂ થઈ ત્યારે તેની વાતો ભારતીય માનસને જુગુપ્સા પ્રેરતી હતી.

હવે સરકારો અને ઉદ્યોગો દ્વારા પણ માળખાકીય સવલતો માટે મોટાં મૂડી રોકાણો શરૂ થશે. રેલવે, બંદરો, વિમાન સેવાઓ, મહામાર્ગોની સવલતો અસાધારણપણે વધશે. તેનાથી રોજગારી વધશે અને સરકારોની લોકપ્રિયતા માટે આ બંને આયામોનો વિકાસ જરૂરી હશે. હમણા સુધી ભારત જેવા દેશોમાં ધંધો હતો, ડિમાન્ડ હતી, પણ સાધનો અને સપ્લાય ન હતા. રેલવેની ટિકિટોની ડિમાન્ડ

ક્રમબદ્ધ રીતે કામ કરે અને કામને સરળ બનાવે તે રીતે ડિઝાઇન કરાયા છે રોબોટ

હતી, પણ રેલવે ન હતી. હવે તેમાં સુધારો થઈ રહ્યો છે છતાં ડિમાન્ડ છે જ. થોડાં વરસો પછી ખાનગી ક્ષેત્ર, બિઝનેસ સેક્ટર તેમાં જોડાશે એટલે જૂની ડિમાન્ડને પહોંચી વળશે અને નવી ડિમાન્ડ ઊભી કરવા વધુ સારી સેવાઓ પૂરી પાડવી પડશે. જેમ કે ઈન્ટરનેટની વધુ ઝડપી સેવાઓ માટે સમુદ્રના તળિયે વધુ અને વધુ કેબલ પાથરવામાં આવી રહ્યા છે. વાઈ-ફાઈ સર્વિસ માટે હમણા જ ઉપગ્રહોનાં ઝૂમખાંઓ છોડવામાં આવશે. તેનાથી દુનિયાના કોઈ પણ ખૂણામાં ઈન્ટરનેટ સેવા મેળવી શકાશે. મધદરિયે દૂર તરતાં જહાજો કે ઊંડા જંગલોમાં ઈન્ટરનેટ સેવા મળશે. આ ક્રાંતિ કોમ્યુનિકેશન્સ (પ્રત્યાયન)ની દિશામાં એક માઇલસ્ટોન બનશે અને તે પણ સંવત ૨૦૭૮ના વરસમાં. આ કનેક્ટિવિટી (જોડાણ)ને પ્રતાપે ગ્રામ્ય અને શહેરી વિસ્તારો વચ્ચેનો ભેદ અને તફાવત હળવો કરવામાં મોટી મદદ મળશે. આજે પણ જગતમાં એવા બ્લેક સ્પોટ અથવા મજાકમાં જેને બ્લેક હોલ કહેવાય એવા વિસ્તારો છે જ્યાં સંદેશાવ્યવહારનાં કોઈ સિગ્નલો પહોંચતાં નથી અને એ પ્રદેશોમાં સાઠ કરોડ લોકો વસે છે. તેઓ કોઈ નેટવર્કની રેન્જમાં આવતાં નથી. રાજસ્થાનમાં આધાર કાર્ડના માધ્યમથી રેશન લેવા માટે ઈન્ટરનેટ જોડાણની જરૂર પડે અને કનેક્શન મળે તે માટે લોકોએ ઝાડ પર ઊંચે ચડવું પડે છે.

એક વખત સમગ્ર દુનિયા પાવરફુલ કનેક્શન્સ કે નેટવર્કમાં જોડાઈ જશે પછી જગતભરમાં તેનાં આર્થિક સુફળો મળતાં થશે. ઈન્ટરનેશનલ ફિનાન્સ કોર્પોરેશન જે વર્લ્ડ બેન્કનો એક હિસ્સો છે તેના સરવે મુજબ મોબાઇલ-ઈન્ટરનેટનો વ્યાપ અથવા વિસ્તારમાં દસ ટકાનો વધારો થાય ત્યારે જગતના માનવીઓની માથાદીઠ આવકમાં પણ બે ટકાનો વધારો થાય છે. દેશની પરકેપિટા જીડીપીમાં પણ બે ટકાની વૃદ્ધિ થાય. પાવરફુલ ઈન્ટરનેટના પ્રતાપે ઘરે બેસીને કામ કરતા લોકોની સંખ્યા વધશે જે ગીચ શહેરોમાં વાહનવ્યવહાર સેવા પરનું દબાણ અને ભારણ ઘટાડશે. ૨૦૭૮માં ઘરે બેસીને કામ કરતાં લોકોની સંખ્યા વધશે. કોઈ ગામડાનો આઇટી ભણેલો કિશોર, પોતાના ગામે જઈ આઇટીને લગતું કામ કે નોકરી કરી શકશે અને પોતાની નાની-મોટી ખેતીવાડીનું ધ્યાન પણ રાખી શકશે. આ વરસથી દેશમાં ફાઇવ-જી સેવાનો પ્રારંભ થશે. તૈયારીઓ ચાલી રહી છે. અમલમાં અથવા વ્યવહારમાં મૂકાય એટલી વાર છે. જોકે ઓપરેટરો (જિયો, વોડાફોન, એરટેલ જેવી કેરિઅર કંપનીઓ)ને તેમાં ખાસ ઉપાર્જન થશે એવું લાગતું નથી. જોકે ફોર-જી સેવા લાંબો સમય માટે અગ્રેસર રહેશે તેમ નિષ્ણાતો કહે છે.

કોરોના સંકટમાં જેમણે ઓનલાઇન વેપાર કર્યો તેઓનો વેપાર બીજા સામાન્ય વેપારીઓની સરખામણીમાં ૮૦ ટકા જેટલો

કોઈ ગામડાનો આઇટી ભણેલો કિશોર, પોતાના ગામે જઈ આઇટીને લગતું કામ કે નોકરી કરી શકશે અને પોતાની નાની-મોટી ખેતીવાડીનું ધ્યાન પણ રાખી શકશે

આવનારા સમયમાં ઓગ્મેન્ટેડ રિયાલિટીની બોલબાલા રહેશે

વધારે થયો. તેઓએ અન્યોની તુલનામાં ત્રણ ગણા વધુ લોકોને નોકરી આપી હતી. આ નિષ્કર્ષ 'કનેક્ટેડ કોમર્સ કાઉન્સિલ' દ્વારા જાહેર કરાયો છે, જેણે ગૂગલ માટે અભ્યાસ હાથ ધર્યો હતો.

સંવત ૨૦૭૮માં ઓનલાઈનના છત્રમાં લગભગ અરધાથી વધુ દુનિયા આવરી લેવાશે. આ નેટવર્કમાં નવા જોડાનારા પણ વધુ હશે અને એ રીતે લગભગ તમામ ધંધાઓ ડિજિટલ કારોબાર બની જશે. આમાં મોબાઈલ બેન્કિંગ અને મોબાઈલ પેમેન્ટનો મહત્ત્વનો હિસ્સો રહેશે. આજે ગૂગલ પે, પેટીએમ, ભારત પે વગેરે અનેકનો વ્યાપકપણે ઉપયોગ થઈ રહ્યો છે. આ બધી સેવાઓનો જે ઝડપે વ્યાપ વધી રહ્યો છે તે પરથી સમજી શકાય છે કે તે સમાજ માટે ઘણી ઉપયોગી અને અનુકૂળ સાબિત થઈ રહી છે.

દુનિયામાં હજી આજે એવા ૧૭૦ કરોડ લોકો છે જેમનાં જૂના ઢબની સાદી બેન્કોમાં પણ ખાતાં નથી. તેઓમાંથી બધા નહીં, પણ ઘણા આ વરસે બેન્કોમાં ખાતાં ખોલાવશે અને મોબાઈલ પેમેન્ટની સેવા મેળવતાં થશે. આ વ્યવસ્થાને કારણે પ્રાદેશિક ભેદભાવો તેમ જ સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવો ઓછા થશે. નાના ધંધા ધરાવતા લોકો પણ મોબાઈલ લેવડ-દેવડ માટેની કુશળતા પ્રાપ્ત કરશે. તેઓ ઑફિસો, દુકાનો અને ખેતીવાડી ઉત્પાદનનું કેશલેસ પેમેન્ટ કરતાં થશે. જે ધંધાને તંદુરસ્ત બનાવશે. સ્ત્રીઓની પણ તેમાં મહત્ત્વની ભૂમિકા હશે. ભારતમાં આજે સ્ત્રીઓના ઉત્થાન માટે પુરુષો એક મતે સહિયારો સાથ આપી રહ્યા છે, તે અદ્‌ભુત અને પ્રશંસનીય બાબત છે અને દેશની મોટા ભાગની બહેનો આ નવી જવાબદારીઓનું વહન અસાધારણ નિષ્ઠા, દ્રઢતા અને દિમાગ સાથે કરી રહી છે. આ વરસ અને એ પછીનો સમય આ પ્રગતિને સુંદર રીતે આગળ ધપાવશે.

ઇન્ફોર્મેશન ટેક્નોલોજીની વાત કરીએ તો કોમ્પ્યુટર અને મોબાઈલ ડેટાની સલામતી જળવાય તે માટેના કેટલાક મહત્ત્વના ફીચર આવશે જે હૅકિંગને મુશ્કેલ બનાવશે. જોકે આવી આગાહીઓ વરસોથી થાય છે, પણ અસરકારક નીવડતી નથી. બીજી એક રાહ અમુક વરસોથી જોવાઈ રહી છે કે એપલના વડા ટીમ કૂક એપલના વર્ચ્યુઅલ રિઅલિટી (વીઆર) હેડસેટ સંવત ૨૦૭૮માં લોન્ચ કરશે. હાલમાં આ ક્ષેત્રમાં ફેસબુકના 'ઓક્યુલસ ક્વેસ્ટ' ઉપરાંત 'પ્લેસ્ટેશન વીઆર', 'વાલ્વ ઇન્ડેક્સ' અને 'એચટીસી વાઇવ' વગેરે માર્કેટમાં છે, પરંતુ એપલના વી.આર. હેડસેટની અમુક ખાસ કારણોથી રાહ જોવાઈ રહી છે.

એક તો એ ધારણા છે કે એપલના છે તેથી અલગ અને શ્રેષ્ઠ પ્રકારના એ હેડસેટ હશે અને બીજું કારણ ખૂબ મહત્ત્વનું છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ હેડસેટ વડે ધારક બહારની દુનિયામાં રહેલા કાપડ અને અન્ય મટીરિયલોનું અને અંદર મેકબુક અને આઈફોન સાથે વાયરરહિત કનેક્શન જોડી શકશે. ટૂંકમાં, હેડફોન ધારક કોઈ પણ સ્ટોરના કાપડ વિભાગમાં ઓનલાઈન, વર્ચ્યુઅલ કેમેરા સાથે પ્રવેશ કરીને, યાદ રહે કે પોતાના ઘરે બેસીને ઓનલાઈન પ્રવેશ કરી શકશે અને વસ્તુને સ્પર્શ કરી શકશે. આ પ્રકારના અનુભવને ઓગ્મેન્ટેડ રિઅલિટી કહે છે. આમાં ઓનલાઈન ખરીદી કરવા માટે સામેવાળા સ્ટોર્સ દ્વારા પણ એ પ્રકારના સોફ્ટવેર તૈયાર કરવા પડશે. કદાચ આ ટેક્નોલોજી વ્યાપક, વ્યવહારુ બનતાં વરસો લાગે, પણ તે પ્રકારના હેડસેટ આ વરસે બજારમાં મુકાશે. બીજી દુકાનોનો માલ આ રીતે કેટલા પ્રમાણમાં વેચાશે એ તો હેડસેટ વપરાશકારોના અનુભવ પર રહેશે, પરંતુ એપલની એ માટેની ડિજિટલ ઍપ્લિકેશન (ઍપ) ખૂબ વેચાશે તે ચોક્કસ છે.

તાજેતરનાં વરસોમાં બેન્કિંગ અને ફિનાન્સિયલ સેવાઓમાં હરણફાળ પ્રગતિ થઈ છે. આજથી ત્રીસ વરસ અગાઉ મકાન બાંધવા માટે બેન્કો લોન આપતી ન હતી. પછી શરૂઆત કરી. વ્યાજનો દર ખૂબ ઊંચો. દસ્તાવેજો પર દસ્તાવેજો માગતા રહે. જે સરકારી કચેરીમાં દસ્તાવેજ માગો એને સાથે નૈવેદ્ય પણ જોઈતા હોય. એ મોડું કરે. બેન્કના ઓફિસર મોડું કરે. વચ્ચે વચેટિયા એજન્ટોની એક ગેરકાયદે એજન્ટોની એક મોટી ફોજ હોય. તમને લોન આપે તેના પાંચ દસ ટકા તો એ લોકો આપતા પહેલાં હડપ કરી જાય, પણ હવે સિનારિયો બદલાઈ ગયો છે. તમારી નાણાકીય પ્રવૃત્તિઓ સવળી અને ભરોસેમંદ હોય તો થોડા દિવસોમાં લોન મળી જાય. અગાઉની જેમ મહિનાઓ અને વરસો લાગતા નથી. અગાઉની જે સિસ્ટમ હતી તેમાં નાલાયકોને વધુ લોન મળતી હતી. અહીં આપણે વ્યક્તિગત લોનની વાત કરી રહ્યા છીએ. કંપનીઓ અને ચંદા કોચર વગેરે મળીને કંપનીઓને અપાતી હતી તે લોનની વાત કરી રહ્યા નથી. મકાન, વાહનો, ધંધા માટેની વ્યક્તિગત લોન ઝડપથી મળે છે. સ્કૂટર, કાર, મોંઘા કે સસ્તાં સેલફોન

ભારતમાં આજે લોકો દર મહિને 3 અબજ ડોલર અર્થાત્ ૨૨૫ અબજ રૂપિયાની લેતી-દેતી મોબાઇલ સેવાઓ મારફતે કરે છે. આ સાધનોથી નાની-મોટી રકમના વહેવારો આસાનીથી થઈ શકે છે

માટે એ વસ્તુના સ્ટોર્સ કે દુકાનદારો જ લોન અપાવવાની તજવીજ કરી આપે છે. લોન સેવા આપતી સંસ્થાઓ અને ઍપ્લિકેશનો ફૂટી નીકળ્યાં છે, જેમાંના અમુકથી ચેતવા જેવું પણ હોય છે. છતાં લોકોના ઇરાદાઓ સારા હોય તો લોન મળી જાય છે અને ઝડપથી મળી જાય છે, પણ ઇરાદાઓ સારા છે તે કેવી રીતે નક્કી કરવું? તો તે માટેની કેટલીક વિશ્વસનીય ક્રેડિટ રેટિંગ એજન્સીઓ છે. જે તમારી જાણ બહાર તમારો ક્રેડિટ સ્કોર નક્કી કરતી હોય છે. તમે પૂછો તો તમને તમારો સ્કોર પણ જણાવે. ભલે તેને વિશ્વસનીય માનવામાં આવે, પણ એની પાસે તમારા વિષેની પાકી બાતમીઓ હોતી નથી. તમારા ડિજિટલ ટ્રાન્ઝેક્શનો, ખરીદી, પેમેન્ટ વગેરેના આધારે એ નક્કી કરે. ભારતની બીજી ખ્યાતનામ બેન્કોએ વીસ વરસ અગાઉ ગુંડાઓની વસૂલાત ટોળકીઓને આઉટસોર્સ કરી બેન્કોની શાખને બટ્ટો લગાવી દીધો. ભારતીય માનસને છૂટ આપો તો ધંધાને વધુ એક નીચા લેવલે લઈ જાય. પછી ભલે એ બેન્કોનાં મૂળ વિદેશમાં હોય. અધિકારીઓ તો ભારતીય કુળનાં જ. એક તો ગમે તે આમજી-ભામજીને, જોખમો બરાબર સમજાવ્યા વગર કાર્ડ આપી દીધા. તમે કહો કે કાર્ડ સાથે એક કિલો મીઠાઈ લેતાં આવજો, તો ત્રણ કિલો લઈને આવે. વાસ્તવમાં કોઈ પણ બેન્કની પોતાની ક્રેડિટ જણાવે, જાહેર કરે તેવી કોઈ ઍપ્લિકેશન વિકસાવવાની જરૂર છે.

આ તાજેતરના ભૂતકાળની વ્યથા છે. એ બેન્કોમાંથી અમુક તો બંધ પડી ગઈ. અમુક બેન્કોના ક્યારેય ભાવ ન ઊંચકાયા. અમુક બચી ગઈ છે. જો ડિજિટલ યુગનાં પગરણ ન થયાં હોત તો ઉમદા હેતુઓ આગળ ધરીને ગ્રાહકોને લૂંટવાની એ રીત બેન્કોએ આજે પણ ચાલુ રાખી હતી. આજના ડિજિટાઇઝ યુગમાં જાણવા કારવવાની સુગમતાઓ ખૂબ વધી છે.

આજના સમયમાં નાણાકીય સેવાઓનો વ્યાપ વધ્યો છે. બેન્કોને બાજુએ રાખીને વધ્યો છે એટલે બેન્ક સેવાઓએ પણ તેમાં 'ઉમદા ભાવના' સાથે જોડાવું પડ્યું છે. કુકર્મોને કારણે આ બેન્કોમાંની કેટલીકનો સફાયો થઈ જવાનો હતો. ભલું થજો ફિનટેક (ફિનાન્સિયલ ટૅક્નોલોજી) અને બિગ ટેક કંપનીઓનું જેણે આર્થિક બાબતોમાં નવી તરાહ આણી. જોકે તેની આડઅસર તરીકે જૂની-નવી બેન્કોને પણ ફાયદો થયો છે. તમે ગૂગલ-પે દ્વારા ચુકવણી

ડિજિટલ ટ્રાન્ઝેક્શન લોકપ્રિય બન્યું છે અને ભવિષ્યમાં તેનો વપરાશ વધશે

કરી શકો, પણ તે માટે બેન્કમાં ખાતું હોવું જરૂરી છે, પરંતુ લોન અને નાણાની ટ્રાન્સફર બાબતમાં બેન્કો કરતાં ફિનટેક કંપનીઓ પર લોકો વધુ આધાર રાખવા માંડ્યા છે. આજકાલ લોન મેળવવી હોય તો ઘણી પ્રતિષ્ઠિત અને ખાનગી માલિકીની સંસ્થાઓ છે. લોની (લોન લેનાર) પાસે વિકલ્પો ઉપલબ્ધ છે, તેની સંખ્યા વધી રહી છે અને આ વરસે તેમાં વધારો થશે. લોનના દર પણ ઘટ્યા છે. જોકે લોન આપનારાઓની સંખ્યા વધી જશે ત્યારે ગ્રાહકો અવઢવમાં ફસાઈને ખોટી પસંદગી કરી બેસે તેવું જોખમ રહે છે, પણ ડિજિટલ લોન ભણેલા લોકો જ વધુ લેતા હોય છે. તેથી જોખમ એટલું ગંભીર રહેતું નથી. અમુક એવી ઍપ્સ છે જે માત્ર પાંચથી દસ મિનિટમાં લોનની અરજી ઓનલાઇન પાસ કરી તમારા ખાતામાં ઓનલાઇન નાણા પણ મોકલી આપે છે. જોકે ખૂબ સરળતાથી મળે છે એટલે લોન લેવી જોઈએ એ ફંડા પાયામાંથી ખોટો છે. અનિવાર્ય જરૂર પૂરતી જ લેવી જોઈએ એ જ્ઞાન જૂનું અને પુરવાર થયેલું છે. આ વરસે અને હવે પછીનાં વરસોમાં 'સાહેબ અથવા મૅડમ, લોન જોઈએ છે કે?' એવા ફોન કૉલ કે મેસેજ વધી જશે. હવે તો વૉટ્સઍપ પર કદાચ પીછો થશે.

હવે ઓપન બેન્કિંગ અર્થાત્ પારદર્શક બેન્કિંગનો સમય આવશે. વિસ્તૃત ડેટા ઉપલબ્ધ બનવાથી ગ્રાહક યોગ્ય લોનદાતાની પસંદગી કરી શકશે. ગ્રાહકોએ પોતાએ પણ વિશ્વાસપાત્ર સંસ્થા પર વિશ્વાસ મૂકવો પડશે અને વ્યક્તિગત ડેટા અને માહિતીઓ પૂરા પાડવા પડશે. આવા ડેટા પૂરા પાડવાથી અમુક નાણા સંસ્થાઓ કઈ પદ્ધતિ જે-તે ગ્રાહકોના હિતમાં છે વગેરે બાબતોનું ભરોસાપાત્ર માર્ગદર્શન આપશે. અન્ય કોઈ સારા વિકલ્પો હશે તેની ગ્રાહકને જાણ કરશે. હવે ડેટા ટ્રાન્સફરની એવી સલામત પદ્ધતિઓ આવશે જેમાં ગ્રાહક ડર રાખ્યા વગર બેન્કોને પોતાનો ડેટા ઓનલાઇન સોંપી શકશે. જોકે એ વાત પણ સાચી છે કે જગતના હૅકરો મોટા મોટા દાવાઓને જૂઠા સાબિત કરે છે. જે રીતે પેગાસસે વૉટ્સઍપના ઇન્સ્ક્રિપ્શનનો દાવો ખોટો પાડ્યો છે.

જોકે આંતરરાષ્ટ્રીય સરકારો હૅકિંગ બાબતે અને સોફ્ટવેર પર કબજો જમાવી, તે છોડવા માટે રેન્સમવેર તરીકે મોટી રકમો પડાવતાં લોકો સામે એક થવાના પ્રયત્નો કરી રહી છે. આવા લોકો જ્યાંથી ડેન (અડ્ડો) ચલાવતા હોય ત્યાં ત્યાંથી ખોળીને પકડી પાડવા માટે દેશો વચ્ચે એકતા જરૂરી છે. રશિયા અને ચીન જેવા દેશો અમેરિકા, યુરોપને લૂંટવા અને નબળા પાડવા એ દેશોની મહત્ત્વની સંસ્થાઓ હૅક કરવા માટે ગુંડાટપોરીઓને નહીં પકડીને આડકતરું પ્રોત્સાહન આપતી હોય છે. રશિયા, ચીન વગેરેમાં તો એ લોકોને ગુપ્તવાસમાં રહેવાની સવલતો અપાય છે. આ પ્રવૃત્તિઓ તો જ અટકે જો એ ટપોરીઓને થતાં ફાયદા સામે એને સંઘરનાર દેશને મોટું નુકસાન પહોંચે. વેપારમાં બહિષ્કાર, આર્થિક પ્રતિબંધ, સામેથી વળતી ચોટ મારી મોટું નુકસાન પહોંચાડવું વગેરે જવાબોથી કોઈ આશ્રયદાતા દેશને લાઇનમાં લાવી શકાય. ■

‘ફિશિંગ કેટ’ SOS

ચિલીકા સરોવર વિસ્તારમાં જોવા મળતી આ બિલાડી લુપ્ત થવાના આરે છે

બિયાને સૌ બોલાવે અને દૂબળાને સૌ દબાવે, આ ફક્ત માણસો સાથે નહીં, પણ પ્રાણીજગતમાં અને પ્રાણી સંરક્ષણ મામલે પણ આવું જ થાય છે. જ્યારે આપણે કહીએ કે પ્રાણીની અમુક પ્રજાતિ ખતરામાં છે, ત્યારે આપણા મનના ખૂણામાં વાઘ, સિંહ, હાથી કે રીંછ જેવા પ્રાણીઓની આકૃતિ બનવા લાગે અથવા તો વિચાર આવવા લાગે. કેમ સાચુંને, પણ અહીં અમે કોઈ મોટા પ્રાણીની વાત કરવાના નથી. અમે તો વાત કરવાના છીએ વાઘની માસી, મીનડી કે મીની કહી બોલાવીએ છીએ તેની.. કેમ નવાઈ લાગીને પણ.. સાચી વાત છે. અમે અહીં બિલાડીની એક પ્રજાતિની વાત કરી રહ્યા છીએ, જે હાલ લુપ્તતાની આરે પહોંચી છે. સામાન્ય રીતે આપણા ઘરની આસપાસ જોવા મળતી બિલાડીની વાત નથી. અમે વાત કરી રહ્યા છીએ માયાવી બિલાડી તરીકે જાણીતી ફિશિંગ કેટની. ફિશિંગ એક જંગલી બિલાડી છે. તે મોટા ભાગે વેટલેન્ડ એટલે કે કીચડવાળા અથવા મડી વિસ્તારમાં જોવા મળે છે.

ફિશિંગ કેટની વાત શરૂ કરીએ તે પહેલાં એક જાણવા જેવી વાત છે કે આ બિલાડીને ગત ઑક્ટોબર ૨૦૨૦માં ચિલીકા લેકની બ્રાન્ડ એમ્બેસેડર જાહેર કરવામાં આવી હતી. ચિલીકા લેક કે સરોવર, ઓડિશા રાજ્યની દયા નદી અને બંગાળની ખાડી જ્યાં મળે છે, તે મુખત્રિકોણ પાસે આવેલું છે. આ સરોવર તેની વિવિધતા સભર જીવસૃષ્ટિ માટે જગવિખ્યાત છે. ઓડિશાના પુરી, ગંજમ અને ખૂર્દ જિલ્લામાં ૧૧૦૦ ચોરસ કિલોમીટરના ઘેરાવામાં આ સરોવર ફેલાયેલું છે. આ સરોવરની અન્ય ખાસિયતની વાત કરીએ તો, આ સરોવર અર્ધ ખારા સરોવર તરીકે પણ જાણીતું છે. દરિયાની નજીક હોવાના કારણે મોટા ભાગે આ સરોવરનું પાણી ખારું રહે છે. ડિસેમ્બરથી જૂન દરમિયાન સરોવરનું પાણી ખારું રહે છે, પણ ચોમાસા દરમિયાન સરોવરનું પાણી મીઠું રહે છે. આજ વિશેષતાને કારણે અહીં જૈવ વિવિધતા અનેક ગણી જોવા મળે છે. પ્રાકૃતિક રીતે સમૃદ્ધ ચિલીકા સરોવરમાં, માનવીય દખલગીરી અને લાલચના કારણે આ સરોવરની સુંદરતા સાથે સમૃદ્ધતા પણ નષ્ટ થઈ રહી છે. જેના કારણે સરોવર પર નભતા પશુ-પક્ષીની પરિસ્થિતિ વિકટ બની છે.

ફિશિંગ કેટની હાજરી જાણવા માટે ચિલીકા સરોવરના આસપાસના વિસ્તારમાં એક સરવે કરવામાં આવ્યો હતો. જેમાં સ્થાનિક માછીમારો, વાઈલ્ડ લાઈફ એક્ટિવિસ્ટ અને ચિલીકા સરોવર ઑથોરિટીએ સાથે મળીને કર્યો હતો. સરવેમાં ૧૦૦થી વધુ કેમેરા અને મોશન કેમેરા ઈન્ટોલ કરવામાં આવ્યા હતા. જેથી ફિશિંગ કેટની હાજરી આ

સરવે માટે ૧૦૦થી વધુ કેમેરા ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે

ચિલીકા સરોવર ભિતારકનિકા અભયારણ્ય નજીક છે

વિસ્તારમાં જાણી શકાય. સરવે સરળ ન હતો, કારણ કે ફિશિંગ કેટ મોટા ભાગે ગાઢ જંગલમાં રહે છે અને રાત્રીના સમયે શિકાર કરવા નીકળે છે. સાથે સાથે આ બિલાડીને માયાવી બિલાડી પણ કહેવામાં આવે છે, કારણ તે પોતાની જાતને છૂપાવવામાં માહેર છે. ઘાત લગાવીને શિકાર કરતી આ બિલાડી સરળતાથી તેના આસપાસના વિસ્તારમાં ભળી જાય છે. સરવેમાં ઘણી ચોંકાવનારી માહિતી સામે આવી હતી. તેમાં પ્રમુખ વાત હતી કે સરોવરની આસપાસનો વિસ્તાર એટલે કે માર્શલેન્ડમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જેના કારણે તેના પર આધાર રાખતાં પશુ-પક્ષીઓનાં કુદરતી આવાસો છીનવાઈ રહ્યા છે.

ફિશિંગ કેટ મેનગ્રોવ અને વેટલેન્ડ વિસ્તારમાં જોવા મળે છે અને ભારતનું એક માત્ર ચિલીકા સરોવર છે. ત્યાં આ બિલાડી જોવા મળે છે. આપણા ઘરોમાં જે બિલાડી મળી આવે છે, તેના કરતાં આ બિલાડી બેથી ત્રણ ગણી મોટી હોય છે. આ બિલાડી મોટા ભાગે રાત્રીના સમયમાં જ શિકાર કરવા નીકળે છે. આ બિલાડીના ખોરાકમાં દેડકા, માછલી, સાપ અને મૃત પ્રાણીઓનો પણ સમાવેશ થાય છે. હવે અહીં પ્રશ્ન થાય કે શાંત અને શરમાળ આ બિલાડી દેખાતી કેમ બંધ થઈ ગઈ? એવું તો શું થયું કે આ સુંદર પ્રાણી ગાયબ થઈ ગયું! સામાન્ય રીતે ચિલીકા સરોવર, કોનાર્ક, ભિતારકનિકા વાઇલ્ડ લાઇફ અભયારણ્ય નજીક સ્થિત છે. કોઈ પણ પશુ કે પક્ષીનું નેચરલ હેબિટાટ એટલે કે તેનું કુદરતી ઘર છીનવાય જાય તો તે પશુ પક્ષીઓ મુશ્કેલીમાં આવી જાય છે. આવું જ બન્યું છે, ફિશિંગ કેટ સાથે. ચિલીકા સરોવરની આસપાસના વેટલેન્ડનો વિસ્તાર સતત ઘટી રહ્યો છે. આ વિસ્તારમાં સતત માનવીય દખલગીરી વધી રહી હોવાથી સ્થાનિક જીવ સૃષ્ટિ પર તેની વિપરીત અસર થઈ રહી છે.

નોંધનીય છે કે ફિશિંગ કેટને શિડ્યુલ વનની કેટેગરીમાં મૂકવામાં આવી છે. છતાં પણ દિવસે ને દિવસે ફિશિંગ કેટની મુશ્કેલીઓ વધી રહી છે. સત્તાધીશો દ્વારા તેના સંરક્ષણ અંગે ઉપેક્ષા થતી રહી છે. સાથે સ્થાનિક માછીમારો દ્વારા થતી બેફામ માછીમારીના કારણે ફિશિંગ કેટ લુપ્ત થવાના આરે આવી છે.

મહત્ત્વની વાત એ કે આ બિલાડી શિડ્યુલ કેટેગરીમાં આવે છે. ઉપરાંત ભિતારકનિકા એ અભયારણ્ય વિસ્તાર છે, તેમછતાં સત્તાધીશોની ઉપેક્ષાના કારણે હાલ આ બિલાડી લુપ્ત થવાના આરે છે. અહીં પ્રશ્ન એ થાય કે શું સિંહ, વાઘ, હાથી કે રીંછ જેવા જ પ્રાણીઓ સંરક્ષણને હકદાર છે. કુદરતે દરેક જીવને ખાસ બનાવ્યો છે, પણ આપણી નબળી માનસિકતાના કારણે એકને ગોળ તો બીજાને ખોળ મળી રહી છે.

નબળી માનસિકતાની સાથે માનવીય દખલગીરીનો પણ ભોગ બન્યો છે, આ વિસ્તાર અને તેની આસપાસનાં જાનવરો. જેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે અહીં થતી શ્રીમ ફાર્મિંગ. થોડાક પૈસાની લાલચને વશ થઈ આ વિસ્તારમાં શ્રીમ ફાર્મિંગ બેરોકટોક કરવામાં આવી રહી છે.

શ્રીમ ફાર્મિંગ એટલે કે ઝીંગા ખેતી. ઝીંગાના કારણે અનેક રીતે ઇકોલોજિકલ નુકસાન થાય છે અને પાણીનું એક્વા કલ્ચર પણ દૂષિત થાય છે, પણ માણસની લાલચ સામે ભલે કુદરતને અનેક ગણું નુકસાન થાય કોઈ ફરક નથી પડતો, પડતાને પાટા સમાન સ્થાનિક રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા અને પ્રવાસીઓને આકર્ષવા વિવિધ આયોજનો કરવામાં આવે છે. જેનાથી સ્થળ, વાયુ અને જળ પ્રદૂષણ થાય છે. વર્ષ ૨૦૧૦થી આ બિલાડીને બચાવવાનું કામ ચાલી રહ્યું છે, પણ રાજ્ય સરકારના ઉદાસ વલણના કારણે દિવસે ને દિવસે પરિસ્થિતિ વકરતી જાય છે.

અંતે એ જ કે આપણી આગામી પેઢીને જંગલી જાનવરો તેમના રિયલ હેબિટાટમાં જોવા મળે એટલા માટે આપણે આજથી જ કામ કરવું પડશે. સમય વિચારવાનો નથી, હવે સમય છે કંઈક નક્કર કામ કરવાનો. નહીં તો આગામી પેઢી જંગલી જાનવરોને માત્ર પ્રાણી સંગ્રહાલયમાં અથવા તો ટીવી કે ટેબની સ્ક્રીન પર જોઈ થ્રીલ અનુભવશે. ■

ફિશિંગ કેટ મેનગ્રોવ અને વેટલેન્ડ વિસ્તારમાં જોવા મળે છે અને ભારતનું એક માત્ર ચિલીકા સરોવર છે. જ્યાં આ બિલાડી જોવા મળે છે

વિશ્વભરના પ્રવાસીઓને ‘એસઓયુ’માં સંસ્કૃત ભાષામાં મળે છે માહિતી

કેવડિયામાં આવેલા સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. હવે ત્યાં વધુ આકર્ષણ અપાવે છે સંસ્કૃત ભાષામાં લોકોને માહિતી આપતા ગાઇડ. અત્યાર સુધી એસઓયુમાં છ ભાષાઓમાં પ્રવાસીઓને માહિતી આપવામાં આવતી હતી. જ્યારે હવે સંસ્કૃત ભાષામાં પણ લોકોને માહિતગાર કરવામાં આવે છે.

hetalrao@sambhaav.com

ગુજરાતના પ્રવાસન સ્થળ તરીકે વિશ્વ ખ્યાતિ પ્રાપ્ત કરનાર સ્ટેચ્યુ ઓફ યુનિટી અનેક ખાસિયતોથી જાણીતું છે. જેમાં એક છે, અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલનું સ્ટેચ્યુ અને બીજી મહત્ત્વની ગણી શકાય તેવી શરૂઆત છે, સંસ્કૃત ભાષામાં આપવામાં આવતી માહિતી. જી હા, એસઓયુ (સ્ટેચ્યુ ઓફ યુનિટી)માં હવે દેવભાષા સંસ્કૃતમાં પણ પ્રવાસીઓને ગાઇડન્સ મળી રહે છે. સમગ્ર દેશમાં જ નહીં, પરંતુ વિશ્વમાં પણ આ પ્રથમ શરૂઆત કહી શકાય. જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત માટે જવાનું થાય ત્યારે સંસ્કૃત ભાષામાં જાણકારી આપતા ગાઇડ પર નજર પડે તો પ્રથમ દ્રષ્ટિએ તો વિશ્વાસ નહીં બેસે કે કોઈ આટલી સારી રીતે સંસ્કૃત ભાષામાં ગાઇડન્સ કેવી રીતે આપી શકે, પરંતુ આ વાત બિલકુલ સાચી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટીમ દ્વારા એક અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. વિશ્વની સૌથી જૂની ભાષાઓમાંની અને દેવભાષા કહેવાતી સંસ્કૃત ભાષામાં અહીંયા આવતા મુલાકાતીઓને સ્થળ વિશેની જાણકારી આપવામાં આવે છે. એસોયુમાં કામ કરતાં ગાઇડ પ્રવાસીઓ સાથે શુદ્ધ સંસ્કૃતમાં વાત કરે છે. હવે પ્રવાસીઓને અન્ય ભાષાની જેમ જ સંસ્કૃતમાં પણ માર્ગદર્શન મળી રહે છે.

આ વિશે સ્ટેચ્યુ ઓફ યુનિટીના જન સંપર્ક અધિકારી રાહુલ પટેલ ‘અભિયાન’ સાથે વાત કરતા કહે છે કે, ‘આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આ વિચાર આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે જો અન્ય ભાષામાં આપણે બધાને માહિતી આપી શકીએ છીએ તો પછી આપણી દેવભાષા સંસ્કૃતમાં કેમ નહીં. તેમના આ વિચારે જ અમને પ્રેરણા આપી અને અમે નક્કી કર્યું કે સંસ્કૃત ભાષામાં સંપૂર્ણ માહિતી આપી શકે તેવા ગાઇડ તૈયાર કરવા. જુદી-જુદી ભાષામાં માહિતી આપી શકે તેવા ગાઇડ પહેલેથી જ હતા. સંસ્કૃત માટે અમે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સહયોગ-સંધિ કરી. જેમાં સંસ્કૃત ભારતી સંસ્થા અને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ ૫૨થી ૫૩ દિવસની ટ્રેનિંગ આપી. સંસ્કૃત ભારતી સંસ્થા સંસ્કૃત માટે ખાસ એક શિબિરનું આયોજન કરે છે. અમે ત્યાં ૧૫ લોકોને ટ્રેનિંગ માટે મોકલ્યા, જ્યાં સવારે ઊઠો ત્યારથી લઈને રાત્રે સૂતા સમય સુધી માત્ર ને માત્ર સંસ્કૃતમાં જ વાત કરવાની હોય છે. ત્યાંથી દસથી બાર લોકોને આગળ ટ્રેનિંગ લેવા માટે કાશી

અત્યાસ સુધી ગાઇડ ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, મરાઠી, તેલગુ, અને તમિલ ભાષામાં પ્રવાસીઓને માર્ગદર્શન આપતા હવે સંસ્કૃતમાં પણ આપે છે

અત્યાર સુધી ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, મરાઠી, તેલુગુ અને તમિલ ભાષામાં પ્રવાસીઓને માર્ગદર્શન આપતા, હવે સંસ્કૃતમાં પણ આપે છે

રાહુલ પટેલ, જન સંપર્ક અધિકારી, સ્ટેચ્યુ ઓફ યુનિટી

સંસ્કૃતમાં પ્રવાસીઓને માહિતી આપતા ગાઇડ

મોકલ્યા. જેને અમે સંવાદ શાળા કહીએ છીએ. ૧૫ ગાઇડ સંસ્કૃત ભાષામાં માહિતી આપવા માટે તૈયાર થયા, જેમાં ટ્રાયબલ અને નોન ટ્રાયબલનો સમાવેશ થાય છે. હાલમાં ૧૨ ગાઇડ એસોયુમાં ગાઇડનું કામ કરી રહ્યા છે. માત્ર ૬૫થી ૬૭ દિવસની ટ્રેનિંગમાં આજે અમારા ગાઇડ સંપૂર્ણ રીતે કોઈ પણને સંસ્કૃતમાં ગાઇડ કરે છે. અમારા ગાઇડ એસઓયુનાં વિવિધ સ્થળ જેમ કે સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતા નર્સરી, કેટર્સ ગાર્ડન, બટરફ્લાય ગાર્ડન, જંગલ સફારી વેલી ઓફ ફ્લાવરમાં અત્યાર સુધી ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, મરાઠી, તેલુગુ અને તમિલ ભાષામાં પ્રવાસીઓને માર્ગદર્શન આપતા, હવે સંસ્કૃતમાં પણ આપે છે.'

જ્યારે સંસ્કૃત ભાષામાં પ્રવાસીઓને માહિતી આપતાં ગાઇડ ડૉ. નીલમ તડવી કહે છે, 'શરૂઆતમાં જે પોઇન્ટ પર મૂકવામાં આવ્યા હોય તેની માહિતી લઈને અમે પ્રવાસીઓને માહિતી પૂરી પાડતા. સમયની સાથે અમે વધુ ને વધુ શીખતા ગયા. સંસ્કૃત આપણી સૌથી પ્રાચીન ભાષા છે. તેમાં કોઈને માહિતીગાર કરવા અમારી માટે ખૂબ જ ગર્વની વાત કહેવાય. અમને ઘણુ સારું લાગે છે જ્યારે અમે સંસ્કૃતમાં કોઈને સમજાવીએ છીએ. પહેલા તો ઘણા ઓછા લોકોને જાણ હતી. માટે અમને ખાસ તક મળતી નહીં, પરંતુ હવે એવા અનેક પ્રવાસીઓ આવે છે જે સંસ્કૃતમાં પારંગત હોય છે અને તેમને માત્ર ને માત્ર આ જ ભાષામાં એસઓયુની માહિતી જોઈએ છે. મને સંસ્કૃત બોલવું અને શીખવું બંને ઘણુ જ સારું લાગ્યું. સાથે જ પ્રવાસીઓનો પણ ઘણો જ સારો પ્રતિસાદ મળે છે. જેથી અમારામાં આત્મવિશ્વાસમાં વધારો થાય છે.'

સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુલાકાતી નિરંજના પરીખ 'અભિયાન' સાથે વાત કરતાં કહે છે કે, 'ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષાને જીવંત રાખવાનો આ અનોખો પ્રયાસ સરાહનીય છે. સંસ્કૃત વિશ્વની સૌથી જૂની ભાષાઓમાંની એક છે. જે જ્ઞાન અને વૈવિધ્યનો ખજાનો છે. જ્યારે હું સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત માટે ગઈ ત્યારે મેં અનેક ગાઇડને સંસ્કૃતમાં માહિતી આપતા જોયા. મને પણ સંસ્કૃતમાં રસ છે અને તેનું ઊંડાણપૂર્વક જ્ઞાન છે. માટે જ્યારે ગાઇડને બોલતા જોયા ત્યારે એક ગુજરાતી હોવાનો, ભારતીય હોવાનો ગર્વ થયો અને એમ લાગ્યું કે ખરેખર હવે આપણી સંસ્કૃતિની ધરોહર સંસ્કૃત આજની પેઢીમાં પણ સચવાયેલી રહેશે.'

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એટલે કે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં મુલાકાતીઓનું સ્વાગત નમો નમઃથી કરવામાં આવી રહ્યું છે. સંસ્કૃત ભાષા એ ભારતની પરંપરાગત ભાષા છે અને દેશની મોટા ભાગની ભાષાઓનું મૂળ છે. ■

સંસ્કૃત આપણી સૌથી પ્રાચીન ભાષા છે. કોઈને માહિતીગાર કરવા અમારી માટે ખૂબ જ ગર્વની વાત છે. અમને સારું લાગે છે જ્યારે અમે સંસ્કૃતમાં કોઈને સમજાવીએ છીએ

ડો. નીલમ તડવી, ગાઇડ, સ્ટેચ્યુ ઓફ યુનિટી

દેવભાષા સંસ્કૃતમાં શરૂ થશે કોમ્યુનિટી રેડિયો સ્ટેશન

એસઓયુના જનસંપર્ક અધિકારી રાહુલ પટેલે 'અભિયાન' સાથે વાત કરતા કહ્યું કે, 'એસઓયુમાં સંસ્કૃત ભાષામાં આપવામાં આવી રહેલી માહિતીને લોકો દિલથી આવકારી રહ્યા છે, ત્યારે અમે સંસ્કૃત ભાષાને લઈને અન્ય એક પ્રયોગ પણ હાથ ધર્યો છે. જેના ભાગરૂપે કોમ્યુનિટી રેડિયો સ્ટેશન શરૂ કર્યું છે. જોકે હાલના તબક્કે ટ્રાયલ લેવલે શરૂ કરવામાં આવ્યું છે. જેમાં અમે જે સંસ્કૃત શીખ્યા હતા તે ગાઇડને જોડવાનું નક્કી કર્યું છે. ૨૨ ઓગસ્ટે વિશ્વ સંસ્કૃત દિવસ ઊજવવામાં આવે છે. તે દિવસે ટ્રાયલ લેવલ માટે પુરા દિવસ અમે સંસ્કૃતમાં રેડિયો ચલાવ્યો. તેની ક્લીપ સોશિયલ મીડિયામાં મૂકી. તેની નોંધ પ્રધાનમંત્રી કાર્યાલયે પણ લીધી. મોદીજીએ આ વાતનો ઉલ્લેખ મનકી બાતમાં પણ કર્યો હતો. અમારા ટ્રાયલને ઘણી સફળતા મળી છે. હવે અમે થોડા સમયમાં જ સંસ્કૃત કોમ્યુનિટી રેડિયો સ્ટેશન શરૂ કરીશું. જેમાં અન્ય ભાષાની જેમ જ દરેક વાત સંપૂર્ણ સંસ્કૃતમાં જ સાંભળવા મળશે.'

ભુજમાં કિન્નરોએ કર્યું કેટવોક

ભુજની ઇન્નર વ્હીલ ક્લબ દ્વારા કિન્નરો માટે ફેશન શૉ, ગરબા, ડાન્સ હરીફાઈ યોજાઈ. કિન્નરો પણ નવતર પ્રકારના કાર્યક્રમ અને અનોખા સન્માનથી પ્રભાવિત થયા.

suchita@sambhaav.com

વાર તહેવારોએ ઘર આંગણે આવીને હક્કથી પૈસા માગતા કિન્નરોથી સામાન્ય લોકો થોડા ગભરાતા હોય છે, તેનાથી અંતર રાખવાનું પસંદ કરે છે. સમાજની અંદર જ છતાં તેનાથી દૂર રહેતા કિન્નરોનું સન્માન તો ક્યાંક જ, કોઈક જ કરતાં હોય છે. ઈન્નર વ્હીલ ક્લબ, ભુજ દ્વારા અનોખી પહેલ કરીને કિન્નરોનું તદ્દન અનોખું સન્માન કરાયું હતું. તેમના માટે ફેશન શૉ, ગરબા અને ડાન્સ હરીફાઈ યોજાઈ હતી તો વિજેતાઓના માથે 'ક્રાઉન' પહેરાવી, ઇનામો આપીને સન્માન કરવામાં પણ આવ્યું હતું. ઉપસ્થિત યજમાનોને કિન્નરોએ રોકડા રૂપિયાની શુભેચ્છારૂપે ભેટ પણ આપી હતી.

ક્લબના પ્રમુખ પલ્લવી ઠક્કરે કાર્યક્રમના આયોજન અંગે વિસ્તૃત વિગતો આપતાં જણાવ્યું હતું કે, 'હું નાની હતી અને ઘરે કિન્નરો માગવા આવતા ત્યારથી તેમના વિશે મને વિચારો આવતાં. મોટી થયા પછી તેમના માટે કંઈક કરવું જોઈએ તેવા પણ વિચારો આવતા, પરંતુ શું કરવું તે અંગે કંઈ ખ્યાલ આવતો ન હતો. હું ઈન્નર વ્હીલ ક્લબની પ્રમુખ બન્યા પછી કિન્નરો વિશેનો એક લેખ મારા વાંચવામાં આવ્યો. તેમાં કિન્નરોએ પોતાની વ્યથા વર્ણવતા કહ્યું હતું કે, સમાજ અમારા માટે માનની લાગણી ધરાવતો નથી. આ વાત મને સ્પર્શી ગઈ. અમારી ક્લબ સ્ત્રી સશક્તિકરણની થીમ પર કામ કરવાની છે. તે અંતર્ગત મેં કંઈ અલગ જ કરવાનું વિચાર્યું. આથી જ મેં કિન્નરોને ગમતું નાચવાનું, ગાવાનું, તૈયાર થવાનું જેમાં સામેલ હોય તેવા કાર્યક્રમ યોજવાનું નક્કી કર્યું. આમ ફેશન શૉ, કેટવૉક, ગરબા અને ડાન્સ હરીફાઈ યોજાઈ.'

તેઓ વિશેષ વાત કરતાં કહે છે, 'એક જ ભગવાને સૌને અવતાર આપ્યો છે, પરંતુ કુદરતનો કોપ ખમનારા કિન્નરોનો સર્વત્ર તિરસ્કાર થાય છે. આથી તેમના સન્માનનો કાર્યક્રમ કરવાનો વિચાર આવ્યો. તેમના મઠ પર જઈને મેં અને અમારી ટીમે તેમની સાથે વાત કરીને કાર્યક્રમનું આયોજન ઘડ્યું. તેઓ ખૂબ હોશપૂર્વક તેમાં સામેલ થયા. લગભગ ૩૦ જેટલા કિન્નરોએ તેમાં ભાગ લીધો હતો. મોટા ભાગનાએ સાડી પહેરી હતી, પરંતુ અમુક તો આધુનિક યુવતી સમાન કુરતી-લેગિંગ્ઝ કે પ્લાઝોના પરિધાનમાં સજ્જ થયા હતા. થોડા કિન્નરોએ ફિલ્મી ગીતો પર મન મૂકીને ડાન્સ પણ કર્યો હતો. માતાજીનો આનંદનો ગરબો પણ ભાવભેર ગવાયો હતો. ગરબાના તાલે પણ તેઓ ઝૂમ્યા હતા.'

ફેશન શૉના પ્રથમ ત્રણ વિજેતાઓને ડાયમન્ડવાળા ક્રાઉન પહેરાવીને સન્માનિત પણ કરાયા હતા. વિજેતાઓને સાડી અને દાગીનાના સેટ ભેટ અપાયા હતા. કિન્નરો માત્ર અન્ય લોકો પાસેથી લે છે તેવી એક માન્યતા છે, પરંતુ કિન્નરો આશીર્વાદ પણ આપે છે. તેમના આશીર્વાદ અને દુવાઓને શ્રદ્ધાળુઓ મહામૂલી માને છે. આ કાર્યક્રમના દિને ઈન્નર વ્હીલ ક્લબના પ્રમુખ પલ્લવી ઠક્કરનો જન્મદિન હોવાની જાણ થતાં કિન્નરોએ તેમને આગ્રહપૂર્વક ભેટ આપી હતી. તો ઉપસ્થિત યજમાનોને તેમની બંગડીમાંથી પસાર કરીને (આ વિધિને ખૂબ પવિત્ર માનવામાં આવે છે)સિક્કાઓની ભેટ આપી હતી.

કિન્નરોના અગ્રણી જનકદે આશાદેએ પોતે આવું સન્માન અને કિન્નરોના માનમાં આવો કાર્યક્રમ એ ખૂબ આનંદની વાત હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'સમાજ અમારું પાલન પોષણ કરે છે. અમને જીવાડે છે, પરંતુ અમે તેમના જેવા નથી તે વાત અમે ભૂલી શકતા નથી. જ્યારે આ કાર્યક્રમ દરમિયાન અમને સમાજના જ એક અંગ હોવાની લાગણી થઈ હતી. આવા કાર્યક્રમ અંગે અમે કોઈએ ક્યારેય વિચાર્યું ન હતું. વારંવાર આવા કાર્યક્રમો યોજવા જોઈએ.'

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલા અગ્રણીઓએ કિન્નરોને વ્યસનોથી દૂર રહીને ભણતર અને ટેક્નોલોજી અપનાવીને આગળ આવવાની સલાહ આપી હતી. ■

કિન્નરો માત્ર અન્ય લોકો પાસેથી લે છે તેવી એક માન્યતા છે, પરંતુ કિન્નરો આશીર્વાદ પણ આપે છે. તેમના આશીર્વાદ અને દુવાઓને શ્રદ્ધાળુઓ મહામૂલી માને છે

ગાંધીધામના યુવાને શેરીનાં કૂતરાંની સેવા માટે ભેખ લીધો

નાનપણમાં કૂતરાંને નફરત કરતા યુવાને મોટા થઈને શેરીનાં રખડતાં કૂતરાં માટે નોકરી છોડી, લોન લીધી, ઘરના દાગીના ગિરવે મૂક્યા. સ્વૈચ્છિક સંસ્થા બનાવીને સેંકડો કૂતરાંનું લાલનપાલન, સારવાર શરૂ કરી.

suchita@sambhaav.com

જ્યાં વદયામાં માનનારા લોકો શેરીનાં રખડતાં કૂતરાંને દિવસની એકાદ રોટલી કે વાટકી દૂધ આપીને સંતોષ માને છે, પરંતુ આવાં કૂતરાંની સેવા માટે, તેમને સારવાર અપાવવા માટે કોઈ ભેખ લઈને મસમોટા પગારવાળી નોકરી છોડીને લોન લઈને, માતાનાં ઘરેણા ગિરવે મૂકીને કામ કરે તે વાત જરા આશ્ચર્ય પમાડે તેવી છે, પરંતુ ગાંધીધામનો એક યુવાન કૂતરાંને બચાવવા ભીખ માગવી પડે તો પણ તૈયાર છે. વાત છે ગાંધીધામના મનીષ દેવનાની નામના યુવાનની. તેણે નોકરી છોડીને કૂતરાં માટેની એક સ્વૈચ્છિક સંસ્થા શરૂ કરી છે. જેના થકી તે રખડતાં, ઘવાયેલા કે માંદા કૂતરાંની સેવા ચાકરી કરે છે. કોઈ શેરીનાં કૂતરાંને ત્રાસ આપે તો તે તેના માટે ન્યાય મેળવવા પોલીસ ફરિયાદ પણ કરે છે.

પોતાની પ્રવૃત્તિ વિશે વાત કરતા મનીષ જણાવે છે કે, ''હું નાનો હતો ત્યારે મને કૂતરાંથી નફરત હતી. મને યાદ છે ત્યાં સુધી કૂતરાં કરડતાં મારે ૭થી ૮ વખત હડકવાના ઈન્જેક્શનો લેવા પડ્યા હતા, પરંતુ કોઈને પાલતુ કૂતરાંને લઈને ફરતાં જોઉં તો મને પણ પાળવાનું મન થઈ જતું. આથી થોડો મોટો થયા પછી માતાની નારાજગી વચ્ચે મેં બે મહિનાનું કૂતરું પાળ્યું હતું. તે દિવસથી મારી કૂતરાં તરફની નફરત દૂર થઈ અને તેમની સાથે પ્રેમ થઈ ગયો. બે વર્ષ પછી તો બીજા બે કૂતરાં પણ મેં લીધા. જોકે ત્યાં સુધી મેં ક્યારેય શેરી કૂતરાં વિશે વિચાર્યું ન હતું, પરંતુ એક દિવસ વૉટ્સએપમાં એક મેસેજ વાંચ્યો. જેમાં લખ્યું હતું કે, 'કૂતરાં રડે એટલે તેમને કાળ દેખાય' તેવી વાયકા છે. આ વાયકા સાચી હોય કે ન હોય, પણ આખો દિવસ કંઈ ખાવા મળ્યું ન હોય, પીવા માટે પાણી મળ્યું ન હોય, તબિયત ખરાબ હોય કે કંઈ વાગ્યું હોય તો'ય આ અબોલ જીવો રડતાં હોય છે.' આ વાત મને સ્પર્શી ગઈ. મને શેરીમાં રખડતાં કૂતરાંમાં પણ રસ પડવા લાગ્યો. હું મારી આસપાસ વસવાટ કરતાં શેરીનાં રખડતાં કૂતરાંની જરૂરતો પૂરી કરવા લાગ્યો, તેમને કંઈ વાગ્યું હોય કે તે માંદા હોય તો તેમને સારવાર કરાવવા લઈ જવા લાગ્યો.''

ગાંધીધામમાં પશુઓની સારવાર માટે સરકારી દવાખાનું છે. એક વેટરનરી તબીબ પણ છે, પરંતુ તેમની પાસે અંજાર, ગાંધીધામ, આદિપુરનો ચાર્જ છે. તેઓ ગાંધીધામમાં તો માત્ર સવારે ૧૦થી ૧૨ જ આવે છે. તેમ જ આ દવાખાનામાં એક્સ-રે, બ્લડ-ટેસ્ટ, સર્જરીની કોઈ સુવિધા નથી. આથી શેરીનાં કૂતરાંને મજબૂરીવશ ખાનગી દવાખાનામાં સારવાર અપાવવી પડે છે. આ માટે ભારે ખર્ચ પણ થાય છે.

આ અંગે વાત કરતાં મનીષ કહે છે, 'ખાનગી દવાખાનામાં સારવારનો ભારે ખર્ચ આવતાં મેં 'નિર્ભય ફાઉન્ડેશન' નામની એન.જી.ઓ. શરૂ કરીને ફંડ ઊભું કરવાનું વિચાર્યું. હું શિપિંગ ઈન્ડસ્ટ્રીમાં ડોક્યુમેન્ટેશન વિભાગમાં ૫૦ હજારથી વધુ પગારની નોકરી કરતો હતો. મારા પરિવારમાં હું અને મારી માતા એમ અમે બે જ હતાં. આથી અમારા ભવિષ્યની થોડી આર્થિક જોગવાઈ કરીને મેં નોકરી છોડી દીધી અને કૂતરાંની સેવામાં મારું જીવન અર્પી દીધું. અત્યાર સુધીમાં ૪૫૦ કૂતરાં અને પાંચ બિલાડીઓથી વધુની સેવા કરી છે. તેમની સેવા માટે બે પગારદાર નોકર રાખ્યા. બધા ખર્ચાને પહોંચી વળી શકું તેમ નથી. આથી મેં મારા ઘર, વાહન, મારા ક્રેડિટ કાર્ડ પર લોન લીધી, માતાના દાગીના ગિરવે મૂક્યા. સોશિયલ મીડિયામાં મારા પ્રવૃત્તિના વીડિયો મૂકીને અને બ્લોગ લખીને લોકો પાસેથી મદદ માગું છું.

'અત્યારે તો હું વસતીથી દૂર એવી જગ્યાએ કૂતરાં માટે શેલ્ટર બની શકે તેવી જગ્યાની શોધમાં છું. જમીન લઈને તેના પર બાંધકામ કરીને, કૂતરાંને લાવવા- લઈ જવા માટે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવી છે અને એક વેટરનરી તબીબની પણ જરૂર છે. આર્થિક મુશ્કેલી ભરેલી હાલતમાં આ કામ હું ક્યાં સુધી કરી શકીશ તે મને ખબર નથી, પરંતુ તેના માટે ભીખ માગવી પડે તો પણ માગીશ અને શક્ય હશે ત્યાં સુધી આ કામ ચાલુ રાખીશ. હાર નહીં માનું.'

શેરીનાં કૂતરાં પર જ્યારે ક્યાંય માનવીય અત્યાચાર થાય ત્યારે મનીષ તેને ન્યાય અપાવવા આગળ આવે છે. અત્યાર સુધીમાં તેમણે ત્રણ પોલીસ કેસ પણ કર્યા છે. ■

દુનિયાના સર્ટિફિકેટનો મોહ નહીં રાખવાનો

એક સારી પોસ્ટ વૉટ્સઍપમાં આવી. કંઈક એવો મતલબ હતો કે ફેસબુકમાં કોઈને ફોલો કરતા પહેલાં ધ્યાન રાખો, જેના ફોટા જુઓ છો અને વાંચો છો એને રીયલ લાઈફમાં મળો ત્યારે બિલકુલ જુદું જ ચિત્ર જ હોય, બહુ ઘેલા કાઢીને એના જેવા થવાની કોશિશ ના કરો. ટૂંકમાં, તમે 'તમારી ચલાવો' એવી વાત હતી..!!

સાચી વાત છે. આપણે આપણી ચલાવી જ જોઈએ અને એમાં કશું ખોટું નથી, પણ ક્યાંક આપણી અટકે તો શું? આપણો પનો ટૂંકો પડે તો શું?

મને અમદાવાદના એક બહુ મોટા બિલ્ડરના ફોટા જોવા બહુ ગમે છે. કમ્પ્લીટ ફેમિલીમેન છે, એવું મને ફેસબુક જોઈને લાગે છે. ભૌતિક ભોગ વિલાસ આપણને ગમે છે ને એ કબૂલ કરવામાં પણ મને જરાય શરમ નથી. મારી ચાદર છે એટલો પથારો ચોક્કસ હું કરું જ છું, પણ નથી તો શું?

મારી પાસે મારો પોતાનો ગોલ્ફ કોર્સ નથી. મારી ઘરવાળી પાટણનું પટોળું પહેરીને ગરબે નથી ઘૂમી શકતી તો પ્રાઈવેટ ઍરક્રાફ્ટમાં હું નથી જઈ શકતો. મારી પાસે નથી ફાર્મ હાઉસ કે નથી મોટા સિમ્બોલવાળી ગાડી..!!

આ લિસ્ટ ઘણુ લાંબું થાય તેમ છે, પણ જે વ્યક્તિને હું ફોલો કરું છું એની પાસે આ બધું જ છે અને બીજું પણ કદાચ ઘણુ બધું હશે તો શું?

તો મારે લાંબા જોડે ટૂંકો જાય અને મારે નહીં તો માંદો થાય એવું કરવાનું..?

આપણી ચાદરમાં આપણે રહેવું તો પડે ને, મહેલ જોઈને ઝૂપડાં થોડા સળગાવાય? ના રે કોઈના મેહલ જોઈને ખુશ થાવ ને..!!!

હવે બીજી વાત કે કોઈના જેવું કેવી રીતે થવાય? અશક્ય વાત છે સગ્ગા બાપ જેવો બેટો નથી થઈ શકતો તો પછી બીજાના જેવું થવાની તો વાત જ ક્યાં આવી?

હા, ટાર્ગેટ સેટ કરી શકાય કે ફલાણા જેટલું કમાવું છે અને પછી રસ્તો કંડારી શકાય. બાકી તો બધું ગઈકાલ રાતથી જેમ અચાનક ઓતરંદો વાયરો ફૂંકાયો 'ને ઠંડક પ્રસરી ગઈ એવી વાત..! હવા..હવા..!! એક લહેરખી આવે 'ને દુનિયા બદલાઈ જાય..!! કોઈકના પાન ખરી પડે અને કોઈને ઊગી આવે..!!

મને ઘણી બધીવાર મેસેજ આવે છે, સાહેબ મળવું છે તમને અને હું મળું પણ છું અજાણ્યા લોકોને, મને કોઈ વાંધો નથી એમાં, પણ સૌથી પહેલાં હું એમ કહી દઉં છું કે સાહેબ કે સર બાજુમાં મૂકી દો, ભઈ મળવું છે એમ કહો..!!

શેના વળી સાહેબ 'ને સર..?

કોઈનાથી પ્રભાવિત થવું એ ખૂબ સહજ અને સરળ પ્રક્રિયા છે અને કોઈને પ્રભાવિત કરી મૂકવા એ પણ એટલી સરળ પ્રક્રિયા છે. એમાં કોઈ બહુ મોટી આવડતની જરૂર હોતી જ નથી. એકની વાત બીજાને ચીપકાવો એટલે સામેવાળો 'ફ્લેટ'..!!

હું ધંધાકીય એસોસિયેશનના મિત્રોની મિટિંગમાં થોડી સાહિત્યની વાંચેલી ફિલોસોફી છાંટું. સાહિત્યમાં સંગીતની, સંગીતમાં જિમની, જિમમાં ધંધાકીય, પછી જરૂર

પડે ત્યાં જ્યોતિષ, લક્ષણશાસ્ત્ર, કોકશાસ્ત્ર, આર્થિક મોરચા, ઈતિહાસ, ભૂગોળ, આટલાં વર્ષોમાં કરેલી ત્રણસો - ચારસો ટ્રિપો, ક્યારેક મ્યુઝિયમો, ઘણા બધા લોકોને મળ્યા હોઈએ એમની વાતો, સૌથી મોટું ધાર્મિક સાહિત્ય, આવું આઠ દસ ફિલ્ડનું નોલેજ થોડું થોડું લઈ રાખ્યું હોય અને જીવનના બાવનમાં વર્ષે ઘણા અનુભવો મળ્યા હોય એ ભેગું કરીને મસ્ત ભાજીપાંઉ બનાવીને ઠપકારો તો બધું ય ચાલે..!!

બસ, ખાલી સામેવાળાની એની પોતાની મર્યાદા કેટલી છે એની સમજ આવી જાય એટલે બહુ થઈ ગયું..!

શરૂઆતનાં વર્ષોમાં મારા કૉલેજકાળમાં હું બધાને બોલવા દેતો. પહેલાં, અત્યારે જેટલો વાચાળ અને એક્સ્પ્રેસિવ છું એટલો હું પહેલાં નહોતો.

પછી હું એને મારી સમજણ આપવાની કોશિશ કરતો, પણ ત્યારે સરખી ઉંમર અને આપણે રહ્યા ભણવામાં ડોબા એટલે કોઈ બહુ ગણકારે નહીં અને જ્યારે કોઈ તમને ગણકારે નહીં 'ને ત્યારે તમારી ગણતરી પણ ના થતી હોય એ સ્વાભાવિક છે.!!

એવું નહોતું કે ત્યારે મારી પાસે કશું નહોતું વાત કરવાને, આજ કરતાં કદાચ વધારે હતું. કેમ કે એ સમયે ભૃગુસંહિતાથી લઈને કાલિદાસ સુધીનું ઘણુ બધું સાહિત્ય વાંચવાનું ચાલુ હતું. જ્યારે કોઈ અર્થ ના સમજાય તો મમ્મીને પૂછી લેતો, ગૂગલ તો હતું જ નહીં..! મારે ઘણી બધી ચર્ચાઓ કરાવી હતી, પણ લોકોએ મને એમની ફૂટપટ્ટીથી માપી લીધેલો, 'નાપસિયો'..!!

એમાં કોઈ જ બાકી નથી, સગા પણ આવી ગયા, સંબંધી પણ આવી ગયા અને મિત્રો પણ. જોકે એમાં એ કોઈની સામે મને અત્યારે કોઈ ફરિયાદ નથી. ભૂલ મારી જ હતી કે હું

સર્ટિફિકેટની દુનિયામાં જીવતો હતો. ઘણા બધા લોકો પાસેથી મારે સર્ટિફિકેટ જોઈતા હતા કે, શૈશવ એટલે કહેવું પડે ભાઈ..!!

ગણતરીમાં આવવું હતું મારે..! ભૂલ હતી મારી..! મધ્યમવર્ગની કમબખ્તી છે, સર્ટિફિકેટ આપવામાં બહુ પાછા પડે, હું પણ ઝટ કોઈનું સર્ટિફિકેટ ઈસ્યુ ના કરું, વચ્ચે તો વખાણ કેમ કરવા એ ગૂગલમાં જોઈ જોઈને શીખવાની કોશિશ કરી, ત્યારે થોડુંક માંડ આવડ્યું..!!

પછી તો એક સમય પછી ધીટ થઈ ગયો અને મોઢું સીવી લીધું, તે પછી છેક આ ફેસબુક આવ્યું ત્યારે લખવાનું ચાલુ કર્યું ત્યારે મોઢું ખૂલ્યું..!!

હજી પણ મોટા મોટા વિદ્વાનોની સભા હોય અને જ્યાં પાંડિત્ય રેલાઈ રહ્યું હોય ત્યાં હું બિલકુલ મૌન રહું..!

હમણા જ એક મિત્રનાં પત્ની દ્વારા મને સવાલ પૂછવામાં આવ્યો કે તમે ચુપ ક્યારે રહો? મેં કીધું, એક વિદ્વાન સામે અને બીજા મૂર્ખની સામે 'ને ત્રીજા જેની પાસેથી મારે રૂપિયા કમાવા છે એની સામે..!!!

વિદ્વાન બોલતા હોય તો બોલવા દેવા પડે તો જ કંઈક નવું શીખવા મળે. બિલકુલ એવી જ રીતે મૂર્ખ બોલતો હોય તો બોલવા દેવો પડે અને ત્યાં પણ શીખવા મળે. કેમ કે મૂર્ખ એની મૂર્ખામી સિવાય બીજું કશું બોલતો જ ના હોય અને આપણે પણ જીવનમાં એવી મૂર્ખામીઓ નથી કરવાની, એ ધ્યાન રાખવા પણ એને બોલવા દેવો પડે અને રૂપિયા જેની પાસેથી કમાવાના હોય એને ચુપ કરો તો પછી કશું ના બચે..!!

ગમે તેવા મોટા પંડિત હો તો પણ ઘરવાળી કહી દે કે નકરી ફાડાફાડી સિવાય બીજું કશું નથી, એમની ચાના રૂપિયા પણ મારા પગારમાંથી આવે છે, એટલે આપણે તો ભગવાનને કહી દીધું છે કે આ સાતમો અને છેલ્લો આમની જોડે હો..!! બસ બહુ થયું..!!

તો આજનો કથા સાર?

શૈશવથી ઈમ્પ્રેસ થવું નહીં, દરેક ફોટા થોડુંક પેટ અંદર ખેંચીને પડાવવામાં આવે છે.!!! અને મુકેશભાઈ અને નીતાભાભી જો ખાલી એન્ટેલિયા જોવા પણ આવવા દે તો આપણે તો જીવન સાર્થક એવું ચોક્કસ માનીએ છીએ..!!

જય હો. ■

કોઈ પારેવું પાંખ ફેલાવે, વળી ઊડવા માંડે !

અચાનક કોઈ ઘીના દીવા પેટાવે, કબર પર ચિરાગ રોશન કરે, દેવળમાં મીણબત્તી લઈને જાય! શાંતિનું સ્વર્ગ ગણાતું દેવળ અને અપાર કષ્ટ વેઠીને ધર્મ સમજાવતાં પ્રભુ પણ વિચારતા થઈ જાય, આ નમનમાં શું ફેર છે!

દરેક પારેવાને ઊડવાની હોંશ હોય છે. નાના તળાવની માછલીને ખારા સાગરમાં ઝંપલાવવાની ઈચ્છા હોય છે! આ ઈચ્છા સાહસ પણ હોય છે તે દુઃસાહસ પણ હોઈ શકે!

બે દાયકા પહેલાં સુધી મધ્ય કોલકાતા મિની હિન્દુસ્તાન ગણાતું. જથ્થાબંધ બજારો વચ્ચે મોટી વસાહત હતી. ધીમે ધીમે લોકો નિવાસ બદલવા લાગ્યા, પણ વ્યાપાર કેન્દ્ર તો હજી પણ જૂના જાણીતા વિસ્તારમાં છે. મતદારોના સરનામા બદલાવાથી નકશો નથી બદલાઈ જતો.

મધ્ય કોલકાતામાં મિની હિન્દુસ્તાનનું આજનું દૃશ્ય પણ ગીચ છે. માણસો અને વાહનો વચ્ચે સરકતા રહેવાની ધીમી ગતિ છે. આ વર્તુળને તો ગુજરાતી ગામ તરીકે ઓળખવામાં આવતું. દરેક ગલીમાં ગુજરાતી પરિવારો રહેતાં, નજીકમાં તેમની પેઢી અને મંદિર અને શાળાઓ હતી. પુસ્તકાલયો હતાં. ગુજરાતી ડૉક્ટરોના ચેમ્બરો હતા. ગુજરાતી થાળી પીરસાય તેવા બાસા (ક્લબ)હતા.

નવચેતનના તંત્રી ચાંપશીભાઈ ઉદેશી ૧૧ પોલોક સ્ટ્રીટમાં (તેનું ગામઠી નામ ત્યારે લીંબુતલ્લા હતું.) એન્ગ્લો ગુજરાતી સ્કૂલમાં એકડો ઘૂંટતાં. તે પછી શાળા ૪૯ ઈઝરા સ્ટ્રીટમાં વિસ્તરી હતી. આજે તે શાળાના પોતાના બહુમાળી મકાન છે. આ શાળાના વર્તુળમાં એક તરફ શ્રી કલકત્તા જૈન શ્વેતાંબર સ્થાનકવાસી સંઘ-નવલખા ઉપાશ્રય તો બીજ તરફ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-દેરાસર, સુતાપટ્ટી દેરાસર, તેરાપંથ મહાસભા, શ્રી દિગંબર જૈન ભવન, તાલાવ બાડી શિવ મંદિર, ગુરુદ્વારા, સાંવરિયા શેઠની હવેલી, શ્રી બાલેશ્વર મંદિર, ગોવર્ધનનાથજીની હવેલી, શ્રીનાથજીની હવેલી, પંચમુખી હનુમાનજી, ભગવાન જગન્નાથ અને સામે વહેતી ગંગા!

આ ઉપરાંત સ્વામિનારાયણ મંદિર અને શ્રી કચ્છી જૈન ભવન અને શ્રી કલકત્તા લોહાણા મહાજન વાડી, શ્રી પાટીદાર સમાજ અગાઉ થોડે દૂર ભાટિયા વાડી પણ હતી.

શાહજહાં બિલ્ડિંગના ત્રીજે માળે ગુજરાતી સમાજ બહારગામથી આવતાં ગુજરાતીઓ માટે પહેલું આશ્રય હતું. પહેલે માળે ગિજુભાઈ બધેકાના ચીંધ્યા શિક્ષણ માર્ગે ચાલતી શ્રી શિક્ષા નિકેતન હતી.

આ વર્તુળમાં આટલા જ ધર્મ સ્થાનો હતાં એવું નહોતું. અંગ્રેજોએ પોતાની રીત પ્રમાણે આખા કોલકાતામાં ચર્ચ બંધાવી, જે મધ્યમાં હતી તેમાં રાઇટર્સ બિલ્ડિંગ પાસે જ સેન્ટ એન્ડ્રુઝ ચર્ચ, પોર્ટુગીઝ ચેપલ કે ચર્ચ, મેગન ડેવિડ સીનેગોગ, ધ બેથ ઈલ સીનેગોગ, આરમેનિયન ચર્ચ છે. યહૂદીઓ તો હવે સીમિત સંખ્યામાં છે. એન્ગ્લો ઇન્ડિયન પણ બહુ ઓછા છે. આ દેવળો એટલાં નજીક છે કે દરેકના ઘડિયાળના ટકોરા એકસાથે સંભળાય છે! બ્રેબોર્ન રોડ પર તેના પડઘા પડે છે!

તે સાથે શતાબ્દી વર્ષ ઉજવતાં દાઉદી વ્હોરા સમુદાયની સૈફી મસ્જિદ છે. કલકત્તાનું પહેલું અગ્નિ મંદિર/અગિયારી ૨૬, ઈઝરા સ્ટ્રીટમાં રૂસ્તમજી કાવસજી બાનાજીએ બંધાવ્યું. પારસીઓ અહીં મોટી સંખ્યામાં હતા. તે મંદિરના બાજુના માર્ગનું નામ પારસી ચર્ચ સ્ટ્રીટ એટલે જ છે! ફિલ્મ વિતરક માદનનું મોટું નામ હતું. માદન મેન્સન અને તેની સાથે ટિરેટા બજાર જાણે ગુજરાતી મૉડલના રહેઠાણ હતા. ઈઝરા સ્ટ્રીટ, કેનિંગ સ્ટ્રીટ, અમરતલ્લા, રૂપચંદ રોય સ્ટ્રીટ, મલ્લિક સ્ટ્રીટ, તારાચંદ દત્ત સ્ટ્રીટ, આરમેનિયન સ્ટ્રીટ....

મિશ્રા ભવનથી ગુજરાત ભવન, રાજભવન, તુલસી ભવન, ગુજરાત મેન્સન સુધી ગુજરાતી સુગંધ મહેકતી!

જ્યાં દશ હજાર બિરાદરો એકસાથે નમાજ અદા કરી શકે તેવી નાખુદા મસ્જિદ ૧૯૨૬માં કચ્છી મેમણ શિપિંગ પ્રિન્સ ગણાતાં અબ્દુર રહીમ ઓસમાને બંધાવી. સાહસિક નાવિક હોવાથી નાખુદા મસ્જિદ નામ રાખ્યું. હજી તેનો વહીવટ કચ્છી મેમણ જમાત હસ્તક છે. ગઈકાલના કલકત્તા અને આજના કોલકાતાનું બિઝનેસ ડિસ્ટ્રિક્ટ આટલા બધા સામાજિક અને ધાર્મિક સ્થળો વચ્ચે ફૂલ્યું છે. કાઠિયાવાડી, કચ્છી, સુરતી, અમદાવાદી, વ્હોરા, પારસી, અનાવિલ, પાટીદાર, નાગર, વાઘરી અનેક ઢબની ભાષા મીઠાશ સાથે બોલાતી, જમશેદી નવરોઝ પ્રસંગે વપરાતું પારસી અભિવાદન સાલ મુબારક દરેક ગુજરાતીએ નૂતન વર્ષ માટે સહર્ષ અપનાવી લીધું!

આ મિની હિન્દુસ્તાન આજે ચર્ચામાં એટલે છે કે દેવળો સૂના પડ્યા છે, બે સદી કે વધુ વર્ષો જૂના આ સ્મારકો હવે હેરિટેજ કક્ષામાં છે. પશ્ચિમ બંગાળે ફક્ત શિક્ષણ નહીં, સ્વદેશી માટે પણ પહેલ કરી હતી. રાષ્ટ્રવાદની લહેર ઊપડતી, એમ કહેવાતું જે બંગાળ આજે વિચારે તે બીજા પછી વિચારે છે! આ ટેમ્પલ, મસ્જિદો, ચર્ચ કોલકાતામાં ક્યાં ઓછાં છે? બીજે દેખાયા અને ઘરના ભગવાન અજાણ્યા! આ બીજ ગણિતમાં એક્સ ફેક્ટર શું છે? વાય એટલે શા માટે એ તો સમજાય છે!

પહેલાં જનમત પ્રમાણે લોકશાહીને દિશા મળતી. આજકાલ વધુ ભણેલા રાજનીતિના પંડિતો જનમત તૈયાર કરી આપવાની ફેક્ટરી ચલાવે છે. તેમને કદાચ એવું લાગતું હશે કે મીઠા જળની માછલીઓ જાળમાં ફસાઈ તો ખારો દરિયો તો રમત વાત છે! પારેવા કુદરતી ઊડતાં શીખી જાય છે. પતંગનો દોરો કાચો હોય, પારેવા સાથે સરખામણી ન થાય! ■

મારા સ્મિતના પ્રયોગો !

વાત જાણે એમ બની કે બેસતા વર્ષના દિવસે અમે સજોડે મંદિરે દર્શન કરી, સગાં-સંબંધીને ત્યાં નવા વર્ષની શુભેચ્છા પાઠવવા નીકળેલાં. નવા વર્ષથી મેં સ્મિતનો એક નવતર પ્રયોગ શરૂ કર્યો છે એની જાણ વાઇફને મેં નહોતી કરી, કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે (કયા શાસ્ત્રમાં કહ્યું છે એની તો આવું બોલનારનેય ખબર નથી હોતી. આપણે પણ શાસ્ત્ર-બાસ્ત્ર વાંચ્યા છે એવું બતાવવા પૂરતું પણ આવું બોલવું કે લખવું પડે છે.) કે લીધેલો શુભ સંકલ્પ ક્યારેય જાહેર નહીં કરવો.

મને રસ્તે જતાં સાવ અજાણી વ્યક્તિઓ સામે પણ સ્મિત કરતો જોઈને વાઇફ ચમકી. મને સહેજ ચૂંટલી ભરતાં, એણે ચાલતાં ચાલતાં ધીમેથી પણ ગુસ્સાથી પૂછ્યું : 'ગાંડા થ્યા છો?' નવા વર્ષે સ્મિતનો પ્રયોગ શરૂ કર્યો'તો એટલે મેં એની સામે પણ સ્મિત કરતાં કહ્યું, 'માણસ બીજીવાર ગાંડો ન થાય. ૧૯૭૫ ૨૦મી મેએ તારા સહયોગથી હું એકવાર ગાંડો બની ચૂક્યો છું, પણ આવું કેમ પૂછ્યું?' ત્યારે એણે પત્નીસહજ ગુસ્સો કર્યો : 'કોણ હતી એ? ક્યારથી ચાલે છે આવું?'

સાંભળીને તો હું અવાક્ થઈ ગયો. 'આવું એટલે?' આવી વિકટ સ્થિતિમાં પણ મેં સ્મિત કર્યું, કેમ કે મારા સ્મિતના પ્રયોગનો એ પહેલો જ દિવસ હતો.

'આવું એટલે... આવું સ્મિત કરવાનું.'

'આજથી જ શરૂ કર્યું છે.' મેં સ્મિત ચાલુ રાખતાં કહ્યું.

'હાય, હાય...' વાઇફ તાડૂકી, 'પાછા કહે છે આજથી શરૂ કર્યું છે. તમને શરમ બરમ જેવું છે કે નહીં?'

'લે, સ્મિત કરવામાં શેની શરમ!' મેં સ્મિતને જાળવી રાખ્યું.

'યાદ કરો, આજથી બરાબર આડત્રીસ વર્ષ પહેલાં મારી સામે તમે આવું જ, અદ્દલ આવું જ સ્મિત કરેલું અને જુઓ, આજે એનું પરિણામ... ત્યારે તો હું તમને ઓળખતીયે નહોતી.'

'તે હજીય ક્યાં ઓળખે છે?' – આવું મારે કહેવું'તું, પણ એક ગુજરાતી પતિ હોવાની મારી ઓળખને મારે ભૂંસવી નહોતી એટલે ચૂપ રહ્યો.

પત્નીની દલીલો સામે મૌન ધારણ કરવું એ સફળ લગ્નજીવનની ચાવી છે. એવું ડિવોર્સ લઈ, સાધુ બની ગયેલા માજી પતિનું એટલે કે એક ભૂતપૂર્વ પતિનું માનવું છે.

'બોલોને, ચૂપ કેમ થઈ ગયા?' વાઇફ અત્યારે પૂરેપૂરી શંકાગ્રસ્ત બની ગઈ'તી, 'કોણ હતું એ?'

'તું એને ન ઓળખે.'

'એટલે તો પૂછું છું.'

'સાચું કહું.' મેં સ્મિત કર્યું, 'હુંય એને નથી ઓળખતો.'

'તો પછી એણે તમારી સામે સ્મિત કેમ કર્યું?'

'આને સ્મિતનો પ્રભાવ કહેવાય!' મારું સ્મિત ચાલુ જ હતું.

'એમ કહોને ત્યારે, લોકોને જોઈને તમનેય આ ઉંમરે કેવા કેવા ભાવ ઊપડવા માંડ્યા છે?'

'અરે યાર...' મેં સ્મિતની સ્ટાઇલ બદલીને કહ્યું, 'આજે બેસતા વર્ષના દિવસે આવું નહીં વિચારવાનું. આખું વરસ પછી તને આવા જ વિચારો આવશે.'

'મારે પણ તમને એ જ કહેવું છે કે આજના દિવસે આ શું માંડ્યું છે? પછી આખું વરસ મારેય આવા જ ટેન્શનમાં રહેવાનું ને?'

'આવા એટલે?' હું ગુસ્સે તો થયો, પણ સ્મિત જાળવીને.

'તમારાં આમ સ્મિતાસ્મિત કરતા રહેવાનું ટેન્શન...'

'અરે?! તું એને ક્યાંથી ઓળખે?!' હું ચોંક્યો. જોકે આ ક્ષણે મારું સ્મિત ગાયબ થઈ ગયું'તું.

'કોને' વાઇફ પણ ચોંકી.

'સ્મિતાને!'

'કઈ સ્મિતા?'

'હમણા તું બોલી નહીં કે સ્મિતા, સ્મિતા કરતા રહેવાનું?!'

'એ તો મેં તમારા સ્મિતની અને સામેની વ્યક્તિના સ્મિતની સંધિ કરી.'

વાઈફે ભાષાવિજ્ઞાન સાથે એમ.એ. કર્યું છે એવું, એ આ રીતે મને અવારનવાર આંચકા આપીને યાદ કરાવતી રહે છે.

'તો એમ બોલને! હું તો ગભરાઈ ગયેલો કે મારા સ્ટાફની ઝઘડાળુ અને કાયમ રોતલ રહેતી સ્મિતાને તું કેવી રીતે ઓળખે?'

'ઓ...હ!' વાઈફે રિમાન્ડ શરૂ કર્યા, 'તો પેલી ગઈ એ સ્મિતાડી હતી?'

'અરે યાર, હું સાચું કહું છું કે એ ગઈ એ સ્મિતા નહોતી અને કોણ હતી એનીય મને ખબર નથી.'

'પાછું જુઠ્ઠું બોલવાનું શરૂ કર્યું? એય તે આજથી – બેસતા વર્ષના દિવસથી?'

'ટ્રસ્ટ મી', મેં મારા ગળાની ચપટી ભરતાં સ્મિત કર્યું, 'સાચું કહું છું!'

'આજે તો સાચું બોલો.' વાઈફે મારા સ્મિતને અને ચહેરાને વૉચ રાખવાનું ચાલુ રાખ્યું, 'હજી તો મહિનોય થયો નથી, ગઈ શરદપૂનમે જ સત્યનારાયણની કથા કરાવી તમારી પાસે સંકલ્પ લેવડાવેલો, કે આજ પછી તમે ક્યારેય જુઠ્ઠું નહીં બોલો... અને તોય બોલ્યાને આજે?'

'અરે, એ કથા કરાવ્યા પછી હું ક્યારેય જુઠ્ઠું નથી બોલ્યો.'

'હું આજની – અત્યારની વાત કરું છું.'

'અત્યારે પણ હું જુઠ્ઠું નથી બોલ્યો!' મેં સ્મિતના પ્રયોગને જાળવીને કહ્યું.

'તો પછી આમ મૂછમાં હસો છો કેમ?'

'આ એક સસ્પેન્સ છે!' મેં ચાલુ સ્મિતે કહ્યું, 'આજે એને ખોલવાની મજા નહીં આવે.'

'મને ખબર છે, તમને ક્યારે શેમાં મજા આવે છે એની...' આટલું કહી મંદિરમાં પ્રવેશતાં જ એણે મારા પરનો ગુસ્સો મંદિરના ઘંટ પર એટલા જોરથી કાઢ્યો કે આજુબાજુ ઊભેલા કેટલાક દર્શનાર્થીઓએ રીતસર ભાગંભાગી કરવા માંડી.

હું આંખો બંધ રાખીને, મને આવડતા'તા એવા બે ચાર મંત્રો મનમાં ને મનમાં હોઠ ફફડાવી બોલતો'તો, ત્યાં જ વાઈફે ઠોંસો મારી મને જગાડ્યો.

"ચાલો હવે, દર્શન... દર્શનની રીતે હોય. આમ આંખો બંધ રાખીને ભગવાનને જ જોતા'તા કે પછી..."

'અરે યાર, ભગવાનને જ જોતો હોઉં ને?' મેં એક આંખ બંધ રાખી, બીજીને માપસરની ઉઘાડતાં કહ્યું, 'વિચાર તો કર, હું મંદિરમાં ઊભો છું.'

"એટલે જ પૂછું છું કે મંદિરમાં ભગવાનની મૂર્તિ આંખ સામે હાજર જ છે, તો ખુલ્લી આંખે જ દર્શન કરોને? મંદિરમાં ભગવાનની સામે ઊભા રહીનેય એને જોવા માટે આંખો બંધ રાખવાની? સાચું કહેજો, બંધ આંખે કોને જોઈને આમ મલક મલક મલકાતા'તા અને શું બબડતા'તા."

હું બંધ આંખે ભગવાનને જ જોઈ રહ્યો છું, એના સિવાય હું બીજા કોઈનેય જોઈ રહ્યો નથી – એવું કન્ફર્મ જ કરાવવા હું મૌન રહ્યો.

'મને પૈસા આપો.' મને ફરી પાછો સમાધિભંગ કરતાં એણે કહ્યું, 'મારે દાનપેટીમાં મૂકવા છે.'

'અરે, આજે તો ભગવાન પાસે માગવાનું હોય અને આજે ભગવાન આપે. એટલે આખું વરસ એ આપતા જ રહે, તું સમજ જરા!'

'એટલે તો માગું છું, પણ આપણે કંઈક મૂકવું તો પડે ને? એમ ને એમ કંઈ ભગવાન આપે?'

> '૧૯૭૫ ૨૦મી મેએ તારા સહયોગથી હું એકવાર ગાંડો બની ચૂક્યો છું, પણ આવું કેમ પૂછ્યું?' એણે પત્નીસહજ ગુસ્સો કર્યો : 'કોણ હતી એ? ક્યારથી ચાલે છે આવું?'

'અરે, એને જ તો ભગવાન કહેવાય! જે એમ ને એમ આપે!'

'તો એમ કહોને ત્યારે કે તમેય આજે ભગવાન બનવા નીકળ્યા છો!'

'ભગવાન બનવા?!' મને આશ્ચર્ય થયું, 'હું?!'

'હાસ્તો.' વાઈફે પ્રસાદ લેતાં અને મને આપતાં કહ્યું, 'સામેનું માણસ કોઈ પણ હોય – જાણીતું, અજાણ્યું, તોય એને તમે એમ ને એમ જ સ્મિત આપતા ફરો છો ને?'

જેવા અમે મંદિરની બહાર નીકળ્યાં કે એક ઓળખીતા સંબંધી મળ્યા.

'ઓહોહોહો... હર્ષદભાઈ, સાલ મુબારક!'

'સ્મિત મુબારક, સ્મિત મુબારક!' મેં સ્મિત કરતાં કહ્યું, 'હેપી ન્યૂ સ્માઈલી યર!'

મારો આવો – કલ્પના બહારનો – પ્રતિભાવ જોઈને પેલા ભાઈએ તો મારી માનસિક અવસ્થા વિશે જે વિચાર્યું હશે એ ખરું, પણ વાઈફે તો એવું જ સમજી લીધું હશે કે ખલાસ... આ માણસનું તો હવે ખરેખર ખસી ગયું હોય એમ લાગે છે અને હું બિચારા પર ક્યારની ખોટે ખોટી વહેમાતી રહી. જોકે, આવું મને એટલા માટે લાગ્યું કે પેલા સંબંધીના ગયા પછી વાઈફે મારી સાથે એક પત્ની તરીકે નહીં, પણ એક હમદર્દીની જેમ વર્તવા માંડેલું.

'ઘરે હવે ચાલતા જ જવું છે કે રિક્ષા કરવી છે?' મેં સ્મિતપૂર્વક પૂછ્યું.

મારું સ્મિત જોઈને એ ગભરાઈ, 'ચાલતા જવામાં જોખમ છે. રિક્ષા જ કરી લઈએ.'

"મેં એટલે જ તને કહ્યું'તું કે આટલા બધા દાગીના ઠઠારવાનાં ન હોય." મેં સ્મિત કરીને કહ્યું.

'મને દાગીનાની ચિંતા નથી.' એક રિક્ષાવાળાને ઊભો રખાવી, મને અંદર ધકેલી, મારી બાજુમાં ગોઠવાતાં એણે મારો હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું, 'મને આ દાગીનાની ચિંતા છે. સાચ્ચું કહેજો, આવું તમને ક્યારથી થવા માંડ્યું છે?'

'આવું એટલે?'

"આવું... જેની ને તેની સામે જોઈને સ્મિત કરતાં રહેવાનું? હમણા મંદિરમાંથી બહાર નીકળતાં પેલા ભાઈને તમે 'સ્મિત મુબારક' અને 'હેપી સ્મિત...' કે એવું કંઈક કહેલું, ત્યારે એમનો ચહેરો તમે જોયો'તો?"

'હા, કેમ!' મેં સ્મિતને લંબાવતાં કહ્યું, 'ચહેરા જેવો ચહેરો હતો!'

"હા, પણ એ ગયા ત્યારે એમનો ચહેરો જોયો'તો? જાણે તમને ઓળખતા જ ન હોય એવા એ બાઘા બની ગયા'તા. હવે તો કહો, આવું તમને ક્યારથી થવા માંડ્યું છે?"

'કહું!' મેં સ્મિત કર્યું, "આજથી! આજે નવા વર્ષે મેં નક્કી કરેલું કે દરેકને 'સાલ મુબારક'ને બદલે 'સ્મિત મુબારક' કહેવું – સામેની વ્યક્તિ કોઈ પણ હોય!"

'તો શું તમે સાવ ખોટ્ટેખોટ્ટું સ્મિત કર્યે રાખો છો?'

'હાસ્તો!' મેં ખોટા સ્મિતનો સાચો ફાયદો સમજાવતાં કહ્યું, "આપણા સહેજ અમથા ખોટા સ્મિતથી સામેની વ્યક્તિને કેટલું સારું લાગે! આ 'સારું લાગે' એ જ સાચું!"

રિક્ષામાંથી ઊતરી, પૈસા ચૂકવી, વાઈફે ઘરનું લૉક ખોલતાં ખોલતાં કહ્યું, 'આજથી તમારું નામ બદલાવીને હસમુખ રાખીએ!'

અત્યારે તો હું એની સામે સો ટચનું સાચુકલું સ્મિત કરી રહ્યો'તો! ■

■ અભીપ્સા ભટ્ટ

કામ અને સન્માન ઉંમરના મોહતાજ નથી હોતા

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે પદ્મ સન્માન સમારંભ યોજાઈ ગયો. જેમાં પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન આપવા માટે તુલસી ગૌડા અને લોકકલા ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન આપવા માટે મંજમ્મા જોગતીને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યાં. આમ તો ઘણી બધી હસ્તીઓને પદ્મ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યા, પણ આ બંને હસ્તીઓની વિશિષ્ટ અભિવ્યક્તિએ લોકોનું મન મોહી લીધું.

પર્યાવરણની વાત આવે ત્યારે આપણે સૌ આંખ આડા કાન કરીએ છીએ. આ વિશ્વમાં રહેવું આપણે સૌને છે, પણ તેના જતનની જવાબદારી અન્યોના માથે ઢોળી દઈ આપણા આળસુપણા પર ઢાંકપિછોડો કરીએ છીએ. થોડા સમય પહેલાં ક્લાઇમેન્ટ ચેન્જ ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન આપવા માટે ત્રણ વિજ્ઞાનીઓને સન્માનિત કરવામાં આવ્યા. તેમાંના એક વિજ્ઞાની માનાબે નેવું વર્ષના છે. તેઓ ક્લાઇમેટ ચેન્જના વિષય પર સતત સંશોધન કરતા રહે છે. માનાબેએ એવું ના વિચાર્યું કે હું તો નેવું વર્ષનો થઈ ગયો. હવે કેટલી આવરદા બાકી છે કોને ખબર. ક્લાઇમેટ ચેન્જ પર સંશોધન કરવાને બદલે હરું-ફરું અને મોજમજા કરું. જે લોકોને જીવનમાં સતત સારું કાર્ય કરવાની ટેવ છે, તેઓ ક્યારેય સમય, સ્થાન, પરિસ્થિતિ કે ઉંમરની દરકાર નથી કરતાં. માનાબે અને તુલસી ગૌડા પણ આવા જ મહાનુભાવો પૈકીના એક છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે જુદાં-જુદાં ક્ષેત્રો સાથે જોડાયેલી હસ્તીઓને વિશિષ્ટ યોગદાન આપવા બદલ પદ્મ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા. આ બધી

ફેમિલી ગેન

હસ્તીઓમાંના એક છે તુલસી ગૌડા. તુલસી ગૌડા ૭૭ વર્ષનાં છે. તેઓ બે વર્ષનાં હતાં ત્યારથી તેમનો પનારો ફૂલ-છોડ સાથે પડ્યો અને આજદિન સુધી તે કાયમ રહ્યો છે. તુલસી જ્યારે બે વર્ષનાં હતાં ત્યારે તેમના પિતા મૃત્યુ પામ્યા. તુલસીનાં માતા તુલસીને લઈને નર્સરીમાં કામ કરવા જતાં. માતા દીકરી તુલસીના ઉછેર માટે નર્સરીમાં કામ કરવા જતાં જ્યારે તુલસી ફૂલછોડના ઉછેર માટે નર્સરીમાં જતી એમ કહી શકાય. છેલ્લાં કેટલાંય વર્ષોથી તુલસી વન અને પર્યાવરણની અદકેરી સેવા કરી રહ્યાં છે. તેમને ઘરઆંગણે ઉગાડવામાં આવતાં ફૂલછોડ હોય કે જંગલમાં ઊગતાં ઝાડ – દરેકે દરેક વિશે ઝીણામાં ઝીણી માહિતી છે. એટલે જ તુલસીને એન્સાઇક્લોપીડિયા ઓફ ફોરેસ્ટ કહેવામાં આવે છે. તુલસી ગૌડાના વૃક્ષો પ્રત્યેના પ્રેમ અને પર્યાવરણ પ્રત્યેની સજાગતા જોઈને જંગલ ખાતા દ્વારા તેમને પરમેનન્ટ જોબ ઑફર કરવામાં આવી. તુલસીએ પંદર વર્ષ સુધી જંગલ ખાતામાં સેવા આપી અને સિત્તેર વર્ષની વયે નિવૃત્તિ લીધી.

તેઓ ભલે જંગલ ખાતામાંથી કર્મચારી તરીકે નિવૃત્ત થઈ ગયાં હોય, પણ એક વ્યક્તિ તરીકે તેઓ આજની તારીખે પણ વૃક્ષોના જતનની જવાબદારી બખૂબી નિભાવે છે. તુલસીએ શાળાકીય શિક્ષણ નથી લીધું. ખૂબ નાની ઉંમરમાં તેમનાં લગ્ન કરી દેવામાં આવ્યાં. તુલસી ભલે ભણ્યા નથી, પણ ગણ્યા છે. વનસ્પતિશાસ્ત્રી વૃક્ષો અંગે જેટલું જ્ઞાન ધરાવે એટલું જ જ્ઞાન તુલસી ધરાવે છે. તુલસી ગૌડા કર્ણાટકના હોનાલી ગામનાં રહેવાસી છે. તુલસીએ એક લાખથી વધુ વૃક્ષોનું જતન કર્યું છે, તેમ જ ત્રીસ હજાર જેટલા છોડ વાવ્યા છે.

તુલસી જ્યારે રાષ્ટ્રપતિભવનના દરબાર હૉલમાં પદ્મશ્રી સન્માન લેવા ગયાં એ સમયનો વીડિયો ખૂબ વાયરલ થયો. ભાગ્યે જ કોઈ વ્યક્તિ એવી હશે જેણે એ વીડિયો ન જોયો હોય. એ વીડિયોમાં તુલસી ગૌડા પારંપરિક આદિવાસી પહેરવેશ અને ખુલ્લા પગે જોવા મળે છે. લોકોને તુલસીની સાદગી સ્પર્શી ગઈ. કદાચ આ જ તો કમાલ છે, જમીન સાથે જોડાયેલા માણસોનો અને તુલસી તો ખરા અર્થમાં જમીન સાથે જોડાયેલાં છે એવું કહી શકાય.

જે સમયે તુલસીએ ફૂલછોડનું જતન કરવાનું કામ શરૂ કર્યું હશે એ સમયે તેમને ખબર પણ નહીં હોય કે તેઓ પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં કેટલું મહત્ત્વનું યોગદાન આપી રહ્યાં છે અને તેમનું આ યોગદાન એક દિવસ તેમને દેશના ચોથા સૌથી મહત્ત્વના સન્માન તરફ દોરી જશે, તેમ જ દેશનો દરેક નાગરિક તેમના આ કામને અને નામને બિરદાવશે. તુલસી ગૌડા જેવું જ એક અદકેરું વ્યક્તિત્વ સન્માનિત થયું. તેમનું નામ માતા બી. મંજમ્મા જોગતી. જોગતીને લોકકલા ક્ષેત્રમાં યોગદાન આપવા બદલ પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યાં. મંજમ્મા કર્ણાટકના બલ્લારી જિલ્લાના રહેવાસી છે. તેઓ કિન્નર છે, જેમને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા. મંજમ્મા નર્તક ઉપરાંત લોકગાયક અને નાટ્યકલાકાર પણ છે. મંજમ્મા જોગતીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે પદ્મશ્રીનું સન્માન સ્વીકારતા પહેલાં વિશિષ્ટ રીતે તેમની નજર ઉતારી. મંજમ્માની આ અભિવ્યક્તિ લોકોને આકર્ષી ગઈ.

મંજમ્મા જોગતીનું સાચું નામ મંજુના શેટ્ટી હતું. તેઓ નાના હતા ત્યારે તેમને સજવું-ધજવું ખૂબ ગમતું. છોકરીઓની જેમ તૈયાર થવાની હરકતો જોઈને પરિવાર મંજુનાથ પર ગુસ્સે થતો અને તેમને સજા આપતો. પરિવારજનોએ મંજુનાથનું મેડિકલ ચેકઅપ કરાવ્યું અને ભૂવા-તાંત્રિકો પાસે પણ લઈ ગયા. ધીરે ધીરે પરિવારજનોને સમજાયું કે મંજુનાથ કિન્નર છે. આખરે મંજુનાથના જોગપ્પા રિવાજ પ્રમાણે દેવી રેણુકા યેલ્લમ્મા સાથે લગ્ન કરાવવામાં આવ્યા અને મંજુનાથને મંજમ્મા નામ આપવામાં આવ્યું. જોગપ્પા પરંપરાને અનુસરનાર વ્યક્તિ ઘરે પાછી નથી ફરી શકતી. મંજમ્માને પરિવારજનોથી દૂર થવાનો જોરદાર આઘાત લાગ્યો અને તેઓ બધું જ છોડીને ભાગી ગયા. જીવન નિર્વાહ કરવા માટે તેમણે ભીખ માગવાનું શરૂ કર્યું. આ સમય દરમિયાન તેઓ અભદ્ર વર્તનનો ભોગ બન્યા. આખરે કંટાળીને તેમણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. એ જ ક્ષણે તેમની નજર એક પિતા-પુત્ર પર પડી. પિતા-પુત્રની જોડી નૃત્ય કરી રહી હતી. મંજમ્માને આ નૃત્યમાં રસ પડ્યો અને તેમણે આ નૃત્ય શીખવા માટે પિતા-પુત્રને અરજ કરી. એ નર્તકો હતો પારંપરિક જોગતી નૃત્ય માટે જાણીતા કાલાવા. કાલાવાએ મંજમ્માને જોગતી નૃત્ય શીખવાડ્યું. કાલાવાના મૃત્યુ બાદ મંજમ્માએ જોગતી ડાન્સ ગ્રૂપની બાગડોર સંભાળી અને જોગતી નૃત્યને લોકોમાં જાણીતું બનાવ્યું. જે નૃત્યને જાણીતું બનાવવામાં જોગતીએ મહેનત કરી આજે એ નૃત્યએ જોગતીને દેશભરમાં જાણીતા બનાવી દીધા.

મંજમ્મા જોગતી કર્ણાટક જ્ઞાનપદ અકાદમીના પહેલા ટ્રાન્સજેન્ડર (લિંગ પરિવર્તન કરીને મહિલા બનનાર) અધ્યક્ષ છે. પદ્મશ્રી સન્માન મેળવતાં પહેલાં તેમને કર્ણાટકના રાજકીય સન્માન રાજ્યોત્સવ ઍવૉર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. મંજમ્માની જીવનકથનીને હાવેરી જિલ્લાની શાળાઓ અને કર્ણાટક લોકકલા વિશ્વવિદ્યાલયના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવી છે.

તુલસી ગૌડા, મંજમ્મા જોગતી ઉપરાંત પણ બીબી પ્રકાશ કૌર, શ્યામ સુંદર પાલીવાલ જેવા ઘણા સામાજિક કાર્યકરો છે, જેઓ જુદાં-જુદાં ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન આપી રહ્યાં છે. આ દરેકમાં એક વાત સામાન્ય અને સહજ છે. તેઓ નિર્દોષ અને નિર્લેપ ભાવે સતત સારું કામ કરી રહ્યાં છે અને તેથી જ તેઓ આપણામાંના જ એક છે છતાં પણ વિશિષ્ટ છે. ■

તુલસીએ પંદર વર્ષ સુધી જંગલ ખાતામાં સેવા આપી અને સિત્તેર વર્ષની વયે નિવૃત્તિ લીધી. તુલસીએ એક લાખથી વધુ વૃક્ષોનું જતન કર્યું છે, તેમ જ ત્રીસ હજાર જેટલા છોડ વાવ્યા છે

ગોવા ફિલ્મ ફેસ્ટિવલમાં આઝાદીના અમૃત મહોત્સવનું પ્રતિબિંબ

આઇએફએફઆઇ-ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયામાં બ્રિક્સ દેશોની ફિલ્મોનું નિદર્શન કરવામાં આવે છે. આ વર્ષે ફેસ્ટિવલમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બંગાળી દિગ્દર્શક સત્યજીત રાયની ૧૦૦મી પુણ્યતિથિ નિમિત્તે લાઇફટાઇમ અૅચિવમેન્ટ અૅવૉર્ડ એનાયત કરવામાં આવશે.

એશિયાના સૌથી જૂના ફિલ્મ ફેસ્ટિવલ - ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયાનું ગોવામાં આયોજન થવા જઈ રહ્યું છે. ૨૦થી ૨૮ નવેમ્બર સુધી ચાલનારો ફેસ્ટિવલ આ વર્ષે થોડો હટકે છે. જે રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે કેન્સ ફિલ્મ ફેસ્ટિવલ પ્રચલિત છે, તેમ જ તેમાં ભાગ લેવો અને ફિલ્મને સ્થાન મળવું સન્માનની વાત માનવામાં આવે છે, એવી જ રીતે ભારતમાં ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા સ્થાન ધરાવે છે. વર્ષ ૧૯૫૨માં પહેલીવાર આઇએફએફઆઇનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારથી લઈને દર વર્ષે નિયમિત રીતે આ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષનો ફિલ્મ ફેસ્ટિવલ થોડો ખાસ અને હટકે છે. ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે આ ફેસ્ટિવલમાં

આઇએફએફઆઇમાં રજૂ થશે એકવીસમું ટિફિન

રસપ્રદ વાત એ છે કે આપણી ગુજરાતી ફિલ્મ એકવીસમું ટિફિન પણ આઇએફએફઆઇમાં સ્ક્રિનિંગ માટે પસંદ થઈ છે. ફિલ્મનું દિગ્દર્શન ગુજરાતી ફિલ્મોના શ્રેષ્ઠ દિગ્દર્શક પૈકીના એક વિજયગિરી બાવાએ કર્યું છે. એકવીસમું ટિફિન ગુજરાતી સાહિત્યકાર રામ મોરીની વાર્તા પર આધારિત છે. ફેસ્ટિવલમાં ૨૨૧ ફિલ્મોએ ભાગ લીધો હતો. તેમાંથી ૨૫ ફિચર ફિલ્મ અને ૨૧ નોન-ફિચર ફિલ્મોની પસંદગી કરવામાં આવી છે. આ ૨૫ ફિચર ફિલ્મો પૈકીની એક છે એકવીસમું ટિફિન. ફિલ્મમાં જાણીતા ગુજરાતી કલાકારો નીલમ પંચાલ, નેત્રી ત્રિવેદી અને રોનક કામદારે ભૂમિકા નિભાવી છે જ્યારે ફિલ્મના કર્ણપ્રિય સંગીતનો શ્રેય જાય છે ગુજરાતી સંગીતકાર મેહુલ સુરતીને.

૭૫ ક્રિએટિવ માઇન્ડ્સ ઓફ ટુમોરો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ૭૫ જેટલા ક્રિએટિવ ફિલ્મ પ્રોફેશનલની પસંદગી કરવામાં આવશે અને તેમને માસ્ટરક્લાસમાં ભાગ લેવાનો તેમ જ ઇન્ડિયન સિનેમાના દિગ્ગજ ફિલ્મ સર્જકો સાથે વાર્તાલાપ કરવાનો મોકો મળશે. શંકર મહાદેવન, પ્રસૂન જોશી, કેતન મહેતા, વિપુલ અમૃતલાલ શાહ, મનોજ બાજપેયી, રસુલ પુકુટી જેવા ભારતીય સિનેમા સાથે જોડાયેલા દિગ્ગજોએ આ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા ભજવી છે.

આઇએફએફઆઇમાં બ્રિક્સ દેશો એટલે કે બ્રાઝિલ, રશિયા, ચાઇના, ઇન્ડિયા અને સાઉથ આફ્રિકાની ફિલ્મોનું સ્ક્રિનિંગ કરવામાં આવે છે. આપણે અગાઉ વાત કરી એમ આ વર્ષનો ફિલ્મ ફેસ્ટિવલ થોડો અલગ છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીની સાથે પહેલીવાર ઓવર ધ ટોપ પ્લેટફોર્મને આઇએફએફઆઇમાં સ્થાન આપવામાં આવ્યું છે. વિવિધ ઓટીટી પ્લેટફોર્મ દ્વારા આઇએફએફઆઇમાં વિવિધ સેશન આયોજિત કરવામાં આવ્યા છે. લોકડાઉન દરમિયાન જ્યારે દેશનાં સિનેમાઘરો બંધ હતાં ત્યારે ઓટીટીએ લોકોને મનોરંજન પૂરું પાડ્યું હતું. ફિલ્મ ઇન્ડસ્ટ્રીને

સર સીન કોનેરી | ઇસ્તવાન ઝોબો | માર્ટિન સ્કોરસિસ

ધબકતી રાખવામાં આડકતરી રીતે ભૂમિકા ભજવનાર ઓટીટી હવે મનોરંજનનું મહત્ત્વનું પરિબળ બની ગયું છે અને ઓટીટીએ દેશની એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં આપેલા યોગદાન બદલ આઇએફએફઆઇએ ઓટીટીને વિશેષ સ્થાન આપ્યું છે. ફિલ્મ ફેસ્ટિવલમાં કેલિડોસ્કોપ અને વર્લ્ડ પેનોરોમા સેક્શન અંતર્ગત થ્રીસ જેટલી ફિલ્મોનું સ્ક્રિનિંગ કરવામાં આવશે. ફેસ્ટિવલમાં બંગાળી ફિલ્મ સર્જક સત્યજીત રાયની યાદમાં લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવી રહ્યો છે. ઇસ્તવાન ઝોબો અને માર્ટિન સ્કોરસિસ જેવા ફિલ્મ સર્જકોને વર્લ્ડ સિનેમામાં આપેલા યોગદાન બદલ સત્યજીત રાય લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવશે.

ફેસ્ટિવલનો એક સેશન સિન કોનેરીને સમર્પિત કરવામાં આવ્યો છે. જેમ્સ બોન્ડનો પર્યાય બની ચૂકેલા સર સિન કોનેરીએ ગયા વર્ષે આ દુનિયાને અલવિદા કહ્યું. કોનેરીએ જેમ્સ બોન્ડના પાત્રને યાદગાર બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેમણે નિભાવેલા બ્રિટિશ સિક્રેટ એજન્ટ જેમ્સ બોન્ડનું પાત્ર વર્લ્ડ સિનેમાનું અવિસ્મરણીય પાત્ર છે. કોનેરી બાદ તો ઘણા અભિનેતાઓએ બોન્ડનું પાત્ર નિભાવ્યું પણ કોનેરી અને બોન્ડનું વ્યક્તિત્વ એકબીજાનો પર્યાય બની ચૂક્યા હતા એમ કહેવામાં સહેજપણ અતિશયોક્તિ નથી. કોનેરીને શ્રદ્ધાંજલિ આપવા માટે નો ટાઇમ ટુ ડાય, ગોલ્ડફિંગર જેવી ફિલ્મો બતાવવામાં આવશે. ■

આ અઠવાડિયાની

દસ બેસ્ટ સેલર બુક્સ

"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર

આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ મેળવો

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. ● ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

ચાલ જીવી લઈએ	: ગુજરાતી મુવીની ગ્રાફીક્સ સ્ટોરી બુક કલેક્ટર એડીશન	કોકોનટ પીક્ચર્સ	₹૧૦૦૦.૦૦
ઓશો	: વિદ્રોહ અને વિવાદોની આરપાર	નગીનદાસ સંઘવી	₹ ૨૦૦.૦૦
ધ ફસ્ટ ડે	: લાઈફનો રાઇટ ટર્ન નોવેલ ફોર્મમાં	ગૌરાંગ દરજી	₹ ૨૫૦.૦૦
જીવનનો ભાગવત પથ	: પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા	યોગેશ ચોલેરા	₹ ૨૦૦.૦૦
ઈન્દ્રધનુનો આઠમો રંગ	: માસ્ટર પીસ નવલકથા (ન્યૂ એડીશન ૨૦૨૧)	ચુનીલાલ મડિયા	₹ ૪૨૫.૦૦
ધ આર્ટ ઓફ વોર	: જીવનને શાંતિથી જીતવાનો સ્માર્ટ અભિગમ	સુન ત્ઝુ	₹ ૧૯૯.૦૦
સત્યમ્ શિવમ્ સુન્દરમ્	: ઈચિગો ઈચી કાઇઝન વાબી-સાબી	રાજ ગોસ્વામી	₹ ૨૫૦.૦૦
દ્રોપદી	: પદ્મશ્રી એવોર્ડ વિજેતા નવલકથાકારની એક ઉત્તમ રચના	પ્રતિભા રાય	₹ ૩૩૫.૦૦
કુદરતી આહાર દ્વારા સ્વાસ્થય પ્રાપ્તિ	: તેની વિસ્તૃત સમજણ	ડૉ. બ્રિજ ભૂષણ ગોયેલ	₹ ૧૯૯.૦૦
મિલે સૂર	: ઉપશાસ્ત્રીય ફિલ્મી ગીતોનો અનોખો સંગ્રહ (૪થી એડીશન)	નંદિની ત્રિવેદી	₹ ૪૦૦.૦૦

નટરાજ બુક સેન્ટર : ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ ફોન નં. ૦૭૯-૨૬૫૮૭૯૩૦

પોકેટ બુક સેન્ટર : અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૭૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

લગ્ન, વિઝા અને પુરાવાઓ

મધુ મનમાં ને મનમાં હરખાતો હતો. એણે અમેરિકન સિટીઝન મયૂરી જોડે લગ્ન કર્યાં હતાં. મયૂરીએ એના લાભ માટે 'ઇમિજિયેટ રિલેટિવ કેટેગરી' હેઠળ ગ્રીનકાર્ડની પિટિશન દાખલ કરી હતી. આવી પિટિશનોને પ્રોસેસ થઈને એપ્રૂવ્ડ થતાં દસ-બાર મહિના જ લાગે છે. પછી ઇમિગ્રન્ટ વિઝા માટેનો ઇન્ટરવ્યૂ આપીને, વિઝા મેળવીને એ લોકો અમેરિકા જઈ શકે છે. ત્યાં એમને ગ્રીનકાર્ડ આપવામાં આવે છે.

મધુની પિટિશન એપ્રૂવ્ડ થઈ ગઈ હતી. હવે એ મુંબઈના બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સમાં આવેલ અમેરિકન કૉન્સ્યુલેટની કચેરીમાં ઇમિગ્રન્ટ વિઝાનો ઇન્ટરવ્યૂ આપવા જવાનો હતો.

'આ તમારાં પ્રથમ લગ્ન છે?' કૉન્સ્યુલર ઑફિસરે સૌપ્રથમ સવાલ પૂછ્યો.

'હા... ના... હા...' આવા પ્રશ્નની અપેક્ષા ન ધરાવતા મધુ જવાબ આપવામાં ગેંગેંફેંફેં થઈ ગયો.

હકીકતમાં આ મધુનાં બીજાં લગ્ન હતાં. બે વર્ષ પહેલાં મધુએ એની પડોશમાં રહેતી મમતા જોડે ભાગી જઈને, ચોરીછૂપીથી મંદિરમાં જઈને પ્રેમલગ્ન કર્યાં હતાં. આ વાત એમણે બંનેએ છાની રાખી હતી. લગ્ન રજિસ્ટર્ડ કર્યાં નહોતાં. થોડા દિવસો બાદ એ બંને વચ્ચે અણબનાવ થયો. બંને ખૂબ ઝઘડ્યા. ડિવોર્સ લીધા સિવાય મમતા ગુપચુપ મનોજને પરણી ગઈ. જ્યારે એને ખબર પડી કે મધુએ એક અમેરિકન સિટીઝન જોડે લગ્ન કર્યાં છે અને હવે એ ઇમિગ્રન્ટ વિઝા મેળવી અમેરિકા જવાનો છે ત્યારે એણે કોન્સ્યુલેટને એક નનામો કાગળ લખીને જણાવ્યું કે, 'મધુએ મયૂરી જોડે લગ્ન કર્યાં એ પહેલાં એણે મમતા નામની એની બાજુમાં રહેતી યુવતી જોડે લગ્ન કર્યાં હતાં. એમણે છૂટાછેડા નથી લીધા.' પત્રની સાથે મમતાએ મંદિરમાં મધુ જોડે જે ફેરા ફર્યા હતા અને ત્યાંના પૂજારીએ એમનાં જે લગ્ન કરાવી આપ્યાં હતાં એના ફોટાઓ પણ કોન્સ્યુલેટને મોકલી આપ્યા હતા. આથી કોન્સ્યુલર ઓફિસરે સવાલ કર્યો હતો કે,

'આ તમારાં પ્રથમ લગ્ન છે?'

જવાબ આપવામાં મધુ થોથવાયો એટલે કોન્સ્યુલર ઓફિસરને જે પત્ર અને ફોટા મળ્યા હતા એ સાચા જણાયા. એમણે કડક અવાજમાં મધુને પાછું પૂછ્યું, 'મિસ્ટર મધુ, આ તમારાં પહેલાં લગ્ન છે?'

'નો... નો, સર. આ મારા ફર્સ્ટ મેરેજ છે.'

'તમે જુઠ્ઠું બોલો છો. આ પહેલાં તમે મમતા નામની યુવતી જોડે લગ્ન કર્યાં છે.'

'નો... નો. સર, તમને આવું જુઠ્ઠાણું કોણે કહ્યું?'

'જુઠ્ઠું તો તમે બોલો છો.'

'બાય ગૉડ. ભગવાનના સમ ખાઈને કહું છું કે મયૂરી જોડેનાં લગ્ન એ જ મારા પહેલાં લગ્ન છે.' મધુ હડહડતું તો જુઠ્ઠું બોલ્યો. એના અવાજમાં ગભરાટ પણ હતો.

'મિસ્ટર મધુ, તમે સોગંદ ઉપર જુઠ્ઠું બોલો છો. અમારી આગળ પુરાવાઓ છે કે તમે આ પિટિશનર જોડે લગ્ન કર્યાં એની પહેલાં મમતા નામની યુવતી જોડે લગ્ન કર્યાં હતાં. લાવો, એ લગ્નના ડિવોર્સના પેપર આપો.'

મધુ અવાક્ બની ગયો. ઑફિસરને તાકતો રહ્યો.

'આમ મારી સામે શું જુઓ છો? તમે ડિવોર્સ લીધા નથી અને બીજાં લગ્ન કર્યાં છે. એટલે તમારા આ પિટિશનર જોડેનાં લગ્ન ગેરકાયદેસર છે. તમારી પિટિશન ભલે એપ્રૂવ્ડ થઈ હોય પણ હું તમને વિઝા આપી નહીં શકું. તમે મારી આગળ સોગંદ ખાઈને જુઠ્ઠું બોલ્યા છો એટલે પણ હું તમારા વિઝાની અરજી ફોડ, મિસરિપ્રેઝન્ટેશન અને સોગંદ ઉપર જુઠ્ઠું બોલવાના કારણસર નકારું છું. તમારી પિટિશન આ બધાં જ કારણો દર્શાવીને કેન્સલ કરવા માટે અમેરિકા મોકલી આપું છું.'

'મેં લગ્ન રજિસ્ટર્ડ નથી કર્યાં એટલે કોન્સ્યુલેટને શું ખબર પડવાની છે?' આવું ઘણા વિચારતા હોય છે.

અમેરિકાનું ગ્રીનકાર્ડ મેળવવા માટે અનેકો લગ્નગ્રંથિથી જોડાતા હોય છે, ખરું-ખોટું કરતા હોય છે, જુઠ્ઠું બોલતા હોય છે, સાચી બાતમી છુપાવતા હોય છે. જો તમે લગ્નસંબંધના આધારે અમેરિકાના ઇમિગ્રન્ટ વિઝા મેળવવા માટે અરજી કરતા હોવ તો તમારે કોઈ પણ બાબત છુપાવવી ન જોઈએ. જે અમેરિકન વ્યક્તિ તમારા લાભ માટે ગ્રીનકાર્ડની પિટિશન દાખલ કરતી હોય એની જોડે પરણતા પહેલાં તમે કોઈ બીજી વ્યક્તિ જોડે લગ્ન કર્યાં હોય તો એ લગ્નનો કાયદેસરનો છૂટાછેડા દ્વારા યા એ વ્યક્તિના મૃત્યુને કારણે અંત આવ્યો હોવો જોઈએ.

બેઉ વ્યક્તિ લગ્ન કરવાને લાયક છે એટલે કે તેઓ વયસ્ક છે, એ ઉપરાંત એમના જો પહેલાં લગ્ન થયાં હોય તો એનો કાયદેસર અંત આવ્યો છે એવું દેખાડવું જરૂરી છે. ભારતના મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ દરેકેદરેક લગ્ન રજિસ્ટર્ડ કરાવવા જરૂરી છે, પણ જો લગ્ન રજિસ્ટર્ડ કરાવ્યા ન હોય તો પણ કાયદો એ બે વ્યક્તિઓને પરણેલા, એકબીજાનાં પતિ-પત્ની ગણે છે. આથી લગ્ન રજિસ્ટર્ડ કરો કે ન કરો, એ લગ્ન તો છે જ. આ ઉપરાંત, અમેરિકન સિટીઝન જોડે યા ગ્રીનકાર્ડધારક જોડે લગ્ન કરતાં તમારે એ લગ્નના, તમારા બંનેની લગ્ન કરવાની લાયકાતના અને લગ્ન બાદ તમે વિઝા લેવા જાવ ત્યાં સુધીના તમારા પતિ-પત્ની તરીકેના સંબંધોના પુરાવાઓ દેખાડવા પડશે.

જો તમે કોઈ અમેરિકન સિટીઝન યા ગ્રીનકાર્ડધારક જોડે લગ્ન કરવાનો ઇરાદો ધરાવતા હોવ તો લગ્ન કરતાં પહેલાં વિઝા મેળવવા માટે શેની શેની જરૂર પડશે એ તમારે જાણી લેવું જોઈએ. લગ્ન કેવી રીતે કરવા જોઈએ? લગ્ન કરતી વખતે શું શું સાવધાની વર્તવી જોઈએ? લગ્ન બાદના તમારા લગ્નજીવનના શું શું પુરાવાઓ આપવાની જરૂરિયાત પડશે? આ સર્વે અમેરિકાના ઇમિગ્રેશનના કાયદાના જાણકાર ઍડ્વોકેટ પાસેથી જાણી લેવું જોઈએ. નહીં તો લગ્ન જો સાચા હશે, લગ્નજીવન સાથે ગાળવા માટે જ કરવામાં આવ્યા હશે તો પણ કદાચ તમને અમેરિકાના ઇમિગ્રન્ટ વિઝા મેળવવામાં મુશ્કેલી નડી શકે છે. ■

તમારું વીક કેવું જશે?

૨૦ નવેમ્બરથી ૨૬ નવેમ્બર ૨૦૨૧

મેષ (અ,લ,ઈ): આ સપ્તાહ તમારા જીવનમાં એક નવી આશાનું કિરણ લઈને આવશે. તમારા ફસાયેલા નાણા તમને પરત મળી જશે. તમારો વેપાર મજબૂત થશે. બિઝનેસની નવી ઓફર પ્રાપ્ત થઈ શકે છે.

વૃષભ (બ,વ,ઉ): આ સપ્તાહે તમારા મનમાં કેટલીક ચિંતાઓ રહેશે. જીવનસાથીના આરોગ્યને કારણે થોડાક પરેશાન રહેશો. કામમાં સાતત્યતા જાળવી રાખજો. આરોગ્ય પર ધ્યાન આપવું જરૂરી બનશે.

મિથુન (ક,છ,ઘ): આ સપ્તાહે કોઈ પ્રવાસ પર જવાથી તમને સારા લાભની પ્રાપ્તિ થશે. કેટલાક સારા લોકોની સાથે મુલાકાત થઈ શકે છે. આ સપ્તાહે તમે ધાર્મિક રૂપે ખૂબ જ વ્યસ્ત રહેવાના છો.

કર્ક (ડ,હ): આ સપ્તાહે નોકરિયાત વર્ગના લોકો પોતાના હરીફોને હરાવીને આગળ વધવામાં સક્ષમ રહેશે. સકારાત્મક માનસિકતાની સાથે આગળ વધશો અને પોતાના માટે નવા લક્ષ્ય નક્કી કરી શકશો.

સિંહ (મ,ટ): સપ્તાહની શરૂઆતના સમયમાં તમારું સઘળું ધ્યાન પોતાના કામ પર રહેશે. દામ્પત્યજીવનમાં આ અઠવાડિયું તમને કેટલીક નવી વાતો શિખવીને જશે. પ્રિય પાત્રને હૃદયની વાત કરવાનો મોકો મળશે.



કન્યા (પ,ઠ,ણ): આ સપ્તાહ તમારી અંદર એક ગજબની ઊર્જા અને આત્મવિશ્વાસનો સંચાર કરશે. તમને તમારી પહોંચ અનુસાર કેટલાક નવા સંપર્કોનો લાભ થશે. પારિવારિક જીવનમાં પ્રેમ ભરપૂર રહેશે.

તુલા (ર,ત): આ સપ્તાહે તમને ધન લાભ થશે. તમારી આર્થિક સ્થિતિ મજબૂત બનશે. તમારી સાથે કામ કરી રહેલા લોકોની સાથે તમારા સ્નેહમાં વધારો જોવા મળશે. તમે સાથે મળીને પાર્ટી પણ કરી શકો છો.

વૃશ્ચિક (ન,ય): સપ્તાહની શરૂઆતમાં તમે પોતાના વેપાર મુદ્દે ખૂબ મથામણ કરશો અને કોઈ મોટા નિર્ણય લેવા સુધી પહોંચશો. તમે પોતાના કામનું મૂલ્યાંકન કરશો. જેનાથી તમને ખૂબ ખુશી મળશે.

ધન (ભ,ફ,ધ,ઢ): આ સપ્તાહે તમારે પોતાના અમર્યાદિત ખર્ચાઓ પર નિયંત્રણ રાખવાનો પ્રયાસ કરવાનો રહેશે. અન્ય કોઈ પ્રવાસથી તમારા ખર્ચમાં વધારો થશે. આરોગ્યમાં સુધારો જોવા મળશે.

મકર (ખ,જ): આ સપ્તાહે તમારા મનમાં એક પ્રકારનો સંતોષનો ભાવ રહેશે. તમને તમારા કામમાં સફળતા પ્રાપ્ત થશે. વેપારમાં તમારા માટે શાનદાર પ્રગતિના યોગ બનશે. દામ્પત્યજીવન ખુશનુમા રહેશે.

કુંભ (ગ,શ,સ,ષ): આ સપ્તાહે તમારે તમારા પરિવાર સાથે સમય વિતાવવો જરૂરી રહેશે. આ સમય તમને પોતાની જવાબદારીઓને પૂર્ણ કરવા માટેની તક પ્રદાન કરશે. લોકો તમારી પ્રશંસા પણ કરશે.

મીન (દ,ચ,ઝ,થ): આ સપ્તાહે તમે ગજબનો આત્મવિશ્વાસ અનુભવશો. તેનાથી તમારા બિઝનેસમાં કંઈ નવું કરવાની મજા આવશે. તમારો વેપાર ગતિ પકડશે. કેટલાક નવા લોકો તમારી સાથે જોડાશે.

સમસ્યા અને નિરાકરણ

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide
FOR ASTROLOGY DIAL 55181*

પ્રશ્ન : જ્યોતિષાચાર્યજી, મેં નોકરી કરીને સારીએવી બચત કરી છે. મારે નાના-મોટા ધંધામાં ઝંપલાવવું છે. મારી ઇચ્છા છે કે હું વધુ સક્ષમ બનીને મારા ફેમિલીને વધુમાં વધુ સુખ આપી શકું. મારે ફેમિલી માટે ફોરવ્હીલર વસાવવાનું પણ સપનું છે. તો શું મારે નાના-મોટા ધંધામાં સારું રહેશે, હું તેમાં આગળ વધી શકીશ?

- વસંત રાજપૂત, સુરત

જવાબ : વસંતભાઈ, આપની જન્મકુંડળીના અભ્યાસ પરથી માલૂમ પડે છે કે આપની કુંડળીમાં સૂર્ય, ગુરુ અને બુધનું સ્થાન ઉચ્ચ સ્થાન પર છે. સાથે આપની કુંડળીમાં ગજકેસરી યોગ છે જે આપને સર્વ રીતે સુખ પ્રદાન કરે એવા યોગ સર્જાય છે. આપ કોઈ પણ નાનો-મોટો ધંધો કરો તો તેમાં અવશ્ય સફળ થશો. આપ કુળદેવતાની પૂજા કરો અને સૂર્યદેવને નિત્ય જળ અર્પણ કરો.

તમે પણ તમારી મૂંઝવતી સમસ્યાનું નિરાકરણ મેળવી શકો છો. પ્રશ્ન મોકલવાનું સરનામું : 'સમસ્યા અને નિરાકરણ', ' અભિયાન', સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. પ્રશ્ન મોકલતી વખતે જન્મનો સમય, સ્થળ, જન્મ તારીખ અને કુંડળી સાથે ત્રુટક લાઇનવાળી આ કૂપન અવશ્ય બીડવી.

'શું કહ્યું તેં?' ક્રિયાની ઊંઘ ઊડી ગઈ, એ હીંચકા પરથી ઊભી થઈ ગઈ.

'જે તું સાંભળતી છે.'

આ સમાચારની કળ વળતાં ક્રિયાને વાર લાગી. એને શંકા થઈ, કદાચ ગણેશે બરાબર તપાસ ન કરી હોય!

'તે કેમ્પ સાઈટ પર શું પૂછ્યું?' આ પડપૂછથી ગણેશને હવે કંટાળો આવ્યો,

'સવારથી રખડતો છું, પણ ખાવા ય કે'તી નથી અને ઉપરથી પૂછપૂછ...' ગણેશ ખિજાઈ ગયો.

'કેમ્પ સાઈટ વારો મારો દોસ્તાર છે તો પૂછીને જાણી લાઈવો...તો પણ તને પેટમાં દુઃખતું છે.' ગણેશ પોતાની બાઈક તરફ જવા લાગ્યો એટલે ક્રિયા ઊભી થઈને અંદરથી થાળી લઈ આવી. નાગલીના રોટલા, અડદની દાળ અને મરચાંની ચટણી જોઈને ગણેશ થંભી ગયો.

'લે ખાઈ લે.' ક્રિયા જમવાનું લાવી એટલે પછી ગણેશ રીસ છોડીને જમવા બેસી ગયો. એ જમ્યો ત્યાં સુધી ક્રિયાએ વિચાર્યા કર્યું.

'પેલો મહેલ કેમ્પ સાઈટ પર ન હોય તો ક્યાં પહોંચ્યો હશે?' આ વાત પર કોઈ કાળે કશું અનુમાન ન થાય, કારણ કે બરડીપાડા બહુ બધાં નાનાં-નાનાં ગામ સાથે જોડાયેલું છે. કાલીબેલથી લઈને જામલાપાડા અને પિંપરીથી થઈને સોનગઢ સુધી કોઈ પણ વ્યક્તિ આરામથી બે-ચાર કલાકમાં જ આવી અને પાછા જઈ શકે. એ કશે પણ રહેતો હોય તો પકડવો કંઈ રીતે? ક્રિયા બરાબર ગૂંચવાઈ.

'તું ખાવાનું સરસ બનાવતી છે.' ગણેશ થાળી ઘરમાં મૂકીને આવ્યો તો ય ક્રિયા વિચારમાં હતી એટલે ગણેશે એના કાન પાસે જોરથી બૂમ પાડી,

'કીલુડી..' અને પોતાની બાઈક તરફ દોડ્યો. ક્રિયાના કાનમાં ધાક પડી ગઈ. એ હીંચકા પરથી ઊભી થઈ અને દોડીને ગણેશને પકડે તે પહેલાં તો ગણેશે બાઈક મારી મૂકી. ગણેશે બાઈક ચલાવતાં ચલાવતાં એને અંગૂઠો દેખાડ્યો અને આટલા ટેન્શન વચ્ચે પણ ક્રિયા હસી પડી. એને હસતી જોઈને ગણેશે બાઈક એના તરફ પાછી લીધી.

'ઊભો રહે...' એ બોલી એ સાથે જ ગણેશે બાઈક સ્ટેન્ડ પર ચડાવી,

'બોલ શું કે'તી છે!' ગણેશ એને આશાભરી આંખે તાકી રહ્યો. ક્રિયા શું કહેશે તે સાંભળવા એકકાન થઈ ગયો.

'ઘરની સેફટી માટે થોડી જોગવાઈ કરવી પડશે. એટલે તું ફેરા મારવા આહવા સુધી જાય તો બે-ચાર તાળાં લેતો આવજે.' ડાંગમાં કદી કોઈ ઘરને તાળું વાસતું નથી. વાંસના ખપટિયાને આગળિયામાં ભરાવ્યા કે ચાલતા થાય. ભાગ્યે જ કોઈના ઘરમાં તાળું હશે. ચોરી તો નામની ય થતી નથી.

'અલ્યા ભાઈ મારે કામ ધંધો કરવાનો છે કે મફતમાં તારી મજૂરી કરવાની છ!' ગણેશે બાઈક પાછી વાળી, તેવી જ ક્રિયા મોટેથી બોલી,

'થેન્ક્યુ!'

આ શબ્દ પછી ગણેશે એક નિઃસાસો નાંખ્યો. 'કાશ, મેં સમય જેવો હોત!' આ વખતે ગણેશ પાછો ન આવ્યો.

ક્રિયાએ ઘરની ચારે તરફ લટાર મારી. ગોઠાણમાં પશુઓને જોઈ લીધા. બે દિવસના અનુભવથી ક્રિયા એટલું શીખી હતી કે હમણા

ક્રિયા આ વિચાર સાથે જ સચેત થઈ ગઈ. પટેલ માટે હુમલો કરવા માટે આ બહેતરીન મોકો છે. આ વિચારથી જ એને સોનુબહેન માટે જોખમ છે એનો અહેસાસ થયો. એ દોડીને ઘરમાં ગઈ

ઘર બહાર નીકળવામાં જોખમ છે. એટલે ગાયો આજે ગોઠાણમાં જ હતી. જંગલ તરફના ખેતરમાં મજૂરોનું કામ ચાલુ હતું. ગોબર ગેસનો કૂવો બરાબર કામ કરતો હતો. ગરાજમાં ગાડી ચેક કરી. પૈડાંમાં હવા બરાબર હતી. એક વાત નક્કી હતી કે પટેલ આવે તો પાછળના ભાગથી જ આવે. એ તરફ ખેતર અને જંગલ છે, એટલે એને કોઈ આવતાં જતાં જોઈ ન શકે. એટલે સૌથી પહેલાં પાછળનો ખપાટિયા જેવો દરવાજો છે તે જ બદલવો પડે, પણ એ રાતોરાત શક્ય નથી. એ માટે આહવા જવું પડે. તો શું કરવું જેથી ઘરની પાછળની બાજુ સુરક્ષિત રહે? દિવસે ખુલ્લો રહેતો ગોઠાણનો ઝાંપો એણે બંધ કરી દીધો હતો જેથી ઢોર સલામત રહે.

કંઈક વિચારીને એ મજૂરો પાસે ગઈ. ‘તમે સાંજે ઘરે જાવને ત્યારે જંગલમાંથી દેશી બાવળની ડાળીઓ લાવીને ગેટની આજુબાજુ પર નાંખી દેજો. હમણા ઘરમાં બધાં બીમાર છે, તે કોઈ ઢોરને જોવા નવરું નથી.’ ક્રિયાએ બાવળની કાંટ લગાવાનું કારણ પણ રજૂ કરી દીધું, જેથી કરીને આ અભણ આદિવાસીઓમાં કોઈ ભય ન પેસે. અંધશ્રદ્ધા અને અફવા ફેલાતાં વાર નથી લાગતી.

‘બાવળના કાંટાના કારણે ઘર કેટલું સુરક્ષિત થશે શી ખબર... પણ કમ સે કમ કોઈ પાછળથી આવે જાય એ સહેલાઈથી ફળિયામાં આવી ન શકે. બસ, આટલું પૂરતું છે.’ ક્રિયા આમ વિચારતી હતી. ક્રિયાએ ઘરમાં આવીને જોયું તો હજુ બધાં આરામ કરતાં હતાં. બપોરના ત્રણ વાગ્યા હતા. એણે પણ થોડો આરામ કરવાનું વિચાર્યું. ઘરનો દરવાજો આખો દિવસ ખુલ્લો જ રહેતો, પણ આજે ક્રિયાએ અંદરથી બંધ કરી દીધો. એણે પણ બેડ પર લંબાવ્યું. બે દિવસથી દોડધામ અને ઉપરથી રાતની ઊંઘ પણ થઈ ન હતી. એને ક્યારે ઊંઘ આવી ગઈ એ ખબર ન પડી.

‘બુયુ...ઊઠ...’ સોનુબહેને એને જગાડી ત્યારે પાંચ વાગી ગયા હતા. કાળી ચા લઈને ક્રિયા રવિભાઈના રૂમમાં ગઈ તો ત્યાં કોઈ ન હતું. એટલે એ બહાર વરંડામાં આવી તો ત્યાં પણ એ ન હતા. સોનુબહેન રસોડામાં સાંજની રસોઈની તૈયારી કરતાં હતાં, ત્યાં ભલી આવી,

‘બાઈ મારા ગામથી મે’માન આવ્યા છે, મારા ભાવડને ત્યાં એમને મળવા જતી છું. કલાકમાં આવી જવા!’ ભલી સામે ક્રિયાએ સંમતિસૂચક માથું હલાવ્યું. ભલી ગઈ.

‘બાહાસ અને કાકાસ ક્યાં ગયા?’ ક્રિયા ચા પીતા પીતા બારી બહાર જોઈ રહી હતી.

‘“મને ખબર જ નથી... બેઉ આખી બપોર મેથી મારતા ’હઅ’તા.” સોનુબહેનના જવાબથી ક્રિયાને ચિંતા થઈ આવી,

‘આયા...તું આરામ કર.. રસોઈ હું બનાવી દઈશ.’ ક્રિયાએ એમને બેડરૂમમાં સૂવડાવી દીધા. ‘આમ તો બંને સાથે છે એટલે વાંધો નહીં, પણ પેલાનો ભરોસો નથી. ગમે ત્યારે એટેક કરી દે. વળી, બાહાસને તો નબળાઈ પણ ખૂબ છે.’ ક્રિયા ઘરની અંદર-બહાર થતી રહી. કેટલીવાર બાહાસ અને કાકાસનો ફોન ટ્રાય કર્યો, પણ સિગ્નલ જ ન હતાં. એણે પાણીની ટાંકીએ ચડીને રિંગ કરી, પણ સિગ્નલ ન મળ્યાં. ડૉક્ટરની ગાડી કમ્પાઉન્ડમાં ન હતી એટલે એ જ લઈને ગયા હશે, પણ ક્યાં ગયા?

સાંજ પડવા આવી. ક્રિયા કાગડોળે વાટ જોતી ઘર અને ફળિયા વચ્ચે આંટા માર્યા કરતી હતી. ત્યાં એને યાદ આવ્યું કે ગણેશ પણ દેખાતો નથી. એને પણ સાંજે ઘરે આવવાનું કહ્યું હતું. એટલે ઘરમાં હવે એ, આયા અને બીમાર ગોબર સિવાય કોઈ મરદ નથી. ક્રિયા આ વિચાર સાથે જ સચેત થઈ ગઈ. પટેલ માટે હુમલો કરવા માટે આ બહેતરીન મોકો છે. આ વિચારથી જ એને સોનુબહેન માથે જોખમ છે એનો અહેસાસ થયો. એ દોડીને ઘરમાં ગઈ.

ઘરનો મુખ્ય દરવાજો બંધ કરીને રસોડા તરફ દોડી, ત્યાંથી ફળિયામાં પડતો દરવાજો એણે બંધ કર્યો. ઘરમાં અંધારું થઈ ગયું. એણે લાઈટ ચાલુ કરી અને ઘરમાં પ્રકાશ ફેલાયો તેથી એને થોડી હિંમત આવી. ક્રિયાએ પોતાની જાતને સમજાવી કે ડરવા કરતાં તાર્કિક રીતે વિચારવું જોઈએ. આયા બેડરૂમમાં છે એટલે નક્કી પટેલ આવે તો પાછળના દરવાજાથી જ આવે. એટલે અત્યારે આયાને છોડીને કશે જવું નહીં. પટેલ એને હર્ટ કરવા ઇચ્છે છે એટલે એ નક્કી આયા પર જ હુમલો કરશે. એણે સોનુબહેનના રૂમમાં જતાં પહેલાં ઘરની બધી બારી ચેક કરી લીધી. બારીમાં સળિયા નાંખેલા હતા એટલે કોઈ સીધું અંદર ન આવી શકે. હા, કોઈનો પણ હાથ અંદર આરામથી આવી જાય. ‘બુયુ, ક્યારની દોડાદોડી કેમની કરતી છે?’ સોનુબહેન સૂતાં સૂતાં જોઈ રહ્યાં હતાં કે ક્રિયા આખા ઘરમાં આમથી તેમ હડિયાપટ્ટી કરે છે. ‘કશું નહીં આયા... બાહાસ કશું કહેતા હતા કે એ ક્યાં જાય છે?’ ક્રિયાએ વાત ફેરવી નાંખી.

‘તારો બાહાસ કદી મને કશું જણાવતો છે?’ સોનુબહેને પોતાની નારાજગી વ્યક્ત કરી. ‘તું સૂઈ જા..’ ક્રિયાનું બધું ધ્યાન બહારથી આવતાં અવાજો પર હતું. સૂરજ ઢળી ગયો હતો. બહાર હવે અંધારું થઈ ચૂક્યું હતું. કશે કોઈ હિલચાલ દેખાતી નહોતી. તમરાં-ઘુવડનો અવાજ વચ્ચે વચ્ચે સંભળાતો હતો. બાકી દૂર રસ્તા પર પસાર થતાં વાહનનો ક્યારેક અવાજ આવતો હતો. સૌથી મોટો અવાજ અત્યારે ડ્રોઈંગરૂમની ઘડિયાળનો સંભળાતો હતો, ટક ટક ટક. ક્રિયાને જંગલમાં સાંજે છવાતા આ સન્નાટાની નવાઈ ન હતી, પણ આજે

એને આ સન્નાટો જરા પણ ગમ્યો નહીં. ફરી એકવાર ગામ છોડી દેવાનો વિચાર આવી ગયો. ગોબરનો ખાંસવાનો અવાજ આવ્યો. ક્રિયાએ અનુમાન કર્યું, 'હજુ તો તબિયત સારી નથી થઈ ત્યાં ગોબર બીડી પીવા લાગ્યો...'

ત્યાં ગાયનો સહેજ હળવો ભાંભરવાનો અવાજ આવ્યો અને ક્રિયા પોતાની જગ્યા પરથી ઊભી થઈ ગઈ. એક ક્ષણ એની નજર સોનુબહેન પર પડી. એમની આંખો બંધ હતી. કદાચ એ સૂઈ ગયા હતાં. ક્રિયાને અચાનક યાદ આવ્યું કે એની પાસે કોઈ હથિયાર નથી. લાકડી રાખવી જોઈએ. બે ચાર મિનિટ ક્રિયાએ રાહ જોઈ કે બહારથી કોઈ હિલચાલ જણાય છે, પણ પાંચેક મિનિટ રાહ જોયા પછી ગાયનો ભાંભરવાનો અવાજ ન આવ્યો એટલે ક્રિયા રૂમની બહાર લાકડી લેવા નીકળી ત્યાં ઘરમાં અંધારું થઈ ગયું. લાઈટ ગઈ, આટલી જલદી સોલર પાવર પૂરો ન થાય. એનો મતલબ કોઈએ જાણી જોઈને મેઈન સ્વિચ બંધ કરી. મતલબ પટેલ આવ્યો છે. એ હેબત ખાઈ ગઈ.

'આયા પાસે બેસતાં પહેલાં વિચાર કેમ ન આવ્યો કે મારે કોઈ હથિયાર રાખવું જોઈએ. ટોર્ચ પણ રાખવી જોઈએ.' પોતે આટલું પણ વિચાર્યું નહીં, તેનો ક્રિયાને અફસોસ થયો.

'જે હોય તે, પણ અત્યારે આયાને એકલી છોડવી નથી.' એ સોનુબહેનના રૂમમાં પાછી ફરી, સોનુબહેન હજુ સૂતાં હતાં. ક્રિયાએ બારણાનો અવાજ ન થાય તે રીતે બંધ કરવા એની ઠેસી ખસેડી, એ સાથે જ એકસાથે ત્રણ ઘટના બની. બારણા પાછળ રહેલી લાકડી ક્રિયાના પગ પર પડી અને એના મોંમાંથી સિસકારો નીકળી ગયો. એ અવાજથી સોનુબહેન ઊઠી ગયાં અને એ સાથે જ બહારથી ગોબરની લવારીનો અવાજ આવ્યો.

'કોન..હું મૈં....મૈં હું...ડોન...' પછી ગાળો અને અસંબદ્ધ બડબડાટ. 'બુયુ, અંધારું કેમનું છે, લાઈટ કરની..' સોનુબહેન બોલ્યાં. ક્રિયાનો શ્વાસ જોરથી ચાલતો હતો.

'શશશશ...' ક્રિયાએ એમને બોલતાં અટકાવી દીધાં. ફરી બહારથી ગોબરનો અવાજ આવ્યો,

'એ..કોઈ સે..કો...ન..' પછી ગોબરનો ખડખડાટ હસવાનો અવાજ

ક્રિયાને અચાનક યાદ આવ્યું કે એની પાસે કોઈ હથિયાર નથી. બે ચાર મિનિટ ક્રિયાએ રાહ જોઈ કે બહારથી કોઈ હિલચાલ જણાય છે, પણ પાંચેક મિનિટ રાહ જોયા પછી ગાયનો ભાંભરવાનો અવાજ ન આવ્યો એટલે..

આવ્યો. ફરી એ બે ચાર ગાળ બોલ્યો. ક્રિયાને ખ્યાલ આવ્યો કે કોઈએ બહારથી પાવરની મેઈન સ્વિચ બંધ કરી દીધી છે, પણ આ ગોબર કેમ લવારી કરે છે? એણે દારૂ પીધો હશે? સોનુબહેન પોતાની જગ્યા પરથી ઊભાં થયાં, એવા જ ક્રિયાએ એમને બેસાડી દીધા.

'બુયુ શું કરતી છે? પેશાબ કરવા જતી છું..!' 'આયા...પ્લીઝ, તને ખ્યાલ નથી આવતો. બહાર કંઈ ગરબડ છે. તું થોડીવાર રાહ જો... હમણા બાહાસ અને કાકાસ આવતાં જ હશે. હમણા રૂમ બહાર નથી નીકળવાનું.' સોનુબહેન એ સાથે જ બારી બહાર જોવા માટે ગયાં એવા જ ક્રિયાએ એમને પાછા ખેંચી લીધાં. એને ડર હતો, કોઈ બારીમાંથી સોનુબહેન પર હુમલો કરે તો..? 'પ્લીઝ આયા, થોડીવાર શાંતિથી પલંગ પર બેસી રહે....પ્લીઝ!' સોનુબહેન બહુ ભણેલાં ન હતાં, તેમ જ એમનો ઉછેર ટિપિકલ ડાંગી રીતે થયો હતો. એટલે એમને ભય ન હતો. તેમ જ આ પરિસ્થિતિમાં શું પગલાં લેવા જોઈએ તેવી ગતાગમ ન હતી, પણ ક્રિયાને સાવધ જોઈને એમને સમજ પડતી હતી કે કશું બની રહ્યું છે. 'અરે પણ આપણે બે તો છે, ડરતી કેમની છે, ચાલની બા'ર જોઈ લઈએ... આ ગોબર શું કરતો છે અને ભલી કેમની એને રોકતી નથી...'

'આયા...હું ડરતી ન હતી એટલે જ સમયને બચાવી ન શકી...' ક્રિયા આવું બોલી એટલે પછી સોનુબહેન ચૂપચાપ બેસી ગયાં.

ત્યાં તો કશુંક પડવાનો અવાજ આવવા લાગ્યો. ગાયો ભાંભરવા લાગી. ગોબર જોર જોરથી હસતો અને અષ્ટમપષ્ટમ બોલતો હતો. ક્રિયાને હવે ખરેખર ડર લાગતો હતો. બીજી બાજુ બાહાસ અને કાકાસ પર ગુસ્સો પણ આવતો હતો, આ લોકો કેમ આવતાં નથી. થોડો સમય ઊંચકજીવે સોનુબહેન સાથે ક્રિયા બેઠી રહી. બહાર તોડફોડના અવાજ આવતા હતા. દસેક મિનિટમાં બધું શાંત થઈ ગયું. ક્રિયાને હાશકારો થયો ત્યાં મેઈન ડોર ઠોકાવવાનો અવાજ આવ્યો. ક્રિયાએ જોરથી આયાનો હાથ પકડી લીધો. બે-ચાર વાર બારણું ઠોકાયું પછી અવાજ આવ્યો,

'ક્રિયા...બારણુ કેમની ખોલતી નથી!' એ ગણેશનો અવાજ હતો. એ સાથે જ ક્રિયામાં હામ આવી. એ સોનુબહેનનો હાથ પકડીને દોડી. 'અરે...અરે...શું કરતી છે.' સોનુબહેન એમ બોલતાં એની પાછળ ઘસડાયા. ક્રિયાએ દરવાજો ખોલી નાંખ્યો. સામે ગણેશને જોઈને એ વળગી પડી. ક્રિયાને આમ વળગેલી જોઈને એ બે મિનિટ ચૂપ થઈ ગયો. આ પળ માટે એણે કેટલી રાહ જોઈ હતી અને આ પળ મેળવવા શું શું નથી કર્યું?

ત્યાં ગણેશની નજર સોનુબહેન પર પડી, એટલે એણે સહેજ સંકોચથી ક્રિયાને અળગી કરી, 'અરે કેમનું થયું? લાઈટ કેમ કરેલી જ નથી?' ગણેશના સવાલથી ક્રિયાએ પહેલાં ચારેબાજુ જોયું. હવે સોનુબહેન સલામત છે તે જોઈને એણે રાહતનો શ્વાસ લીધો. 'લાઈટ જતી રહી છે, તું જરા જો ને, કશો પ્રોબ્લેમ નથી ને!' ગણેશ વરંડાની ઉપરની ઓસરીમાં લગાવવામાં આવેલા પ ાવર મીટર જોવા દાદર ચડીને ઉપર ગયો.

ક્રિયાએ દરવાજો ખોલી નાંખ્યો. સામે ગણેશને જોઈને એ વળગી પડી. ક્રિયાને આમ વળગેલી જોઈને એ બે મિનિટ ચૂપ થઈ ગયો. આ પળ માટે એણે કેટલી રાહ જોઈ હતી

'ધત..તેરેકી...અરે મેઈન સ્વિચ ઓફ થયેલી છે!' ગણેશે સ્વિચ પાડી એ સાથે જ ઘર પ્રકાશના ધોધથી ઝળહળી ઊઠ્યું. ક્રિયાએ વરંડામાંથી ફળિયાની આગળ પાછળ બધી લાઈટ ચાલુ કરી દીધી. ગોબર ફળિયામાં ગાડીના ગરાજ પાસે જમીન પર ચત્તોપાટ પડ્યો હતો. એણે ભરપૂર દારૂ પીધો હતો, તે સમજી શકાય તેમ હતું. એને ઉઠાડવાની કોશિશ કરી, પણ એને હોશ જ નહોતા. ક્રિયા અને ગણેશે એને ઉઠાવીને એના ઘરે ખાટલામાં સૂવડાવ્યો. પછી ગાયોને તપાસી. ગાય-બળદ કોઈને કશી ઈજા થઈ ન હતી, પણ પશુઓ ડરેલાં હતાં તે ચોક્કસ કહી શકાય. ફળિયામાં ગોબરે પથ્થર ફેંકીને નળિયાં તોડી નાંખ્યા હતાં તે આમતેમ પડ્યાં હતાં.

'ગોબર બઉ તોફાન કરતો છે, કાઢી મૂક એને..' જેમ ભલીને ગણેશ પસંદ ન હતો તેમ ગણેશને ગોબર પસંદ ન હતો. ક્રિયા અને ગણેશ નાના હતા ત્યારે સાથે ફરતાં તો ગોબર કાયમ લાકડી લઈને એ બેઉની પાછળ પાછળ ફરતો.

'શી ખબર એણે કર્યું કે કોઈ બીજાએ...' ક્રિયાએ મોઘમમાં જવાબ આપ્યો, પણ પછી વાત વાળી લેવા ગણેશને ટોક્યો,

'અત્યારે એ બધી લપ છોડીને પહેલાં તું મને મદદ કર.' ક્રિયાએ ઊંડો શ્વાસ લીધો.

પણ એક વાતની એને હવે ખાતરી થઈ ગઈ હતી કે અહીં કોઈ પણ સંજોગોમાં ન રહી શકાય. આયા આજે તો બચી ગઈ, પણ ફરી ન પણ બચી શકે. ફળિયું વ્યવસ્થિત કરીને બંને વરંડામાં હીંચકે સોનુબહેનની બાજુમાં શ્વાસ ખાતાં બેઠાં.

'બુયુ, હવે હું રાંધવા જતી છું. તારો બાહાસ ને કાકાસ આવતા જ ખાવા માગશે.'

'આયા, ઊભી રહે...' ક્રિયાએ એમને જતાં અટકાવ્યા, 'તારે કે ગણેશે, બાહાસને અત્યારે બન્યું તે કશું કહેવાનું નથી સમજ્યા?'

'અરે પણ કેમ?' સોનુબહેને વાંધો ઉઠાવ્યો. 'બાહાસ નક્કામી ચિંતા કરે!'

સોનુબહેનનો ચહેરો ચાડી ખાતો હતો કે એમને આ વાત પસંદ નથી પડી, પણ ક્રિયા પર અત્યારે ભરોસો કરવો જરૂરી છે. એ ખુદ પહેલાંની જેમ નોર્મલ થવા ઝઝૂમી રહી છે તો એની વાતનો વિરોધ નથી કરવો. ત્યાં જ ડૉક્ટર રુસ્તમની ગાડી રસ્તા પરથી આવતી દેખાઈ. ક્રિયા હીંચકા પરથી ઊભી થઈ. 'જો જે ગણેશ, બાહાસને કશું કહેતો નહીં.'

'શું કે'વાની વાત કરે છે? કશું થતું છે?' ગણેશના જવાબથી ક્રિયાના ચહેરા પર સ્મિત આવ્યું. ગણેશે ક્રિયાને એ શહેરથી લાવ્યો હતો તે તાળાંઓ આપી દીધા. જે ક્રિયા ફટાફટ પોતાના રૂમમાં મૂકી આવી. ડૉક્ટરની ગાડી ફળિયામાં આવી એ સાથે જ ક્રિયા ઝડપ થી એમની તરફ ગઈ.

'મારા બાહાસને ક્યાં લઈ ગયા હતા?'

"ટારો બાહાસ મને કે'વ, ચાલ રુસ્તમિયા આજે થઈ જાય. ટો મેં કીધું કે થઈ જાય! તે મનુભાઈ કી મોટર ચાલી પમ પમ પમ... ચોપાટી જાયેંગે ને ભેલપૂરી ખાયેંગે..!"

ડૉક્ટર ગીત ગાતાં ગાતાં નાચવા લાગ્યા અને સાથે રવિભાઈ પણ એમની સાથે તાલ મિલાવતા હતા. તે જોઈને ક્રિયાને ખ્યાલ ન આવ્યો કે ડૉક્ટરે સિફતથી એના સવાલનો જવાબ ઉડાવી દીધો છે. બંને જણે પોતે દારૂ પીને આવ્યા છે તેવી એક્ટિંગ કરવામાં સફળ રહ્યા. ક્ષણ બે ક્ષણ માટે ક્રિયા મનોમન બધાંથી નારાજ થઈ ગઈ. અહીં શું શું થઈ રહ્યું છે એનો એમને અંદાજ નથી. એ એકલી ઝઝૂમી રહી છે અને આમને કાંઈ પડી છે? પણ પછી એને જ એ વાત ગમી કે આ બંનેને અહીં જે થયું તે સમયે ન હતા તે સારું જ છે. નકામું ઊંધુંચત્તું થઈ જાત. બાહાસ તો ધારિયું કે કુહાડી લઈને બહાર નીકળી પડે. એટલે જે થયું તે સારું થયું, પણ એ બોલી તો ખરી,

'બાહાસ આપણે સુરત ક્યારે જવું છે?'

"તને કાલ કે'તો છું." ક્રિયા સમજી ગઈ કે અત્યારે બેઉ પીને બેઠા છે એટલે મહત્ત્વની વાત કરવાનો કોઈ અર્થ નથી.

રાતે ભલી આવી પછી એટલે ક્રિયા એને બોલાવીને ગોબરે જે તોફાન કર્યું તે બાબતે માહિતગાર કરી અને ગોબરનું ધ્યાન રાખવાની સૂચના આપી. ત્યારે ભલી એટલું જ બોલી, 'બાઈ, મારા ઘરમાં દારૂ જ નથી... 'ને ગોબર તો આટલું પીતો પણ નથી.' ભલી ગોબરનો બચાવ કરે છે તે ક્રિયા સમજી ગઈ. એ પરવારીને પોતાના રૂમમાં ગઈ. રવિભાઈના રૂમમાંથી એમનો અને ડૉક્ટરનો હસવાનો અવાજ આવતો હતો. હવે એના માટે મોટો પ્રશ્ન એ હતો કે કંઈ રીતે આ પટેલને અટકાવવો? સમય વખતે તે ગાફેલ રહી હતી, રાધર ઓવર કૉન્ફિડન્ટ કે પોતે સાથે છે પછી સમયનું કોઈ શું બગાડી શકે! પણ એ ગલતફહેમી હતી. હવે ગાફેલ રહેવું પોસાય તેમ નથી.

'બુયુ, લે આ દૂધ પી જા!' બાહાસ એને ગંઠોડાવાળું દૂધ આપવા આવ્યા, ક્રિયાએ દૂધ પી લીધું એટલે ગ્લાસ લઈને એ બહાર આવ્યા અને એમણે ડૉક્ટરની સામે થમ્સઅપની નિશાની કરી. ડૉક્ટરે દૂધમાં ઊંઘ માટેની લાઈટ મેડિસિન ભેળવી હતી. પાંચ મિનિટમાં ક્રિયા ઘસઘસાટ ઊંઘી ગઈ.

એ પછી ડૉક્ટર અને રવિભાઈ બંને ઘર બહાર નીકળ્યા હતા અને સોનુબહેને એમને પૂછ્યું,

'રાતે ક્યાં જતાં છો?'

"તું સૂઈ જા. કશે જતાં જ નથી, બુયુને કશું કે'તી ન'ઈ." સોનુબહેન આ સાંભળીને મૂંઝાઈ ગયાં,

"બુયુ કે'તી છે બાહાસને કે'તી ન'ઈ, ને તું કે'તો છે બુયુને કે'તી નઈ... કરતાં શું છે બાપ દીકરી તે જ ખબર નથી!"

સોનુબહેન બોલ્યાં તે સાંભળવા માટે ડૉક્ટર કે બાહાસ ઘરમાં હાજર ન હતા, પણ એમણે સાંભળ્યું હોત તો સારું હતું.

(ક્રમશઃ)

નવા વર્ષમાં નવી શરૂઆત

તમને પીરસીશું ન્યૂઝ ઉપરાંત
બીજી ઘણી બધી વાત

VTV
ગુજરાતી

VTVGUJARATI.COM

VTVGujarati

Pioneer in spices since 60 years

JHAVERI's MAST !

Desh ka Swad

Rajashahi Garam Masala

Available in 10g, 50g, 100g, 200g, 500g, 1kg & 5kg

jspl JHAVERI SPICES PVT. LTD.

Email: info@mastspices.com | Call 1 800-313-3424 | www.mastspices.com

Now Available on amazon | Flipkart | JioMart

R.No. MNW/280/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 4384/86 LICENCE TO Tech/RO/AHD/LPW/Misc./2021-23 POST AT PSO, AHD-380 002 ON SATURDAY 27-11-2021. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015